ઇન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

પ્રથમ વર્ષ બી.એ.

# ઈતિહાસ: પેપર – 01

(મુખ્ય વિષય તથા પ્રથમ ગૌણ)

# પ્રાચીન ભારતનો ઈતિહાસ

(પ્રાગ ઐતિહાસિકકાળથી ઈ.સ.પૂર્વેની ૪થી સદી સુધી)

વિભાગ

# 2

## હડપ્પા સંસ્કૃતિ (Harappan Civilization)


**એકમ 5**

**પૂર્વગામી ઇતિહાસ, કાલક્રમ અને ભૌગોલિક વિસ્તાર (Antecedents, Chronology and Geographical Spread)** 7

**એકમ 6**

**ભૌતિક લાક્ષણિકતાઓ (Material Characteristics)** 18

**એકમ 7**

**સંપર્કોનું સ્વરૂપ (Nature Characteristics)** 31

**એકમ 8**

**સમાજ અને ધર્મ (Society and Religion)** 41

**એકમ 9**

**ફેલાવો અને પડતી (Diffusion and Decline)** 51

## Expert Committee

Prof. K.N. Panikkar (Chairman)

Prof. B.D. Chattopadhyaya

Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A.J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic History and Culture
Calcutta University, Calcutta

Prof. Gyan Pandey
History Department
Delhi University, Delhi

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. Kapil Kumar (Convenor)
Dr. A.R. Khan
IGNOU, New Delhi

## Course Preparation Team

Dr. P.K. Basant
History Department
Jamia Millia Islamia
New Delhi

Prof B.D. Chattopadhyaya *(Course Editor)*

Prof. S. Bhattacharya *(Consultant)*
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

**Faculty Members : Indira Gandhi National Open University**

Dr. Kapil Kumar } *(Course Coordinators)*
Mr. Salil Misra }

Dr. A.R. Khan

Mr. Ajay Mahurkar

Mr. Swaraj Basu

Ms. Sangeeta Joshi

## Production

Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU

આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી– (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*

*Further information on the Indira Gandhi National Open University courses may be obtained from the University's Office at Maidan Garhi, New Delhi-110 068*

Printed at : Sudarshan Graphics, Ahmedabad - 380028. Ph. : 079-25430560

## અનુવાદ :

| | |
|---|---|
| ડૉ. ચિનુભાઈ જે. નાયક | નિવૃત્ત આચાર્ય, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. પ્રિયબાળાબહેન શાહ | નિવૃત્ત પ્રાધ્યાપિકા, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. સુધા એન. મહેતા | નિવૃત્ત પ્રાધ્યાપિકા, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ |
| ડૉ. શ્રીદેવી મહેતા | રીડર, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક સંશોધન તાલીમ કેન્દ્ર, અમદાવાદ |

## પરામર્શ (વિષય) :

| | |
|---|---|
| ડૉ. આર. એલ. રાવલ | નિવૃત્ત પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. એચ. બી. પરીખ | અમદાવાદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| પ્રો. રસેશ જમીનદાર | નિવૃત્ત પ્રાધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

## પરામર્શ (ભાષા) :

| | |
|---|---|
| ડૉ. યોગેન્દ્ર વ્યાસ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. રંજના હરીશ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

## સંપાદન અને સંયોજન :

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**પ્રકાશક**
એસ. એચ. બારોટ, મદદનીશ રજિસ્ટ્રાર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સરકારી બંગલા નંબર - 9, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 004 ટે.નં. 7869690
© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ 2 હડપ્પા સંસ્કૃતિ (Harappan Civilization)

હડપ્પા અને મોહેં-જો-દરોના વીસમી સદીના ઉત્ખનને ભારતીય ઇતિહાસ વિશેનો આપણો ખ્યાલ બદલી નાખ્યો. આ ઉત્ખનન પહેલાંનાં લખાયેલાં ઇતિહાસનાં પુસ્તકોમાં શરૂઆત ઈ.સ.પૂ. 12મા સૈકાથી શરૂ થતા વૈદિક સમાજથી કરવામાં આવતી અને શહેરો અને સંસ્કૃતિઓ ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાની આસપાસ ઉદ્ભવ્યાં એમ મનાતું. પરંતુ હડપ્પાની સંસ્કૃતિની શોધથી સમગ્ર દૃષ્ટિ બદલાઈ ગઈ. કારણ ઈ.સ.પૂ. 2500ની આસપાસનાં શહેરો શોધાયાં ત્યારથી આજ સુધી હડપ્પા સંસ્કૃતિની શોધે ભારતીય ઇતિહાસમાં ખૂબ મહત્ત્વનાં સ્થળોની ભેટ આપી. શોધ અને ઉત્ખનને નવી વસાહતો અને સંશોધનના નવા તરીકાઓએ હડપ્પા વિશેની આપણી માહિતીને સમૃદ્ધ કરી. જેમ જેમ નવાં સ્થળો શોધાતાં જાય છે તેમ તેમ આપણા હડપ્પા સંસ્કૃતિ વિશેના ખ્યાલ પણ કેટલીક ભ વષ્યની શોધોને કારણે મૂળમાંથી કદાચ બદલાતા જાય.

એકમ 5માં આપણે ચર્ચા કરી છે કે કઈ પદ્ધતિથી વિદ્વાનોએ હડપ્પા સંસ્કૃતિનો કાલક્રમ નક્કી કર્યો છે. છેલ્લાં 20 વર્ષના ઉત્ખનને એ બતાવ્યું છે કે પહેલાં મનાતું હતું તેમ હડપ્પાનાં નગરો એકાએક ઊભાં થયાં નથી. તેમની પશ્ચાદ્ભૂમાં ઉદ્ભવેલો કૃષિ સમાજ હતો. આ કૃષિકારોએ ઈ.સ.પૂ. 4000 વર્ષના ગાળામાં નાનાં નાનાં ગામો ઊભાં કર્યાં હતાં.

એકમ 6માં હડપ્પીઓનાં સામાજિક માળખાં અને નગર આયોજનની ચર્ચા કરવામાં આવી છે. હડપ્પાની લિપિ ઉકેલાઈ શકાઈ ન હોવાથી જે કાંઈ અવશેષો પ્રાપ્ત થયા છે તેના આધારે દલીલો અને અનુમાનો કરવામાં આવ્યાં છે.

એકમ 7માં હડપ્પાના વેપાર વિશે ચર્ચા કરવામાં આવી છે. હડપ્પાનાં નગરોએ આજુબાજુના પ્રદેશોમાંથી સંપત્તિનો લાભ લીધો છે. તેઓએ આંતરરાષ્ટ્રીય વેપાર જે મેસોપોટેમિયાને જોડતો હતો તેમાં પણ હિસ્સો આપ્યો છે.

ધર્મ અને આધ્યાત્મિક વિદ્યાનાં અનુમાનો એ પ્રાચીન સંસ્કૃતિનાં મહત્ત્વનાં લક્ષણો છે. આદર્શો અને આધ્યાત્મિક વિદ્યાને લગતા ધર્મનું સ્વરૂપ લખાણ વગર સમજવું મુશ્કેલ છે. તેથી એકમ 8માં રજૂ થયેલા હડપ્પાના ધર્મ વિશેના ખ્યાલ કંઈક અનુમાનો પર આધારિત છે. આથી વિવિધ મળી આવેલી ચીજો કેટલાક ધાર્મિક 'હેતુ'ની માન્યતા ઉપરની ચર્ચા છે. છતાં તેના નિર્ણયો મોટે ભાગે કામચલાઉ છે.

હડપ્પાનાં નગરોનો અંત વિદ્વાનો માટે કોયડારૂપ છે. એકમ 9માં હડપ્પા સંસ્કૃતિના અંત વિશેની વિવિધ અટકળોને સમજવાની ચર્ચા કરી છે. આ એકમ હડપ્પા સંસ્કૃતિનું તેના પછીના ઇતિહાસના સમયમાં જેનું અસ્તિત્વ રહ્યું છે તેનું મૂલ્યાંકન કરે છે.

# એકમ 5 પૂર્વગામી ઇતિહાસ, કાલક્રમ અને ભૌગોલિક વિસ્તાર (Antecedents, Chronology and Geographical Spread)

**રૂપરેખા**

5.0 ઉદ્દેશો
5.1 પ્રસ્તાવના
5.2 પ્રાચીન શહેરોની શોધ
5.3 હડપ્પા સંસ્કૃતિનો સમય
5.4 તેને હડપ્પન સંસ્કૃતિ શા માટે કહેવાય છે ?
5.5 હડપ્પાની સભ્યતા પૂર્વેની માહિતી
5.6 ભૌગોલિક લક્ષણો
5.7 કૃષિનો ઉદ્ભવ અને ઠરીઠામ થયેલાં ગામડાં
5.8 શરૂઆતનો હડપ્પાનો સમય
5.8.1 દક્ષિણ અફઘાનિસ્તાન
5.8.2 કવેટા ખીણ
5.8.3 મધ્ય અને દક્ષિણ બલુચિસ્તાન
5.8.4 સિંધુ વિસ્તાર
5.8.5 પંજાબ અને બહાવલપુર
5.8.6 કાલિબંગન
5.9 હડપ્પાની સભ્યતાનો ઉદ્ભવ
5.10 સારાંશ
5.11 ચાવીરૂપ શબ્દો
5.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 5.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે શીખી શકશો કે -

- હડપ્પન સંસ્કૃતિ કેવી રીતે શોધાઈ,
- તેનો કાળક્રમ કેવી રીતે નક્કી થયો,
- ગ્રામ્ય જાતિઓ ધીરે ધીરે હડપ્પા સંસ્કૃતિનો કેવી રીતે ભાગ બની, અને
- હડપ્પન સંસ્કૃતિનો ભૌગોલિક વિસ્તાર.

## 5.1 પ્રસ્તાવના

વિભાગ 1માં તમે માનવજાતનો વિકાસ શિકારી સમાજમાંથી કૃષિ સમાજમાં કેવી રીતે થયો તે શીખ્યા. કૃષિની શોધે માનવ સમાજમાં ઘણા મહત્ત્વના ફેરફારો આણ્યા. એક મહત્ત્વનું પરિણામ તે શહેરો અને સભ્યતાનો ઉદ્ગમ. આ એકમમાં તમને આવી જે સભ્યતાના જન્મના પરિચયથી વાકેફ કરવામાં આવશે તે છે હડપ્પન સભ્યતા.

## 5.2 પ્રાચીન શહેર શોધાયું (An old city is discovered)

ઈ.સ.1826માં ચાર્લ્સ મેસન નામના અંગ્રેજે પશ્ચિમ પંજાબ(હાલ પાકિસ્તાન)માં હડપ્પા નામના ગામની મુલાકાત લીધી. તેણે ધ્યાન ખેંચે તેવી દીવાલો અને ઘણી જૂની વસાહતોના મીનારાની નોંધ કરી. તે માનતો હતો કે આ શહેર મહાન એલેકઝાન્ડરના વખતનું હોવું જોઈએ. 1872માં વિખ્યાત પુરાતત્ત્વવિદ્ સર એલેકઝાન્ડર કનિંગહામ આ સ્થળે આવ્યો. આ પ્રદેશની આજુબાજુના લોકોએ તેને કહ્યું કે હડપ્પાના આ ઊંચા ટેકરા હજારો વર્ષના જૂના શહેરના ભાગ છે. અહીંના રાજાના ઘાતકીપણાને લીધે તેનો નાશ થયો છે. કનિંગહામે આ પ્રદેશના કેટલાક પુરાતત્ત્વીય અવશેષો એકત્ર કર્યા. પરંતુ તે નક્કી ન કરી શક્યા કે ઇતિહાસના કયા સમયગાળાના આ અવશેષો છે. તે માત્ર એટલું જ સમજ્યો કે આ અવશેષો કદાચ ભારતની બહારના હશે. આ રીતે પોતે ગામ લોકોના અભિપ્રાય સાથે સંમત થયા કે આ શહેર હજારેક વર્ષ જૂનું છે. 1924માં બીજા પુરાતત્ત્વવિદ્ જ્હોન માર્શલે હડપ્પા વિશે નોંધ્યું કે આ સભ્યતા ઘણા લાંબા સમયથી ભુલાઈ ગયેલી શોધ છે. આ સભ્યતા ઇજિપ્ત અને મેસોપોટેમિયા જેટલી જૂની છે. એ શું વિચિત્ર નથી ? આ પ્રદેશની આજુબાજુના લોકો આ શહેરોના પ્રાચીન અવશેષો વિશે બેપરવા હતા. ત્યારબાદ એક પુરાતત્ત્વવિદે આવીને જાણ કરી કે આ શહેર પાંચ હજાર વર્ષ જૂનું છે. લોકો અને વિદ્વાનો આવા ભિન્ન વિચારો કેવી રીતે ધરાવી શકે ? તો પછી આ જૂના પ્રદેશનો સમય નક્કી કરવાની તેમની કઈ પદ્ધતિઓ હોઈ શકે ?

## 5.3 હડપ્પાની સંસ્કૃતિનો સમય (The Age of the Harappan Civilization)

પુરાતત્ત્વવિદો પ્રાચીન જુદીજુદી વસાહતો કેટલી જૂની છે તે શોધવા વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. કનિંગહામના મતે હડપ્પન સંસ્કૃતિ એક હજાર વર્ષ જૂની છે. પરંતુ, માર્શલ એવા નિર્ણય ઉપર કેમ આવ્યા કે હડપ્પન સંસ્કૃતિ પાંચ હજાર વર્ષ જૂની છે ! માર્શલે મુદ્રાઓ, મુદ્રાંકનો, લેખિત લિપિ અને કલાના નમૂનાઓ હડપ્પામાંથી શોધ્યાં તે તમામ બીજા વિદ્વાનો જેનાથી પરિચિત હતા તેથી તદ્દન જુદાં હતાં. જે ઘણા પછીના સમયનાં હતાં. આવા જ અવશેષો બીજા સ્થળ સિંધના મોહેં-જો-દરોમાંથી પ્રાપ્ત થયા હતા. બૌદ્ધ મઠ કે જે કુશાણ સમયનો હતો તેની નીચે મોહેં-જો-દરોની વસાહત હતી. પ્રાચીન સમયમાં જો કોઈ ઘર પડી જાય તો તેની ઈંટો અને માટી લોકો પોતાના ઘરનો પાયો બનાવવા વાપરતા અને તેના ઉપર બીજું મકાન થતું. આથી જો પુરાતત્ત્વવેત્તા કોઈ સ્થળનું ખોદકામ કરે અને કોઈ મકાનની નીચેથી બીજા મકાનના અવશેષો પ્રાપ્ત થાય

સમયનું પ્રાપ્ત કરે છે (જેમ વધારે ઊંડું તેમ તે વધારે જૂનું). આ પ્રમાણે માર્શલ શોધી શક્યા કે બૌદ્ધ મઠ નીચેનાં મકાનો કુશાણ સમય કરતાં વધારે જૂનાં હોવાં જોઈએ. આ વસાહતમાં વસતા લોકોને લોખંડના ઉપયોગની જાણકારી ન હતી. આનો અર્થ એટલો જ કે આ શહેરો એ સમયનાં હતાં કે જ્યારે લોખંડનો ઉપયોગ વપરાશમાં ન હતો. લોખંડનો વપરાશ ઈ.સ.પૂ. 2000ની શરૂઆતમાં થયો. જ્યારે માર્શલે પોતાની

પ્રાપ્ત કર્યા હતા. મેસોપોટેમિયાનાં શહેરો ઈ.સ.પૂ. 3000માં અસ્તિત્વમાં આવ્યાં હતાં. આ રીતે મેસોપોટેમિયાનાં પ્રાચીન શહેરોમાંથી હડપ્પન સંસ્કૃતિની ચીજો શોધી શકાય તો તે સ્પષ્ટ હતું કે હડપ્પાના લોકો આ સમયગાળામાં રહેતા હતા. આ પુરાવાથી વિદ્વાનો એવા નિર્ણય ઉપર આવ્યા કે સ્થાનિક લોકો અને કનિંગહામના ખ્યાલ ખોટા હતા. હડપ્પાના સમયની માર્શલની કાલગણના સમય નક્કી કરવાની હડપ્પાના સમયની જેને 'Radio Carbon Dating' નો તેને ટેકો છે. આ પ્રમાણે વિદ્વાનો પ્રાક્-હડપ્પન અને હડપ્પન સંસ્કૃતિની કાલગણના સ્વીકારે છે તે નીચે પ્રમાણે છે :

**પ્રાક્-હડપ્પન અને હડપ્પન સંસ્કૃતિની કાલગણના**

| | | |
|---|---|---|
| ઈ.સ.પૂ 5500 થી ઈ.સ.પૂ. 3500 | નૂતન પાષણ કાળ | બલુચિસ્તાન અને સિંધુના મેદાનમાં વસાહતો જેવી કે મેહરગઢ અને કિલિઘુલ મહમ્મદ ઊભી થઈ. પશુપાલનની સાથે મર્યાદિત ખેતી અને મોસમ પ્રમાણેના ગ્રામ્ય ધંધાની સાથે કાયમી ગામડાં ઊભાં થયાં. ઘઉં, બાજરી, ખજૂર, સૂતર અને ઘેટાં, બકરાં અને પશુઓની જાણકારી થઈ. માટીનાં મકાનો, માટીકામનાં વાસણો અને કલાકારીગરીના ઉત્પાદનોના પુરાવાઓ શોધી શકાયા. |
| ઈ.સ.પૂ. 3500 થી ઈ.સ.પૂ.2600 | પ્રારંભકાલીન (પ્રાચીન) હડપ્પન | ઘણી વસાહતો ટેકરીઓ ઉપર અને મેદાનોમાં સ્થિર થઈ. આ સમય દરમ્યાન મોટી સંખ્યામાં ગામડાં ઊભાં થયાં. ત્રાંબાં, સમય પૈડું અને હળનો ઉપયોગ થવા લાગ્યો. માટીકામનાં વિવિધતાપૂર્ણ સ્વરૂપો ઘણી પ્રાદેશિક પ્રણાલીની શરૂઆત દર્શાવે છે. અનાજના કોઠાર, રક્ષણાત્મક દીવાલો અને લાંબા અંતરના વ્યાપારની પ્રવૃતિના પુરાવા સાંપડે છે. ધીરેધીરે સિંધુખીણના વિસ્તારમાં એક જ સ્વરૂપના માટીકામનો ઉદ્‌ભવ થયો. આ ઉપરાંત પીપળો, મોટી ખૂંધવાળા આખલા, નાગ, શિંગડાંવાળા દેવ વગેરેની આકૃતિઓની શરૂઆત આ સમય દરમ્યાન થઈ હતી. |
| ઈ.સ.પૂ. 2600 થી ઈ.સ.પૂ.1800 | (સમૃદ્ધ) પરિપકવ હડપ્પન સમય | મોટાં શહેરોનો ઉદ્‌ભવ, એકસરખા પ્રકારની ઈંટો, વજનિયાં, મુદ્રાઓ, મણકાઓ (પારાં) અને માટીનાં વાસણો તૈયાર થયાં. વ્યવસ્થિત નગર યોજના અને લાંબા અંતરના વેપાર શરૂ થયા. |
| ઈ.સ.પૂ.1800 થી આગળ | પશ્ચાતકાલીન હડપ્પન સમય | ઘણાં હડપ્પન સ્થળો ત્યજી દેવાયાં. આંતરપ્રદેશોનો વ્યવહાર ઘટવા લાગ્યો. લખાણ અને શહેરીજીવન ત્યજી દેવાયું, તેમ જ હડપ્પન હુન્નર અને માટીનાં વાસણોની પ્રણાલી ચાલુ રહી. પંજાબ, સતલજ-જમનાના દોઆબ અને ગુજરાતની ગ્રામ્ય સંસ્કૃતિઓએ હડપ્પાની કલાકારીગીરી અને માટીનાં વાસણોની પ્રણાલી અપનાવી. |


## 5.4 શા માટે તેને હડપ્પાની સભ્યતા કહેવામાં આવે છે ? (Why it is called Harappan Civilization)

હડપ્પન શોધની શરૂઆતથી એક જ પ્રકારનાં લક્ષણોવાળી લગભગ હજાર જેટલી વસાહતો શોધાઈ. વિદ્વાનોએ તેને 'સિંધુ ખીણ સંસ્કૃતિ' નામ આપ્યું કારણકે મોટા ભાગની વસાહતો સિંધુ નદી અને તેની શાખાઓનાં મેદાનોમાંથી મળી આવી હતી. જોકે પુરાતત્ત્વવિદો તેને 'હડપ્પન સભ્યતા' કહેવાનું પસંદ કરે છે. કારણ પુરાતત્ત્વવિદ્યામાં એક પ્રચલિત રિવાજ છે કે જ્યારે પ્રાચીન સંસ્કૃતિનું વર્ણન કરવામાં આવે ત્યારે તેને તે સ્થળના અર્વાચીન નામથી ઓળખવામાં આવે છે કે જ્યાં તે સંસ્કૃતિ સૌ પ્રથમ અસ્તિત્વમાં આવી. આપણે હજુ જાણતા નથી કે તે લોકો પોતાની જાતને શું કહેતા હશે કારણ હજુ સુધી તેનું લખાણ વાંચી શકાયું નથી. આ પ્રમાણે તેમને આપણે હડપ્પન કહીએ છીએ, કારણ અર્વાચીન સ્થળ હડપ્પા કે જ્યાંથી ભુલાઈ ગયેલી સભ્યતાના પુરાવાઓ સૌ પ્રથમ આપણા સમયમાં ખોદી કાઢવામાં આવ્યા છે.

## 5.5 હડપ્પાની સભ્યતા પૂર્વેની માહિતી (Antecedents of the Harappan Civilization)

જ્યારે આપણે "હડપ્પન સભ્યતા" એવી સંજ્ઞા વાપરીએ છીએ ત્યારે આપણે ઈ.સ.પૂ. 3000માં મોટી સંખ્યામાં જે શહેરો, નગરો અને ગામડાં ઉદ્‌ભવ્યાં તેનો નિર્દેશ કરીએ છીએ. મોટા ભૌગોલિક વિસ્તારમાં આ નગરો અને ગામડાંઓ એકબીજાના સંપર્કમાં આવ્યાં હતાં. આ ભૌગોલિક વિસ્તાર એટલે આજનું રાજસ્થાન, પંજાબ,

**નકશો -1 : શરૂઆતના હડપ્પાના સમયનાં સ્થળો.**




ગુજરાત, પાકિસ્તાન અને તેની આસપાસના કેટલાક પ્રદેશ. જો આપણે હડપ્પન સભ્યતાના ઉદ્‌ગમ પહેલાંના

સમયમાં આ પ્રદેશમાં વસતા લોકોના અવશેષોનો અભ્યાસ કરીએ તો આપણને આ શહેરો કેવી રીતે ઉદ્ભવ્યાં તેનો કંઈક ખ્યાલ આવે. વિદ્વાનો માને છે કે પ્રાચીન કાળમાં શહેરો ઉદ્ભવ્યાં તે પહેલાં લોકો નાનાં ગામોમાં વસતા હતા. આથી એવો પ્રશ્ન ઉદ્ભવે કે હડપ્પાના પૂર્વજો ગામડાંમાં અને નગરો બંધાયાં તે પહેલાં શું કરતા હતા ? હડપ્પાના લોકોના પૂર્વજો ગામડામાં અને નાનાં નગરોમાં વસતા હતા તેવા પુરાવાઓ મળે છે. તેમાંના કેટલાક પશુપાલન જેવી પ્રવૃત્તિમાં હતા જ્યારે કેટલાક વેપારમાં (જોડાયેલા) હતા. હડપ્પન સભ્યતા લાંબા સમયના કૃષિ અને અર્ધ-વિચરતી ટોળીના વિકાસની પરાકાષ્ઠા રજૂ કરે છે તેથી આપણે હડપ્પન સભ્યતાના પ્રાક્-ઇતિહાસનું અવલોકન કરીએ. આપણે તેમની ભૂગોળ સમજવાથી શરૂઆત કરીએ.

## 5.6 ભૌગોલિક લક્ષણો (Geographical Features)

હાલના પાકિસ્તાનનો અને ભારતનો વાયવ્યનો પ્રદેશ હડપ્પન સભ્યતાનો મુખ્ય ભાગ છે. આ પ્રદેશની આબોહવા સૂકી અને ઓછો વરસાદ તેનું લક્ષણ છે. છતાં પણ આ પ્રદેશમાં કેટલીક અગત્યની ભિન્નતા જોવા મળે છે. પંજાબ અને સિંધનો પ્રદેશ સિંધુ નદીના કાંપના સપાટ મેદાનોથી ભરપૂર છે, જ્યારે બલુચિસ્તાનનો પ્રદેશ ઊભા ખડકાળ ટેકરાઓનો છે. બલુચિસ્તાનના ઉત્તર પૂર્વની ખીણની નીચેના ભાગમાં ખેતીની કેટલીક શક્યતાઓ છે. આ પ્રદેશમાં બીજા પ્રકારના લોકો રહે છે તેઓનું ગ્રામ્યજીવન ઢોરોને ચરાવીને પેટ ભરતા ભટકતા માનવીઓનું છે. આ વિચરતા માનવીઓ ઘેટાંબકરાં અને પશુઓના ટોળાંને ઉચ્ચપ્રદેશમાંથી નિમ્નપ્રદેશમાં ચરાણની શોધમાં ફેરવતા હતા. આ સરહદનો પ્રદેશ સિંધુનાં મેદાનો ને પૂર્વ-ઈરાનના ઉચ્ચ પ્રદેશ સાથે સંકળાયેલ છે. આ ખડકાળ પ્રદેશમાં ઘણા ઘાટ છે જેવા કે ખૈબર, ગોમલ, અને બોલન. આ ખડકાળ પ્રદેશો ભટકતી ટોળીઓ, વેપારીઓ, સૈનિકો (લશ્કર) અને લોકોના વિવિધ સમૂહો માટે અવારનવાર ધોરીમાર્ગ તરીકે વપરાતો હતો. બલુચિસ્તાનના ઉચ્ચપ્રદેશની વસ્તી અને સિંધુનાં મેદાનોમાં રહેતા લોકો ઈરાનના લોકો સાથે આ ભૌગોલિક લક્ષણોથી સંકળાયેલા હતા. હડપ્પન સભ્યતાની આબોહવા અને ભૂમિ-પ્રાકૃતિક સામ્ય ઈરાન અને ઇરાકના સરહદ પ્રદેશો સાથે છે તેથી વિદ્વાનો એમ માનવા પ્રેરાયા છે કે કૃષિ પ્રજા આ પ્રદેશમાં લગભગ તે જ સમયે ઉપસ્થિત થઈ હશે. ઈરાન અને ઇરાકમાં ખેતી ઈ.સ.પૂ. 8000 માં શરૂ થઈ. આથી આપણે એ જોવાનો પ્રયાસ કરીએ કે સિંધુ ક્ષેત્ર અને તેની આસપાસમાં ખેતી શરૂ થવાના ક્યા પુરાવા પ્રાપ્ત થાય છે.

## 5.7 કૃષિનો ઉદ્ભવ અને ઠરીઠામ થયેલાં ગામડાંઓ (Origins of agriculture and settled villages)

કૃષિ કોમની ઉત્પત્તિના સૌથી જૂના પુરાવાઓ પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રદેશના બોલન ઘાટ પાસે આવેલા મહેરગઢમાંથી જોવા મળે છે. (જુઓ વિભાગ-1 ના એકમ 4). ઈ.સ.પૂ. 5000ની આસપાસ લોકોનું કામચલાઉ રહેઠાણ સ્થિર ગામડાંમાં ફેરવાઈ ગયું હતું. આ સ્થળના લોકો ઘઉં, બાજરો, કપાસ અને ખારેક પકવતા હતા અને ઘેટાં, બકરાં અને પશુઓની સંભાળ રાખતા હતા. મહેરગઢ એવા સ્થળે આવેલું છે કે જ્યાં સિંધુના કાંપના પ્રદેશો અને ઊંચાનીચા ખડકાળ પ્રદેશોને ઇન્ડો-ઈરાનીઅન સરહદની જમીનને જોડે છે. મહેરગઢના લોકો માટીના ઘરમાં રહેતા હતા. આ ઘરોમાં કેટલીક વાર પાંચથી છ ઓરડાઓ હતા. ઈ.સ.પૂ. 3000ની મધ્યમાં ઘણાં નાનાં અને મોટાં ગામડાંઓ સિંધુ, બલુચિસ્તાન અને અફઘાનિસ્તાનના પ્રદેશની આસપાસ ઊભાં થયાં. તેમાંની વધારે જાણીતી વસાહત બલુચિસ્તાનમાં કિલિઘુલ મહમ્મદમાં અને અફઘાનિસ્તાનમાં મુંડીગકમાં હતી. સિંધુના પૂરવાળાં મેદાનોમાં હડપ્પાની પાસે જાલીલપુર જેવાં ગામડાંઓ અસ્તિત્વમાં આવ્યાં. જે ક્ષણે આ કૃષિકારોને ખ્યાલ આવ્યો કે સિંધુના પૂરવાળાં મેદાનો વધારે ફળદ્રુપ છે કે તરત જ અહીં ગામડાંની સંખ્યા અને કદમાં વધારો થવા લાગ્યો. ધીરેધીરે તરત જ આ કૃષિ પ્રજા સિંધુનાં મેદાનોનો લાભ લેવાનું અને સિંધુના પૂરના પ્રદેશોને નાથવાનું શીખી ગઈ. એકરમાં (જમીનમાં) જે વવાતું તેનાથી વધારે ને વધારે પ્રાપ્ત થવા લાગ્યું. આને કારણે સિંધ, રાજસ્થાન, બલુચિસ્તાન અને બીજા પ્રદેશોમાં સંખ્યાબંધ વસાહતો વધવા લાગી. પથ્થરની ખાણો અને તેમને ઉપયોગી બીજી ખાણોનો તેઓ લાભ લેવા લાગ્યા. ગ્રામ્ય જીવનના પશુપાલન કરતી વિચરતી ટોળીના અસ્તિત્વના કામચલાઉ વસાહતોના પણ પુરાવાઓ પ્રાપ્ત થયા છે. આવી વિચરતી પ્રજાનાં જૂથોએ જે કાંઈ બીજા પ્રદેશમાંથી ઉપયોગી હતું તેની માહિતી દ્વારા કૃષિકારોને મદદ કરી. એ રીતે વિચરતી જાતિઓએ પોતાની વ્યાપારિક પ્રવૃત્તિઓમાં કૃષિ જાતિઓને જોડી કારણ કે તેઓએ પોતાની મુસાફરીમાં આ પ્રદેશને આવરી લીધો હતો. આ બધાના પરિણામે નાનાં નગરો વિકાસ પામ્યાં. આ નવા વિકાસના ગાળાને "પ્રાચીન હડપ્પન" કહેવામાં આવે છે, કારણ કે સિંધુના તમામ પ્રદેશમાં કેટલુંક સામ્ય જોવા મળે છે.

**તમારી પ્રગતિ તપાસો (ક)**

1 નીચેનાં વિધાનો વાંચો અને ખરા ( ✓ ) અથવા ખોટા ( ✗ ) ની નિશાની કરો :

(1) જ્હોન માર્શલે કહ્યું કે હડપ્પન સભ્યતા પાંચ હજાર વર્ષ જૂની છે. ( )

(2) હડપ્પન વસાહતના લોકો લોખંડ ઉપયોગથી વાકેફ હતા. ( )

(3) 'હડપ્પન' સભ્યતા કહેવાય છે કારણ કે હડપ્પા સૌ પ્રથમ શોધાયું હતું. ( )

(4) આપણી પાસે એવું સૂચવવાના પુરાવાઓ છે કે હડપ્પનના પૂર્વજો મોટા શહેરોમાં રહેતા હતા. ( )

2. પ્રાચીન હડપ્પન સંસ્કૃતિનાં ભૌગોલિક લક્ષણો વિશે દશ લીટી લખો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## 5.8 શરૂઆતનો હડપ્પાનો સમય (The Early Harappan Period)

હડપ્પન સભ્યતાના ઉદ્‌ભવ પહેલાંની કેટલીક વસાહતોની સ્થિતિની આલોચના આપણે કરીએ. ઘણા વિદ્વાનો આ સમયને 'પ્રારંભકાલીન હડપ્પન સમય' કહે છે, કારણ તેઓ માને છે કે આ સમય હડપ્પન સભ્યતાના ઉદ્‌ભવનો યુગ હતો. કેટલાક પુરાવાઓ આ સાંસ્કૃતિક સંગમના વલણમાં જણાયા છે.

### 5.8.1 દક્ષિણ અફઘાનિસ્તાન (Southern Afghanistan)

દક્ષિણ અફઘાનિસ્તાનમાં એક સ્થળ છે જે મુંડીગક તરીકે જાણીતું છે. આ સ્થળ વ્યાપારના માર્ગમાં આવેલું છે. તેથી પ્રારંભકાલીન હડપ્પન સમયના આ સ્થળના વતનીઓ જે ઓજારો વાપરતા હતા તેનું સામ્ય એક બાજુ ઈરાનનાં નગરો અને બીજી બાજુ બલુચિસ્તાનનાં નગરોમાં ઉપયોગ થતાં ઓજારો સાથે છે. કેટલીક વિચરતી ટોળીના લોકોનો સામાન્ય પડાવ ધીરેધીરે અસરકારક મોટાં નગરોમાં પરિણમ્યો. સૂર્યના તાપથી પકવેલી ઈંટોના સમચોરસ બુરજો સાથેની સંરક્ષણાત્મક દીવાલ હોવાના પુરાવાઓ મળ્યા છે. એક મોટું મકાન કે જેમાં થાંભલાઓની હાર છે તેને મહેલ તરીકેની ઓળખ આપેલી છે. એક મોટી ઇમારત (મકાન) મંદિર જેવી લાગે છે. આ સ્થળેથી વિવિધ પ્રકારનાં માટીનાં વાસણો મળી આવ્યાં છે. આ માટીનાં પાત્રો પર તેઓએ પ્રાકૃતિક સુશોભનો જેવાં કે પક્ષીઓ, જંગલી બકરાં (ibex), બળદો અને પીપળાનાં વૃક્ષો દોરેલાં છે. અહીંથી મળેલી પકવેલી માટીની સ્ત્રી આકૃતિઓ (માતૃકાઓ) બલુચિસ્તાનમાં સમકાલીન સમયથી મળેલી માતૃકાની આકૃતિઓ જેવી છે. તેઓ મિશ્રધાતુ જેવી કે કાંસા (bronze)નાં તીરકામઠાં અને વાંસલા વાપરતા. વૈદર્ય (Lapis-lazuli) મણિ જેવા અર્ધ- કીમતી પથ્થરોનો ઉપયોગ તેઓનો ઈરાન અને મધ્ય એશિયા સાથેનો સંપર્ક દર્શાવે છે, કારણ કે આવા પથ્થરો સ્થાનિક વિસ્તારમાં મળે તેમ નથી.

### 5.8.2 ક્વેટા ખીણ (Quetta Valley)

મુંડીગકના અગ્નિકોણમાં ક્વેટાની ખીણ આવેલી છે. અહીં Damb Sadaat (ડાંબ સદાત) નામનું સ્થળ આવેલું છે. અહીં મોટાં મકાનો જેની ઈંટોની દીવાલો જે ઈ.સ.પૂ. 3000ના પ્રારંભના કાળની માનવામાં આવે છે તે મળી આવ્યાં છે. અહીં વિવિધ પ્રકારનાં ચિત્રિત માટીનાં વાસણો (કે જે મુંડીગકનાં વાસણોને મળતાં આવે છે) મળી આવ્યાં છે. અહીંના લોકો માટીની મદ્રાઓ અને ત્રાંબાની ચીજો પણ વાપરતા હતા. આ શોધો બતાવે છે

કે અહીં સમૃદ્ધ પ્રજા વસતી હતી. તેણે પોતાના ખોરાકના પ્રશ્ન હલ કર્યા હતા અને દૂરના પ્રદેશો સાથે વ્યાપારી સંબંધો બાંધ્યા હતા. તેવી જ રીતે આસપાસના પ્રદેશમાંથી વિશિષ્ટ કલા અને ચિત્રિત માટીનાં વાસણો મળ્યાના હેવાલ છે. જે પર અંકિત રાણાઘુંડાઈની જગાના લોકો કાળા રંગમાં અંકિત એવા ખૂંધવાળા વૃષભ ચિત્રિત માટીનાં સુંદર વાસણો વાપરતા. મૃણપાત્રો ક્વેટા ખીણમાંથી મળતાં પાત્રો સાથે સ્પષ્ટ સામ્ય બતાવે છે. પેરિઆનીઘુંડાઈ નામના બીજા ઉત્ખનિત પ્રદેશમાં જુદા જ પ્રકારની સ્ત્રી આકૃતિઓ પ્રાપ્ત થઈ છે.

### 5.8.3 મધ્ય અને દક્ષિણ બલુચિસ્તાન (Central and Southern Baluchistan)

મધ્ય અને દક્ષિણ બલુચિસ્તાનમાં સ્થળો જેવાં કે અંજીરા, તોગાઉ, નિન્દોવારી અને બાલાકોટ આપણને પ્રારંભકાલીન હડપ્પન સમાજનો કંઈક ખ્યાલ આપે છે. આ નાનાં ગામો અને નગરો ખીણ પદ્ધતિને સુસંગત પંખા આકારમાં પથરાયેલાં જણાય છે. બાલાકોટમાં મોટા મકાનના અવશેષો મળી આવ્યા છે. આ પ્રદેશનાં કેટલાંક સ્થળો ઈરાની અખાત સાથેના સંપર્કના પુરાવાઓ સ્પષ્ટ કરે છે. બાલાકોટમાં જ્યાં સૌ પ્રથમ લોકો વસતા હતા તેઓ જે જાતનાં માટીનાં વાસણો વાપરતા હતા તેવાં જ વાસણો બલુચિસ્તાનનાં સમકાલીન ગામડાંઓમાં પણ વપરાતાં હતાં. સમય જતાં આ લોકો પણ સિંધુના કાંપવાળા પ્રદેશમાં જે જાતનાં માટીનાંવાસણો વાપરતા હતા તેવાં જ વાપરવા લાગ્યા. અહીં નોંધપાત્ર એ છે કે સમગ્ર બલુચિસ્તાનના લોકો એક જ પ્રકારનાં માટીનાં વાસણો વાપરતા હતા. આમાં ઈરાની અખાતનાં નગરો તેમ જ સિંધુ ખીણનાં નગરોની અસર સ્પષ્ટ થાય છે. આ લોકો પોતાનાં માટીનાં વાસણોમાં ખૂંધવાળા બળદ અને પીપળનાં વૃક્ષોની આકૃતિઓ ચીતરતા જે પરિપક્વ હડપ્પન તબક્કામાં પણ ચાલુ રહી.


### 5.8.4 સિંધુ વિસ્તાર (The Indus Area)

ઈ.સ.પૂ. 4000ના મધ્યમાં સિંધુકાંપનાં મેદાનો પરિવર્તનનું કેન્દ્ર બન્યાં. ઘણી નાની અને મોટી વસાહતો સિંધુ નદીના કિનારે અને ઘગ્ગર-હકરા (Ghaggar-Hakra) માં અસ્તિત્વમાં આવી. આ વિસ્તાર હડપ્પન સભ્યતાના પ્રદેશનો હાર્દ બન્યો. હવેની ચર્ચામાં આપણે આ વિકાસ હડપ્પન સભ્યતાનાં ઘણાં લક્ષણોમાં અગાઉથી જોઈ શકાય છે તે બતાવવા પ્રયત્ન કરીશું.

**(1) અમરી (Amri)**

સિંધ પ્રાંત તેને મળતા આવતા વધારે નીચેનાં સિંધનાં મેદાનો સાથે રસપ્રદ વિકાસ બતાવે છે. અમરીના પ્રદેશના લોકો પથ્થર અને માટીની ઈંટોનાં મકાનમાં રહેતા. તેઓએ એક પ્રકારનો ધાન્યાગાર કોઠાર પણ બનાવ્યો હતો. તેઓ માટીનાં વાસણો ઉપર પશુઓની આકૃતિ જેવાં કે ભારતીય ખૂંધવાળા વૃષભને ચીતરતા. આ આકૃતિ "પરિપકવ હડપ્પન ગાળા" દરમ્યાન ઘણી લોકપ્રિય હતી. તેઓ ચક્ર-પૈડા ઉપર બનાવેલાં માટીનાં વાસણો વાપરતા. આ પ્રકારના અવશેષો થરો (Tharro) અને કોટ્રાસ બુથી (Kohtras Buthi)માંથી મળી આવેલું નોંધેલું છે. હડપ્પન સભ્યતા આવતાં પહેલાં તેમણે તેમની વસાહતો કિલ્લો બાંધીને મજબૂત કરી હતી.





આકૃતિ 1. (ક) શરૂઆતના સિંધુ વાસણ-કોટ દિજી. (ખ) શરૂઆતના સિંધુ વાસણ - કાલિબંગણ.

**(2) કોટ દિજી (Kot Diji)**

મોહેં-જો-દરોની સામી બાજુએ સિંધુ નદીના ડાબા કિનારે કોટ દિજીનું સ્થળ આવેલું છે. પ્રાચીન હડપ્પન સમયમાં અહીં રહેતા લોકોએ પોતાની વસાહતની આજુબાજુ ખૂબ મજબૂત સંરક્ષણાત્મક દીવાલ બાંધી હતી. ઘણી રસપ્રદ વસ્તુતો અહીંથી મળેશાં તેમનાં માટીનાં વાસણો છે. તેઓ ચકરડા ઉપર બનાવેલાં માટીનાં વાસણો વાપરતા અને તેના ઉપર સાદા પટા ઘેરા બદામી રંગના સુશોભન માટે કરતા. આ જાતની Pottery પ્રાક્ હડપ્પન વસાહતો ઘણા દૂરના સ્થળે જેમકે રાજસ્થાનમાં કાલિબંગન અને બલુચિસ્તાનમાં મેહરગઢમાંથી મળી આવ્યાના અહેવાલો છે. કોટ દિજી જેવાં માટીનાં વાસણોના પ્રકાર સમગ્ર સિંધુ નદીના વિસ્તારમાં કે જ્યાં હડપ્પન સભ્યતાની વસાહતો પ્રાક્ શહેરો અને શહેરી તબક્કાની હતી ત્યાંથી મળી આવેલાં એમ નોંધાયું છે. આ જ પ્રકારની પદ્ધતિથી સુશોભિત માટીનાં વાસણો બતાવે છે કે સિંધુનાં સપાટ મેદાનોના લોકો સાથે મોટા પ્રમાણમાં સંપર્ક હશે (અર્થાત્ તેઓની વચ્ચેની હલનચલન બતાવે છે). આ ઉપરથી અનુમાન થઈ શકે કે બંને સંસ્કૃતિ હડપ્પન સભ્યતામાં ભળી જવાની પ્રકિયામાં હશે. માટીનાં વાસણો ઉપરથી ઘણી ડિઝાઇનો શહેરીકરણના

તબક્કામાં હતી. આવી જ રીતે કેટલાંક માટીનાં વાસણો મુંડીગક (Mundigak)નાં વાસણો સાથે સામ્ય ધરાવતાં હતાં. આ બતાવે છે કે પ્રાચીન હડપ્પન ક્ષેત્રો મોટા પ્રમાણમાં એકબીજામાં ભળી ગયાં હતાં. પુરાતત્ત્વવિદોએ હાલની જમીનના થરમાંથી 39 ફીટની ઊંડાઈએથી માટીકામને લગતા વ્યવસાયનો જથ્થો મોહેં-જો-દરોમાંથી શોધી કાઢ્યો છે. તે જ પ્રમાણે ચન્હુ-દરો સ્થળેથી શરૂઆતની હડપ્પન વસાહતો શોધાઈ છે. જોકે મોહેં-જો-દરો વિસ્તારમાંથી શરૂઆતની હડપ્પન સંસ્કૃતિનાં થરો પ્રાપ્ત થયા નથી. પણ ઘણા પુરાતત્ત્વવિદો માને છે કે આ વ્યવસાયી કક્ષા (થરો) પ્રાચીન હડપ્પન સંસ્કૃતિના કદાચ કોટ-દિજીને મળતી આવે છે.

**(3) મેહરગઢ (Mehrgarh)**


'આ અગાઉ આપણે મહેરગઢના સ્થળ વિશે વાત કરી. હડપ્પાના શહેરીકરણ પહેલાં મેહરગઢના લોકોએ સમૃદ્ધ નગર સ્થાપ્યું હતું. તેઓ જુદા જુદા પ્રકારના પથ્થરના મણકા (પારા) બનાવતા. તેઓ કીમતી પથ્થરો જેવા કે વૈદૂર્યમણિ કે જે ફકત મધ્ય એશિયાના બદકશાન (Badakshan) પ્રદેશમાં મળતાં તેનો પણ ઉપયોગ કરતા. ઘણી મુદ્રા અને મુદ્રાંકનો પણ પ્રાપ્ત થયાં છે. મુદ્રાઓનો ઉપયોગ એકબીજાના માલના માલિકોને બતાવવા માટે થતો. મેહરગઢની મુદ્રાઓ કદાચ દૂર દૂર દેશોમાં મોકલાતા માલની ગુણવત્તાની ખાતરી માટે વેપારીઓ કરતા. તેવી જ રીતે માટીનાં વાસણોની ડિઝાઇન, પકવેલી માટીની આકૃતિઓ, ત્રાંબા અને પથ્થરની ચીજો બતાવે છે કે આ લોકોને પોતાના પડોશનાં ઈરાનનાં નગરો સાથે ઘનિષ્ટ સંબંધો હતા. મોટા ભાગનાં માટીનાં વાસણો જે મેહરગઢના લોકો વાપરતા તેનું સામ્ય પડોશની વસાહતો જેવી કે ડમ્બ સદાત (Damb Sadaat) અને કવેટા ખીણમાં વાપરતા તેની સાથે જણાય છે. મોટી સંખ્યામાં પકવેલી માટીની સ્ત્રી આકૃતિઓ મળી આવે છે. આ આકૃતિઓ ઝોબ (Zhob) ખીણમાં મળેલી સ્ત્રી આકૃતિઓ જેવી છે. આ સામ્ય બતાવે છે કે આજુબાજુની વસાહતો સાથે તેમને પરસ્પર સંબંધ હતો.

**(4) રહેમન ઢેરી (Rahman Dheri)**

જો આપણે સિંધુ નદીની ઉત્તર તરફ જઈએ તો આપણને શરૂઆતના હડપ્પન સમયની ઘણી વસાહતોમાં લોકો કેવી રીતે રહેતા હતા તેનો ખ્યાલ આવશે. રહેમન ઢેરી નામના સ્થળે શરૂઆતની સિંધુ સભ્યતાના નગરનું ઉત્ખનન કરવામાં આવ્યું છે. તેમાં મકાનો, રસ્તાઓ અને ગલીઓ વગેરે લંબચોરસ આકારમાં વ્યવસ્થિત આયોજનમાં જણાય છે. તે મોટી દીવાલથી સંરક્ષિત છે. અહીંથી પણ વૈદૂર્યમણિના (Lapislazuli) તેમ જ નીલરંગના કીમતી પથ્થરો મળી આવ્યા છે. આ દ્વારા તેઓનો સંપર્ક મધ્ય એશિયા સાથેનો હતો તે બતાવે છે. અહીં માટીનાં વાસણો પરનાં રેખાંકનો હડપ્પન લિપિના પહેલાંની સંજ્ઞાઓ કહી શકાય. આ પ્રદેશની માટીના વાસણની સ્વતંત્ર પદ્ધતિમાં ધીરે ધીરે ફેરફાર થયા અને નવા ઉમેરા કરીને કોટ દિજીના જેવું માટીકામ અસ્તિત્વમાં આવ્યું. અહીંથી મુદ્રાઓ, પથ્થરના હથિયારો, ત્રાંબું અને Bronze (કાંસું) પણ મળી આવ્યાં છે.

**(5) તરકાઈ કિલા (Tarkai Qila)**

બન્નુ (Bannu) ક્ષેત્રમાં, વાયવ્ય સરહદના પ્રાંતમાં તરકાઈ કિલા નામના ક્ષેત્રમાંથી મજબૂત કિલ્લેબંધીના પુરાવાઓ પ્રાપ્ત થયા છે. અહીંથી પુરાતત્ત્વવિદોએ અનાજના ઘણા નમૂનાઓ શોધી કાઢ્યા છે તેમાં ઘણી જાતના ઘઉં અને દાળ, વટાણા (Fieldpea) નો સમાવેશ થાય છે. પાકને લણવાનાં સાધનો પણ પ્રાપ્ત થયાં છે. તે જ ક્ષેત્રમાંથી લેવન (Levan) નામના સ્થળેથી પથ્થરનાં ઓજારો બનાવવાનાં મોટાં કારખાનાંનું સ્થળ શોધી કાઢ્યું છે. હડપ્પન અને તેમના પૂર્વજો લોખંડ વિશે અજાણ હતા અને ત્રાંબું જવલ્લે જ મળતું. આથી મોટા ભાગના લોકો પથ્થરનાં બનાવેલાં ઓજારો વાપરતા. આથી જ્યાં સારા પથ્થરો મળતા ત્યાં મોટાં ઓજારો વાપરતાં. આથી ત્યાં મોટા જથ્થામાં હથિયારો બનતાં અને ત્યાંથી દૂરદૂરનાં નગરો અને ગામોમાં મોકલવામાં આવતાં. લેવન (Levan)ના લોકો પથ્થરની હાથ કુહાડીઓ, હથોડા, નાની ખાંડવાની ચક્કીઓ વગેરે બનાવતા. આને માટે આજુબાજુના પ્રદેશમાંથી યોગ્ય પથ્થરો આયાત કરતા. વૈદૂર્ય પથ્થર અને પકવેલી માટીની આકૃતિઓ મધ્ય એશિયા સાથેનો તેનો સંપર્ક બતાવે છે. 'સરાઈ ખોલા' કે જે પશ્ચિમ પંજાબની ઉત્તરે આવેલું છે ત્યાં ''પ્રાચીન હડપ્પન'' વસાહત શોધાઈ છે. અહીંના લોકો પણ કોટ દીજી પ્રકારનાં માટીનાં વાસણો વાપરતા.




**આકૃતિ 2.** ચિત્રિત વાસણો જેમાં ભેંસના માથાનો ભાગ અને સુશોભિત પીપળાનાં પાન લેવનમાંથી મળી આવ્યાં છે.

## 5.8.5 પંજાબ અને બહાવલપુર (Punjab and Bahawalpur)

પશ્ચિમ પંજાબમાં હડપ્પા જાણીતું છે. એકાદ ઉત્ખનન વખતે નગરના તબક્કા પહેલાંનાં રહેણાંકો શોધાયાં છે. પરંતુ કમનસીબી એ છે કે તે હજુ સુધી ઉત્ખનિત થયાં નથી. અહીંથી માટીનાં જે વાસણો પ્રાપ્ત થયાં છે તે કોટ દિજીનાં વાસણ જેવાં છે. વિદ્વાનો માને છે કે આ રહેણાંકો હડપ્પાના કાળ પહેલાં "પ્રાચીન હડપ્પા"નાં જણાય છે. બહાવલપુર ક્ષેત્રમાં લગભગ 40 સ્થળો "પ્રાચીન હડપ્પન" સમયના હકરા (Hakra) નદીના સૂકા પટમાંથી પ્રાપ્ત થયાં છે. અહીં પણ "પ્રાચીન હડપ્પન"નાં લક્ષણો કોટ દીજીના પ્રકારના માટીકામ જેવાં છે. આ બન્ને વસાહતોની સરખામણી અને પૃથક્કરણ કરતાં જણાય છે કે આ બન્ને સ્થળો "પ્રાચીન હડપ્પન યુગ"નો નિર્દેશ કરે છે. અને તેમાં વિવિધ પ્રકારનાં રહેઠાણો ઊભાં થયાં હતાં. જોકે તેમાંનાં ઘણાં સાદાં ગામો છે અને તેમનાં કેટલાકમાં ખાસ પ્રકારની ઔદ્યોગિક પ્રવૃત્તિઓ ચાલુ થઈ. આથી આપણને મોટા ભાગનાં સ્થળો લગભગ પાંચથી છ હેક્ટરના વિસ્તારમાં જણાયાં છે. ગમનવાલા વસાહત (Gamanwala) 27.3 હેક્ટરમાં પથરાયેલી છે. એનો અર્થ એટલો જ થાય કે ગમનવાલા વસાહત હડપ્પન નગરના કાલિબંગન કરતાં પણ વધારે મોટી છે. આ મોટાં નગરોમાં વહીવટી અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ ઉપરાંત ખેતી વિષયક પ્રવૃત્તિઓ પણ હોવી જોઈએ.

## 5.8.6 કાલિબંગન (Kalibangan)

ઉત્તર રાજસ્થાનમાં આવેલા કાલિબંગનમાં પણ પ્રાચીન હડપ્પન સમયના પુરાવા મળે છે. અહીં લોકો માટીની ઈંટોના મકાનમાં રહેતા. આ માટીની ઈંટોનું ચોક્કસ માપ હતું. તેઓની વસાહતની આસપાસ કિલ્લો હતો. અહીંના લોકો જે માટીનાં વાસણો વાપરતા તે બીજી જગા કરતાં આકાર અને ડિઝાઇનમાં જુદાં હતાં. તો પણ કેટલાંક મૃણપાત્રો કોટ દિજીના જેવાં હતાં. કેટલાંક માટીનાં વાસણો જેવાં કે નૈવેદ્યની ઘોડી (offering stand) શહેરી તબક્કા દરમ્યાન પણ વપરાશમાં ચાલુ હતાં. અહીંની નોંધપાત્ર શોધ તે ખેતરમાં ખેડેલી જમીનની સપાટી છે. તે બતાવે છે કે આ તબક્કે ખેડૂતો હળ વિશે જાણતા હતા. ખૂબ પ્રાકૃતિક અવસ્થામાં ખેડૂતો માત્ર છૂટાછવાયા 'બી' ફેંકતા અથવા ખૂરપી જેવાં સાધનો ખેતર ખેડવામાં વાપરતા. હળથી ઓછી મહેનતે વધુ ઊંડાણ સુધી ખોદી શકાય. માટે હળને વધારે ખેતી માટે પ્રગતિકારક સાધન ગણવામાં આવ્યું છે કે જેનાથી વધારે ખોરાક ઉત્પન્ન કરવાની ક્ષમતા વધે છે.



આકૃતિ 3. પ્રાચીન સિંધુનાં માટીનાં વાસણો : કાલિબંગન.

ઘગ્ગર (Ghaggar)ના સૂકા પટ જે ભારતીય બાજુ છે તેમાં "પ્રાચીન હડપ્પન" વસાહતો શોધાય છે. આ સ્થળો તે પ્રદેશના પાણીના કારણે નષ્ટ થઈ ગયાં છે. સોથીબરા (Sothi Bara) અને સિસવાલ (Siswal) જેવી જગ્યાઓમાં કાલિબંગ જેવા કુંભારકામની કલાના અવશેષો પ્રાપ્ત થયા છે. ખેત્રી (Khetri)ની ત્રાંબાની ખાણ રાજસ્થાનમાં છે તેનો "પ્રાચીન હડપ્પન" કાળમાં લાભ લેવાનો શરૂ થયેલો છે.

આપણે સિંધુ પ્રદેશની આસપાસ પ્રાચીન હડપ્પન સમયમાં રહેતી જુદી જુદી કૃષિકોમની સાંસ્કૃતિક પ્રણાલીમાં જણાતા સામ્ય વિશે ભાર મૂક્યો. બલુચિસ્તાન, સિંધ, પંજાબ અને રાજસ્થાનમાં કૃષિકારોની નાની વસાહતોથી શરૂઆત થઈને સ્પષ્ટ પ્રાદેશિક પ્રણાલીઓ ઉદ્ભવી. એક જ પ્રકારનાં માટીનાં વાસણોનો ઉપયોગ, શિંગડાવાળા દેવની રજૂઆત, પકવેલી માટીની માતૃકાઓની શોધ વગેરે ધીરે ધીરે એક જ પ્રકારની પ્રણાલીઓનો ઉદ્ભવ કેવી રીતે થયો તે બતાવે છે. બલુચિસ્તાનના લોકોએ ઈરાનના અખાત અને મધ્ય એશિયા સાથે વ્યાપારી સંબંધો અગાઉથી બાંધેલા હતા. આમ પ્રાચીન હડપ્પન સંસ્કૃતિ પાછળથી વિકસેલી હડપ્પન સભ્યતાની સિદ્ધિઓનો ખ્યાલ આપે છે.

લગભગ ત્રણ હજાર વર્ષના સમયનો વિકાસ આપણે જોયો. કૃષિકારોએ આ સમય દરમ્યાન સિંધુના કાંપનાં મેદાનોમાં વસાહતો સ્થાપી હતી. આ પ્રજાઓ ત્રાંબા, કાંસા (Bronze) અને પથ્થરનાં ઓજારો વાપરતી. આ લોકો હળ વાપરતા, શ્રમ દ્વારા મોટા પાયાના ઉત્પાદનના હેતુસર સ્થળાંતર માટે પૈડાંવાળાં સાધનો વાપરતા. વળી ઈરાનની જેમ નવાં ઘેટાં અને બકરાંનો ઉછેર થતો હતો તેમ સિંધુના લોકો પશુઓનું પાલન કરતા. આથી તેમને સ્થળાંતર અને ખેતી માટે પશુઓની શક્તિનો સારો ઉપયોગ કર્યાનો સંભવ છે. તેની સાથોસાથ ધીરે ધીરે માટીકામનાં વાસણોની પદ્ધતિમાં પણ સંયોજન થવા લાગ્યું. પ્રાચીન હડપ્પન કાળમાં ખાસ પ્રકારનાં જ માટીનાં વાસણો કોટ દિજીમાં ઓળખી શકાયાં. તેનો ફેલાવો લગભગ બલુચિસ્તાન, પંજાબ અને રાજસ્થાનના મોટા ભાગમાં થયો. પકવેલી માટીની માતૃકાઓ અથવા શિંગડાવાળા દેવની ડિઝાઇનવાળી આકૃતિઓ કોટ દિજી અથવા કાલિબંગનમાં જોઈ શકાય છે. કેટલીક જાતિઓએ સંરક્ષણાત્મક દીવાલો બાંધી. આપણે આ દીવાલોની રચના પાછળનો હેતુ જાણતા નથી. કદાચ બીજી જાતિઓની સામે સંરક્ષણ માટે હોય અથવા તો પૂરની સામે રક્ષણ માટેનો બંધ હોય. આ બધો વિકાસ ઈરાની અખાત અને મેસોપોટેમિયાના સમકાલીન સંપર્ક અને સંબંધોના ફેલાવાના ભાગરૂપ હતો.

## 5.9 હડપ્પાની સભ્યતાનો ઉદ્ભવ (Emergence of the Harappan Civilization)

યંત્રવિજ્ઞાન અને વિચારોના સંયોજનની આ પ્રક્રિયાની પૂર્વભૂમિકામાંથી હડપ્પન સભ્યતા ઉદ્ભવી. આ સભ્યતાના જન્મ માટેનાં પરિબળોના સંયોજનનો ખ્યાલ આપવો શક્ય નથી. કારણ આપણે તેની લિપિ વાંચી શકતા નથી. હજુ વધારે ઉત્ખનન અને સંશોધન કરવાની જરૂર છે. કેટલીક સામાન્ય રીતોની રૂપરેખા ઉપર બતાવેલી છે. કુશળ અસરકારક ટેકનોલોજી અને સિંધુના કાંપવાળાં મેદાનોના ખેતી માટેના ઉપયોગે અનાજના વધુ ઉત્પાદનનો લાભ આપ્યો હશે. તેને કારણે વધારે પ્રમાણમાં ઉત્પાદનનો પુરવઠો તૈયાર થયો હશે અને વસ્તીમાં પણ વધારો થયો હશે. તે સાથે સમાજના સમૃદ્ધ વર્ગ મારફતે દૂરદૂરની જાતિઓ સાથે વ્યાપારી સંબંધો સ્થપાયા હશે કે જેઓને કીમતી ચીજો રાખવાનો રસ હોય. વધારાના પુરવઠાને પરિણામે ખેતી સિવાયની બાબતોમાં નિપુણતા પ્રાપ્ત કરવાની તક પ્રાપ્ત થઈ હશે. તે પ્રમાણે ગામનો પુરોહિત સમગ્ર પ્રદેશમાં ફેલાયેલા પુરોહિતોના જૂથના ભાગરૂપ બન્યો. આવી જ પ્રક્રિયા લુહાર, કુંભાર અને કારીગરમાં થઈ. ગામડામાં નાના ભંડારા જે અનાજ સાચવવા માટે હતા તે મોટા ભવ્ય કોઠારોમાં પરિવર્તિત થયા.

ઘણા ખેતીવિષયક સમૂહો અને પશુપાલન કરતી વિચરતી ટોળીઓ એકબીજાના નજદીકના સંબંધોને કારણે અંદરો અંદર ઝઘડવા લાગી. જ્યારે ખેડૂતો એકદમ સમૃદ્ધ થયા ત્યારે તેઓ બીજા સમૂહો કે જે ઓછા નસીબદાર હોય તેમને પોતાની તરફ આકર્ષ્યા. આવી ભટકતી ટોળીઓ પશુપાલન, વેપાર અને પોતાની આર્થિક સ્થિતિને આધારે લૂંટ માટે પણ જાણીતી હતી.

કૃષિપ્રધાન સમૂહો પણ ફળદ્રુપ જમીનનો ભાગ પોતાના કબજા હેઠળ રાખવા માટે અંદરો અંદર લડતા. કદાચ આ જ કારણે કેટલીક પ્રજાએ પોતાની આસપાસ સંરક્ષણ દીવાલ ઊભી કરી હશે. હડપ્પન સભ્યતાના ઉદ્ભવ વખતે ઘણાં સ્થળો જેવાં કે કોટ દિજી અને કાલિબંગનનો આગને કારણે નાશ થયો હતો તે આપણે જાણીએ છીએ. તેની પાછળનાં કારણો આપણે જાણતા નથી. કદાચ તે અકસ્માત દાવાનળ પણ હોય ! પણ વધારે શક્યતા એ હતી કે સિંધુ ખીણની વિવિધ હરીફ જાતિઓમાંથી એક જાતિએ પોતાની તાકાતથી બીજી જાતિઓ પર પોતાનું આધિપત્ય સ્થાપ્યું હશે. આને પરિણામે 'પરિપક્વ હડપ્પન' યુગની શરૂઆત થઈ. હડપ્પન સભ્યતાએ ઘણો મોટો ભૌગોલિક પ્રદેશ આવરી લીધેલો છે તે જોતાં આ પરિપક્વ હડપ્પન કાળ કોઈ એક ચોક્કસ સમયે શરૂ થયો નથી. શક્ય છે કે સેંકડો વર્ષના વિકાસ પછી આ સંસ્કૃતિને કેન્દ્ર સાથે નગરનો ઉદ્ભવ થયો અને એ હકીકત છે કે નગરના પ્રભાવ હેઠળ સમગ્ર વાયવ્ય વિસ્તારમાં 700-800 વર્ષના ગાળા દરમ્યાન આ સંસ્કૃતિએ આકાર લીધો હતો.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) નીચેનાં વિધાનો વાંચીને ખરા ( ✓ ) અને ખોટા ( ✗ )નાં ચિહ્નો પૂરો :

(1) પ્રાચીન હડપ્પન સમયના લોકો ઈરાન અને મધ્ય એશિયા સાથે સક્રિય રીતે વેપારથી સંકળાયેલા હતા.

(2) પરિપક્વ હડપ્પન તબક્કાના ઘણાં લક્ષણોને સિંધુ નદીના મેદાનમાં આકાર અપાયો હતો.

(3) સિંધુ મેદાનોનાં વિવિધ ક્ષેત્રો વચ્ચે પરસ્પર સંબંધો હોવાના પુરાવા નથી.

(4) પ્રાચીન હડપ્પન સમય દરમ્યાન માટીનાં વાસણો કાલિબંગનમાં વપરાતાં તેવાં જ આકાર અને ડિઝાઇન બીજાં ક્ષેત્રોમાં પણ વપરાતાં.

(2) પ્રાચીન હડપ્પન સમયનાં જુદાં ક્ષેત્રો કેવી રીતે સભ્યતામાં દાખલ થયાં ? દસ વાક્યો લખો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

## 5.10 સારાંશ

ભારતીય ઇતિહાસના અભ્યાસ માટે હડપ્પન સભ્યતાની શોધ ખાસ મહત્ત્વ ધરાવે છે. તેણે ભારતીય ઇતિહાસના મૂળને બદલી નાંખ્યુ અને તેને બીજી સૌથી જૂની સભ્યતા જેવી કે ઇજિપ્ત અને મેસોપોટેમિયાની સમકાલીન સભ્યતા તરીકે પ્રસ્થાપિત કરવામાં આવી. હડપ્પન સભ્યતાની શોધ મુખ્યત્વે પુરાતત્ત્વીય મૂળનું મુખ્ય પરિણામ છે. આ એકમમાં તમે સભ્યતા શોધાઈ તેની પદ્ધતિ વિશે શીખ્યા. જુદી જુદી વિગતો જેવી કે કેવા તબક્કામાંથી પ્રાચીન હડપ્પન સભ્યતા પસાર થઈ તેનો ક્રમશઃ વિકાસ અને તેનો બીજાં ક્ષેત્રોમાં પ્રસાર જોયો. આ વિભાગના બીજા એકમમાં તમે હડપ્પન લોકોનાં બીજાં લક્ષણો જેમકે સમાજ અને અર્થવ્યવસ્થા વિશે માહિતગાર થશો.

## 5.11 ચાવીરૂપ શબ્દો (Key Words)

**કાલગણના :** સમયની ગણતરી કરવાની પદ્ધતિ.

**કાંપવાળાં મેદાન :** નદીના કિનારાનો પ્રદેશ જ્યાં પૂર વખતે સુંદર સાધનો નદી દ્વારા જમા થતાં.

પશુપાલન કરતી ભટકતી પ્રજા : સામાજિક સંસ્થા જે ઢોર અને ઘેટાંબકરાંના ટોળાઓમાં વિચરતી હોય છે. તેઓ પશુઓના ચારાની શોધ માટે એક સ્થળેથી બીજા ફર્યા કરતા.

**ભટકતી ટોળી :** ઢોર ઉછેરનારની જીવનશૈલી સાથે સંકળાયેલું જીવન અને ઢોરનો ચારો ચલવનાર જાત. આ લોકો એક જ સ્થળે રહેતા નથી હોતા પરંતુ એક સ્થળેથી બીજા સ્થળે ફરતા રહે છે.

**મુદ્રા :** મીણ કે પથ્થર કે બીજા કોઈ પદાર્થનો ટુકડો જેની કેટલીક ડિઝાઇન દોરેલી હોય તે પ્રમાણે સિદ્ધ કરવા વપરાય.

**મુદ્રાંકન :** મુદ્રાની છાપવાળી ચીજ.

**રેડિયો-કાર્બન સમય નક્કી કરવા :** સમય નક્કી કરવા માટે તેને સી-14 કહેવાય છે. આ પદ્ધતિ મૃત ઇંદ્રિય સંબંધી પદાર્થ રેડિયો એક્ટીવ સી-14 જે ગણતરી પ્રમાણે તે અદૃશ્ય થાય છે.

## 5.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. (1) ✓ (2) ✗ (3) ✓ (4) ✗
2. જુઓ વિભાગ 5.6

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. (1) ✓ (2) ✓ (3) ✗ (4) ✗ .

૨. તમારા જવાબો વધતી જતી કાર્યનિપુણ કલા, વિજ્ઞાન, ખોરાકના વધારાની ઉત્પત્તિ, આનુષંગિક વસ્તી વધારો, વધતી વિશિષ્ટતા અને વેપારમાં વધારો સાથે સંબંધિત હોવા જોઈએ. વધુમાં જુઓ પેટા વિભાગ 5.8.5 અને વિભાગ 5.9નો અંત ભાગ.

# એકમ 6 ભૌતિક લાક્ષણિકતાઓ (Material Characteristics)

રૂપરેખા

6.0 ઉદ્દેશો
6.1 પ્રસ્તાવના
6.2 ગામડાંમાંથી નગરો અને શહેરો તરફ
6.3 હડપ્પન સભ્યતા : સ્રોત
6.4 ભૌગોલિક પડથાર
6.5 અગત્યનાં કેન્દ્રો
6.5.1 હડપ્પા
6.5.2 મોહેં-જો-દરો
6.5.3 કાલિબંગન
6.5.4 લોથલ
6.5.5 સુતકાજેન-દોર (Sutkagen Dor)
6.6 ભૌતિક લાક્ષણિકતાઓ
6.6.1 નગર-આયોજન
6.6.2 માટીનાં વાસણો
6.6.3 ઓજારો અને સાધનો
6.6.4 કલા અને કારીગરી
6.6.5 સિંધુ લિપિ
6.6.6 નિર્વાહની પદ્ધતિ
6.7 સારાંશ
6.8 ચાવી રૂપ શબ્દો
6.9 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

## 6.0 ઉદ્દેશો

આ એકમ હડપ્પન સભ્યતાનો ભૌગોલિક વિસ્તાર અને તેનાં ભૌતિક લક્ષણો રજૂ કરે છે. હડપ્પન સભ્યતાનાં મુખ્ય કેન્દ્રો તેમ જ આ સ્થળોનાં લક્ષણો દર્શાવતી વસ્તુઓના અવશેષો વર્ણવેલ છે. આ એકમ વાંચીને સમજી શકશો કે -

- પ્રાચીન હડપ્પન અને હડપ્પન સભ્યતા વચ્ચે વસ્તીનું સાતત્ય અને સાધનોની પરંપરા કેવી હતી તે સમજી શકશો.
- ભૌગોલિક અને આબોહવાનાં પાસાંને આધારે હડપ્પન સભ્યતાની વસાહતની રચના સમજી શકશો.
- ખાસ ભૌગોલિક, આબોહવા અને આજીવિકા સંબંધિત હડપ્પન સભ્યતાનાં અગત્યનાં કેન્દ્રોનાં લક્ષણો વર્ણાવી શકશો.
- હડપ્પન કેન્દ્રોનાં ભૌતિક લક્ષણો અને ખાસ કરીને આ કેન્દ્રોની વસ્તુઓનાં લક્ષણોની એકરૂપતા શીખી શકશો.

## 6.1 પ્રસ્તાવના


આ એકમમાં હડપ્પન સભ્યતાનો ભૌગોલિક વિસ્તાર અને ભૌતિક સાધનોનાં લક્ષણો કે જે પશુપાલન અને ખેતી કરેલી પ્રજાઓ દ્વારા વસેલાં નાનાં ગામડાંને આધારે ઉદ્ભવ્યાં તેની ચર્ચા કરીશું. અહીં પ્રાચીન હડપ્પન અને વિકસેલ હડપ્પન સંસ્કૃતિ વચ્ચે રહેલા વસતીના સાતત્ય અને ભૌતિક પ્રણાલીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હડપ્પન સભ્યતાના ભૌગૌલિક વિસ્તારનો ખ્યાલ તેનાં અગત્યનાં કેન્દ્રોના ખાસ ઉલ્લેખ સાથે આપવામાં આવ્યો છે. તેમાં હડપ્પન સભ્યતાને સમજવા માટે તેનું નગર આયોજન, અગત્યનાં બાંધકામો, કલા અને કારીગીરી, મકાનોની ભાત કે રચના, માટીકામનાં વાસણો, હથિયારો અને ઓજારો, જીવનનિર્વાહની પદ્ધતિ અને હડપ્પન લિપિથી જાણકારી મેળવવા પ્રયત્ન કરીશું. છેવટે આ એકમ હડપ્પન કેન્દ્રોના સાધનોનાં લક્ષણોની સામ્યતા રજૂ કરે છે.

## 6.2 ગાંમડાંમાંથી નગરો અને શહેરો તરફ (From Villages to Towns and Cities)

એકમ 5માં આપણે જોયું કે પશુપાલન કરતી તેમ જ કૃષિ વ્યવસાય કરતી પ્રજાએ સિંધુનાં મેદાનોમાં પોતાનું રહેઠાણ જણાવ્યું. આ ઉપરાંત કેટલાંક નાનાં નગરો અસ્તિત્વમાં આવ્યાં. આ નગરો દ્વારા તેઓએ દૂરના દેશો સાથે સંપર્ક સ્થાપ્યો હતો. કૃષિ વિષયક પ્રજાના વિકાસ અને નાનાં નગરોમાંથી હડપ્પન સભ્યતા ઉદ્ભવી. અહીં હડપ્પન સભ્યતા એટલે એવા સમાજનું લક્ષણ કે જે તેના મહત્ત્વનાં મોટાં શહેરોના ઇતિહાસના તબક્કામાં છે. આનો અર્થ એ થાય કે વિશિષ્ટ પ્રકારના કારીગરો, લાંબા અંતરના વ્યાપાર, શ્રીમંત અને ગરીબ લોકોનું અસ્તિત્વ અને રાજાઓનું પણ અસ્તિત્વ. સભ્યતાનાં આ સામાન્ય લક્ષણો ઉપરાંત હડપ્પન સભ્યતાનાં કેટલાંક ખાસ લક્ષણો હતાં. ભૌગોલિક વિસ્તારમાં જ્યાં હડપ્પન સભ્યતાના અવશેષો પ્રાપ્ત થયા છે ત્યાંની પ્રજા તે જ પ્રકારની લેખિત લિપિ વાપરતી હતી. હડપ્પન પ્રજાને રાજસ્થાન કે પંજાબ કે સિંધુ જ્યાં રહેતી હોય ત્યાં એક જ પ્રકારનાં વજનિયાં અને માપ વાપરતી. ત્રાંબા-કાંસાનાં હથિયારો પણ એક જ પ્રકારની ડિઝાઇન, આકાર અને કદનાં વપરાતાં. તેઓ જે ઈંટો વાપરતા તેનું પ્રમાણ 4:2:1 હતું. તેમના કેટલાંક નગરોનાં લક્ષણોમાં મકાનોના આયોજન કિલ્લેબંધી વગેરેમાં સામ્ય મુદ્રાઓ, છીપલાં (શંખ)ની બંગડીઓ, કાર્નેલીઅનના મણકા અને સ્ટીએટાઈટના મણકા, ચક્ર વગેરેમાં પણ હડપ્પન સભ્યતાનાં તમામ શહેરો કે જે સમગ્ર ભૌગોલિક વિસ્તારમાં પથરાયેલાં હતાં તેમાં એક જ પ્રકારનું ઐક્ય જણાય છે. મોટા ભાગે હડપ્પન સ્થળ ગુલાબી રંગનાં વાસણો કે જેને ચમકતા લાલ રંગનો ઢોળ હતો તેમાંથી ઓળખાતું. આ માટીનાં વાસણોની ડિઝાઇનમાં મુખ્યત્વે વૃક્ષો, પશુઓ અને કાળા રંગમાં ભૌમિતિક આકારો થતા. હડપ્પન કેન્દ્રોનાં સાધનોનાં લક્ષણોનું સામ્ય તે હડપ્પન સભ્યતાનાં ખાસ લક્ષણો હતાં.

## 6.3 હડપ્પન સભ્યતા : સ્રોત (Harappan Civilization : Sources)

હડપ્પન સભ્યતાની માહિતી હડપ્પા અને મોહેં-જો-દરોના ઉત્ખનનના હેવાલમાંથી મળી આવે છે. હડપ્પામાં ખોદકામ 1921માં શરૂ થયું. ત્યાર બાદ ઘણાં હડપ્પન કેન્દ્રો શોધી કઢાયાં છે અને ઉત્ખનન પણ થયું છે. વિખ્યાત પુરાતત્ત્વવિદ્ સર જ્હોન માર્શલ અને સર મોર્ટીમર વ્હીલરે હડપ્પન વસાહતોમાં ઉત્ખનન શરૂ કર્યું. આ વિદ્વાનોએ જે સાધનસામગ્રી મળી તેનો સંભાળપૂર્વક અભ્યાસ કરીને તેના અવશેષોને બોલતા કર્યા. હજુ સુધી તેના લેખિત શબ્દો વાંચી શકાયા નથી. તેથી હડપ્પન લોકો જે પ્રકારનાં સાધનો વાપરતા તેના અભ્યાસ પરથી જ કાંઈક નિરાકરણ લાવી શકાય. આજ સુધીમાં 1000 કરતાં વધુ હડપ્પન સાધનોયુક્ત વસાહતો શોધી શકાઈ છે. જોકે આમાંની મોટા ભાગની વસાહતોનું ઉત્ખનન થયું નથી. એક અંદાજ પ્રમાણે 36 જેટલી હડપ્પન વસાહતોનું જ ઉત્ખનન થયું છે અને તેનો હેવાલ પ્રાપ્ત થયો છે. વળી જ્યાં ઉત્ખનનનું કામ શરૂ થયું ત્યાં પણ 1/5 ક્ષેત્ર કરતાં વધારે ભાગનું ઉત્ખનન થયું નથી. કેટલાંક ગનવેરીવાલા જેવાં હકરા (Hakra) ખીણમાં આવેલાં સ્થળો અને પંજાબમાં ફરૂકસ્લાન (Furukslan) જે મોહેં-જો-દરો જેટલાં મોટાં છે તેવા હેવાલો છે. પરંતુ ઉત્ખનનકારોએ તેને હજી સ્પર્શ પણ કર્યો નથી. આનું કારણ એ કે ઉત્ખનનમાં મોટા પ્રમાણમાં નાણાં અને માણસોની જરૂર પડે છે. હાલમાં ભારત કે પાકિસ્તાન સરકાર પાસે આ ખોદકામ માટે પૂરતા પૈસા નથી. અહીં એક વાત સ્પષ્ટ છે કે જ્યારે આપણે હડપ્પન સભ્યતા માટે કાંઈક અનુમાન કરીએ ત્યારે આપણે ખૂબ સાવધાન રહેવું જોઈએ. કોઈ પણ નવી શોધ કે ઉત્ખનનનો હેવાલ આપણા હડપ્પન સંબંધી વિચારોને વાસ્તવિકતાથી સુધારે છે. દા.ત. મૉર્ટિમર વ્હીલર જેવા વિદ્વાને 20 વર્ષ પહેલાં લખ્યું કે હડપ્પન સભ્યતા સિંધુ ખીણમાં પૂરેપૂરી વિકસી અને તેના પહેલાંના સમયમાં આ પ્રદેશમાં જે લોકો રહેતા તેમનામાં ભાગ્યે જ સામ્ય હતું. હવે અહીંથી મળેલી ચીજોનું વ્યવસ્થિત ધ્યાનપૂર્વકનું વિવરણ કરતાં અને નવાં ઉત્ખનનના હેવાલો પરથી પુરાતત્ત્વવિદોને ખાતરી થઈ છે કે હડપ્પન સભ્યતા ઘણા લાંબા સમય પહેલાં સિંધુ ખીણના અને તેની આજુબાજુના પ્રદેશમાં વિકાસ પામી હતી. આગલા વિભાગમાં આપણે "પ્રાચીન હડપ્પન" સમયના વિકાસનો અભ્યાસ કર્યો. આપણે જોયું કે ત્યાં વસતી અને હજાર કળાના વિકાસનું સાતત્ય "પ્રાચીન હડપ્પન" અને હડપ્પન સમય દરમ્યાન ચાલુ હતું. ખેતી વિષયક વસાહતોમાં સ્પષ્ટ રીતે વિકાસના સાતત્યની ક્રિયા જણાય છે. અને સામાન્ય કારીગરી અને સ્પષ્ટ સિંધુ શૈલી પ્રાચીન પ્રદેશોમાં વિસ્તરી હતી. હડપ્પન સભ્યતાનો અભ્યાસ ઘણી બાબતોમાં અધૂરો રહ્યો છે. તેથી પ્રાચીન ભારતીય ઇતિહાસના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે આ ક્ષેત્ર સૌથી વધુ પડકારવાળું છે.




નકશો 2 : હડપ્પન સભ્યતાનાં ક્ષેત્રો.

## 6.4 ભૌગોલિક પડથાર (Geographical Spread)

સામાન્ય રીતે વિદ્વાનો માને છે કે હડપ્પા, ઘગ્ગર, મોહેં-જો-દરોની ધરી હડપ્પન સભ્યતાની હાર્દ-ભૂમિ છે. મોટા ભાગની હડપ્પન વસાહતો આ પ્રદેશમાં શોધી કઢાઈ છે. આ પ્રદેશમાં અમુક પ્રકારના સામ્યનાં લક્ષણો છે. સમગ્ર વિસ્તાર જમીનનો સપાટ વિસ્તાર છે જેમાં ગુજરાનની સરખી પદ્ધતિ જણાય છે. હિમાલયનો પીગળેલો બરફ અને વર્ષા ઋતુનો વરસાદ તેની પૂરતી રચના સ્પષ્ટ કરે છે. આને પરિણામે ખેતીની કેટલાક પ્રકારની શક્યતાઓ અને ગ્રામ્ય જીવનની સમાન શક્યતા ઉત્પન્ન કરે છે. પશ્ચિમમાં સિંધુ પ્રકારનાં કચ્છી મેદાનો ઈરાનની સરહદી ભૂમિના પરિવર્તનનો ભૂવિભાગ છે. આ કાંપના ધોવાણનો પ્રદેશ બોલનઘાટની તળેટી અને મંચર (Manchar) સરોવર નજીક છે. આ વેરાન-ઉજ્જડ પ્રદેશ છે અને તેના પરિઘ સિવાય તદ્દન સૂકો પ્રદેશ છે. નોશેરો, જુદેઈરજો-દરો અને અલીમુરાદ જેવાં સ્થળો આ વિસ્તારમાં આવેલાં છે. ખડકાળ બલુચિસ્તાન પ્રદેશનો સૌથી સૂકો પ્રદેશ તે સુતકા-કોહ (Sutka-Koh) અને સુતકાજેન-દોર (Sutkagen-dor) છે જે મકરાનના કિનારે આવેલો છે. આ પ્રદેશો હડપ્પનની પશ્ચિમની સરહદો તરીકે જાણીતા છે. અફઘાનિસ્તાનના ઈરાનમાં આવેલી શોરટુઘાઈ (Shortughai) નામની હડપ્પન વસાહતો હડપ્પન સભ્યતાના વિસ્તારથી અલગ પડી ગયેલી છે.

હડપ્પન સભ્યતાની વસાહતો પૂર્વીય સરહદી વિસ્તારમાં યુ.પી.ના બારગાંવ, માનપુર અને આલમગીરપુરમાં જણાઈ છે ગંગા-જમુનાના દોઆબમાં આવેલાં આ સ્થળોમાં નિર્વાહ માટેની શૈલી, તેના ભૌગોલિક સ્થાનને સુસંગત છે. આ પ્રદેશમાં ઘણો વરસાદ અને ગીચ જંગલો છે. આ ગ્રામ્યજીવન અને પશુપાલન કરતી પ્રજાના વિસ્તાર બહારના ભાગમાં આવે છે પણ તે ઘઉં ઉત્પાદનના ક્ષેત્રમાં છે. આથી વસાહતોના સંશોધનને ક્ષેત્રે પાછા નવા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આથી કેટલાક વિદ્વાનો માને છે કે આ પ્રદેશ સ્વતંત્ર સાંસ્કૃતિક પ્રદેશ છે જેના પર હડપ્પન સભ્યતાનો પ્રભાવ અને પ્રેરણા હોઈ શકે. જમ્મુમાં માંદા અને પંજાબમાં રોપર હડપ્પન સભ્યતાના ભારતીય સરહદમાં છેક ઉત્તરે આવેલાં સ્થળો છે. મહારાષ્ટ્રમાં દઈમાબાદ (Daimabad) અને ગુજરાતની ભગતરાવ વસાહતો હડપ્પનની દક્ષિણની સરહદો કદાચ બની હશે. ગુજરાતમાં પણ આ વસાહતોની એકસરખી પદ્ધતિ જણાઈ નથી. કચ્છ અને કાઠિયાવાડમાં છૂટી કપાઈ ગયેલી ઉચ્ચ સપાટીની ધરતી અને ઘસાઈ ગયેલી જમીન છે. બીજી બાજુએ આ પ્રદેશમાં ખંભાતના અખાતનો મોટો દરિયાકિનારો અને કચ્છનું રણ છે. ગુજરાતમાં હડપ્પનો ચોખા અને બાજરીથી પરિચિત હતા.

હડપ્પન સભ્યતા ઘણા મોટા ક્ષેત્રમાં પથરાયેલી જણાય છે. તેનું ક્ષેત્ર સમકાલીન મેસોપોટેમિયા અને ઇજિપ્તની વસાહતો કરતાં ઘણું મોટું હતું. મેસોપોટેમિયાની વસાહતો નદી કાંઠાનાં આસપાસનાં મેદાનોમાં ગાઢ ઝમખામાં

ફેલાઈ છે. ઘગ્ગર-હકરા પ્રદેશમાં હડપ્પન વસાહતો બહુ જ ઓછી ફેલાયેલી છે. રાજસ્થાન અને ગુજરાતમાં હડપ્પન વસાહતો રણના અને કાદવવાળા નીચાંણના પ્રદેશમાં હજારો કિલોમીટરમાં પથરાઈ હતી. સૌથી નજીકની હડપ્પન વસાહત તેના પડોશી શોરટુઘાઈ (Shortughai) થી લગભગ 300 કિલોમીટર દૂર છે. વચલા ખાલી પ્રદેશમાં પ્રાચીન જાતિ વસતી હશે જે પોતાના ગુજરાન માટે શિકાર કરીને ખોરાક એકત્ર કરતી હશે અથવા પશુપાલન કરતી ભટકતી ટોળી હશે. તે જ પ્રમાણે આ ક્ષેત્રના અભ્યાસ પરથી હડપ્પન શહેરોની આસપાસ રહેતી વસ્તીના કદનો પણ ખ્યાલ આવી શકે છે. વિદ્વાનો માને છે કે સૌથી મોટા હડપ્પન શહેર મોહેં-જો-દરોની વસ્તી 35,000 ની આસપાસ હતી. આજના વર્તમાન ભારતનાં સૌથી નાનાં નગરોની વસ્તી હડપ્પનના સૌથી મોટા શહેરની વસ્તી કરતાં ઘણી વધારે છે. આપણે યાદ રાખવું જોઈએ કે હડપ્પન સમયમાં સૌથી ઝડપી વાહનવ્યવહાર માટે બળદગાડું હતું. લોઢાથી તેઓ અજાણ હતા અને હળનો ઉપયોગ તેઓને માટે ઘણી ક્રાંતિકારી શોધ હતી. આવી, પ્રાથમિક કક્ષાની યંત્રસામગ્રીથી આ સંસ્કૃતિ દૂરદૂરનાં ક્ષેત્રો સાથે સામાજિક-આર્થિક સંબંધો બાંધી શકી હતી તે એ સમયની દૃષ્ટિએ આપણને સ્તબ્ધ કરે તેવી સિદ્ધિ કહેવાય.

## 6.5 અગત્યનાં કેન્દ્રો (Important Centres)

આપણને પ્રશ્ન થાય કે શા માટે હડપ્પનોએ ખૂબ દૂરના પ્રદેશો જેવા કે અફઘાનિસ્તાનમાં શોરટુઘાઈ અથવા ગુજરાતમાં સુરકોટડામાં વસાહતો સ્થાપી હશે ? આ પ્રશ્નનો જવાબ જો આપણે કેટલાંક અગત્યનાં કેન્દ્રોનાં લક્ષણો અને તે જગાને વિગતે તપાસીએ તો મળી શકે.

### 6.5.1 હડપ્પા (Harappa)

હડપ્પા સૌ પ્રથમ ઉત્ખનિત સ્થળ હતું. હડપ્પામાં 1920 પછીથી પુરાતત્ત્વવિદ્ જેવા કે દયારામ સાહની, એમ.એસ. વાટ્સ અને મોર્ટીમર વ્હીલરે ઉત્ખનન કર્યાં હતાં. હડપ્પા પશ્ચિમ પંજાબના રાવી નદીના કિનારે આવેલું છે. તેના કદ અને મળી આવેલા અવશેષો પ્રમાણે તે હડપ્પન સભ્યતાના સૌથી પ્રથમ શહેરની હરોળમાં આવે છે. આ શહેરના અવશેષો લગભગ ત્રણેક માઈલના ઘેરાવામાંથી પ્રાપ્ત થાય છે. જે કોયડારૂપ છે તે એ કે હડપ્પાની આસપાસ કોઈ પણ આવાં કેન્દ્રો (ઝૂમખાં) નથી. હડપ્પામાં વસ્તીનો મોટો ભાગ ખોરાક સિવાયની બીજી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હતો. આ પ્રવૃત્તિઓ કદાચ વહીવટ, વેપાર, કલાકારીગરી કે ધર્મ સંબંધી હોય. આ લોકો પોતાના માટે ખોરાક ઉત્પન્ન કરતા ન હતા તેથી બીજાઓ તેમને માટે તેમ કરતા હશે. ઉત્પાદન ઓછું હતું. અને એક સ્થળેથી બીજે લઈ જવા વાહન- વ્યવહાર ઘણો મુશ્કેલ હતો. આથી ખોરાક ઉત્પન્ન નહીં કરનાર આ પ્રજાના નિભાવ માટે ખોરાક ઉત્પન્ન કરનારા ક્ષેત્રમાંથી મેળવવા અને તેને લાવવા માટે મોટી સંખ્યામાં લોકોનો ઉપયોગ કરવો પડતો હશે. આવાં કેન્દ્રો (અનાજ એકત્ર કરવાના) શહેરથી બહુ દૂર નહીં હોય, કારણ અનાજ મેળવવા માટેનું સાધન બળદગાડાં અને હોડી હતાં. કેટલાક વિદ્વાનો સૂચવે છે કે આસપાસનાં ગામડાંઓ તેમનાં ખેતીનાં સ્થળોને નદીઓના પૂર પ્રમાણે બદલ્યા કરતાં હશે. ગામડાંઓને નદીના પૂરના ફેરફારને કારણે ફરતું રહેવું પડતું હશે. હડપ્પાનું એકલાપણું સમજી શકાય છે કે તે ઘણા અગત્યના વેપારના માર્ગમાં આવેલું છે અને તે હજુ પણ ઉપયોગમાં છે. આ રસ્તાઓ હડપ્પાને મધ્ય એશિયા, અફઘાનિસ્તાન, જમ્મુ સાથે જોડે છે. હડપ્પાનું શ્રેષ્ઠ સ્થાન તેના દૂર દૂરના દેશોમાંથી પરદેશી વસ્તુઓ મેળવવાની આવડત સાથે જોડાયેલું હતું.

### 6.5.2 મોહેં-જો-દરો (Mahenjodaro)

મોહેં-જો-દરો સિંધુ નદીને કિનારે સિંધ પ્રદેશમાં લારખાનામાં છે. તે હડપ્પન સભ્યતાનું સૌથી મોટું કેન્દ્ર છે. નગર-આયોજન, મકાનો, મુદ્રા અને મુદ્રાંકનો વગેરેને લગતી આ સભ્યતાની મોટા ભાગની માહિતી મોહેં-જો-દરોમાંથી મળે છે. 1922માં અહીંનું ખોદકામ આર. ડી. બેનરજી અને સર જ્હોન માર્શલે હાથમાં લીધું. પાછળથી મેકએ અને જ્યોર્જ ડેલ્સે (Dales) ખોદકામ કર્યું. નાના પાયા ઉપર ખોદકામ અને ક્ષેત્ર પણ નોંધવાનું કામ 1980ના દાયકામાં પણ ચાલુ રહ્યું.


આ ખોદકામે સ્પષ્ટ કરી આપ્યું છે કે લોકો અહીં ઘણા લાંબા સમયથી રહેતા હતા, અને તેઓ મકાનો અને ફરી પણ મકાનો તે જ સ્થળે બાંધવાની પ્રવૃત્તિ ચાલુ રાખતા. પરિણામે અહીંનાં મકાનોના અવશેષો (ઢેખાળા) વગેરે ખંડેરોની ઊંચાઈ લગભગ 75 ફીટની છે. તેમના રહેઠાણના સમયથી મોહેં-જો-દરોમાં નિયમિત પૂર આવતાં. આ પૂરને કારણે કાંપની જમીન એકત્ર થવા લાગી. સૈકાઓ સુધીના પૂરને કારણે ઠલવાતા કાંપ અને ઇતર વસ્તુઓને કારણે મોહેં-જો-દરોની આસપાસની ઊંચાઈ 30 ફૂટ જેટલી થઈ ગઈ. તે જ પ્રમાણે જમીનમાં પાણી પણ તે રીતે વધતું ગયું. પરિણામે મોહેં-જો-દરોનાં સૌથી જૂનાં મકાનો આજના જમીનના થર કરતાં 39 ફીટ જમીનની નીચે છે. પુરાતત્ત્વવિદો આટલી ઊંડાઈ સુધી ખોદી શક્યા નથી, કારણ કે ત્યાં પાણી એટલાં ઊંચાં આવી ગયાં છે.

### 6.5.3 કાલિબંગન (Kalibangan)

ઘગ્ગર નદીના સૂકા પટ પર રાજસ્થાનમાં કાલિબંગનની વસાહત આવેલી છે. આગળ જોઈ ગયા તે પ્રમાણે હડપ્પન વસાહતનો સૌથી મોટો ભાગ અહીં કેન્દ્રિત થયો છે. 1960માં કાલિબંગનમાં ખોદકામ બી. કે. થાપરની દોરવણી હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું. આ સ્થળે પ્રાગ્-હડપ્પન અને હડપ્પન રહેઠાણોના પુરાવાઓ મળ્યા છે. અહીં હડપ્પન લોકોની ધાર્મિક માન્યતામાં નોંધપાત્ર ફેર બતાવે છે. કેટલાક વિદ્વાનોનું સૂચન છે કે "હડપ્પન સભ્યતા" "પૂર્વના વિસ્તાર" નો ભાગ હોવો જોઈએ. હાલમાં હરિયાણા, પૂર્વ પંજાબ અને પશ્ચિમ યુ.પી.માં હડપ્પન ક્ષેત્રો, જેવાંકે બારા (Bara), સીસવાલ (Siswal) અને આલમગીરપુર શોધી શકાયાં છે. આ સ્થળો સ્થાનિક માટીકામનાં વાસણોની સાથે હડપ્પન માટીનાં વાસણોના પુરાવા આપે છે. કાલિબંગન હડપ્પન સાંસ્કૃતિક ભૂવિભાગ અને પૂર્વના પ્રાંતોને મધ્યસ્થિત હોવું જોઈએ.

### 6.5.4 લોથલ (Lothal)

ગુજરાતમાં વસાહતો જેવી કે, રંગપુર, સુરકોટડા અને લોથલ શોધાઈ છે. લોથલ ખંભાતના અખાતના કિનારાના સપાટ પ્રદેશમાં આવેલું છે. આ સ્થળ પશ્ચિમ એશિયાના સમકાલીન સમાજના દરિયામાર્ગનો છેલ્લો મુકામ જણાય છે. તેના ઉત્ખનન કરનારા એસ. આર. રાવ અહીંથી વહાણ બાંધવાની ગોદી શોધી કાઢ્યાનો દાવો કરે છે.



આકૃતિ 4. વહાણ બાંધવાની ગોદી (લોથલ).

### 6.5.5 સુતકાજેન-દોર (Sutkagen-Dor)

સુતકાજેન-દોર મકરાનના કિનારાની પાસે છે જે પાકિસ્તાન-ઈરાનની સરહદ નજીક છે. હાલમાં આ વસાહત વેરાન મેદાનોથી ઘેરાયેલી છે. આ નગર સંરક્ષણ માટે બંધાયેલા પથ્થરના કિલ્લાથી ઘેરાયેલું છે. આ સ્થળ પણ ઉજ્જડ વિસ્તારમાં છે. તેને માત્ર વેપાર માટેના દરિયાના બંદરની જરૂરિયાતના સંદર્ભમાં સમજાવી શકાય.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. હડપ્પન સભ્યતાનાં અગત્યનાં કેન્દ્રોનાં ભૌગોલિક સ્થાનની ચર્ચા કરો.

....................................................................................................

....................................................................................................

2. નીચેનાં કેન્દ્રો આજના ભૌગોલિક સ્થાનો સાથે મેળવો :

| | |
|---|---|
| (1) હડપ્પા | (ક) રાજસ્થાન |
| (2) કાલિબંગન | (ખ) સિંધ |
| (3) મોહેં-જો-દરો | (ગ) મકરાન કાંઠો (પાકિસ્તાન-ઈરાન-સરહદ) |
| (4) સુતકાજેન-દોર | (ઘ) પશ્ચિમ પંજાબ (પાકિસ્તાન) |

3. નીચેનાં વિધાનો સામે ખરાં ( ✓ ) કે ખોટાં ( ✗ ) ની નિશાની કરો :

(1) હડપ્પા પશ્ચિમ પંજાબમાં આવેલું છે, જે હડપ્પા સભ્યતાનું સૌથી મોટું કેન્દ્ર છે. ( )

(2) મોહેં-જો-દરો સૌ પ્રથમ હડપ્પન કેન્દ્ર ખોદાયું હતું. ( )

(3) હડપ્પનમાં પહેલું ઉત્ખનન આર. ડી. બૅનરજી અને જ્હોન માર્શલે કર્યું. ( )

(4) વિદ્વાનો માને છે કે હડપ્પા, ઘગ્ગર અને મોહેં-જો-દરોની ધરી હડપ્પન સભ્યતાનું હાર્દ છે. ( )

## 6.6 ભૌતિક લાક્ષણિકતાઓ (Material Characteristics)


આ વિભાગમાં આપણે હડપ્પન સભ્યતાનાં ભૌતિક લક્ષણોની ચર્ચા કરીશું. આપણે હડપ્પન સભ્યતાના નગર-આયોજન, માટીનાં વાસણો, ઓજારો અને હથિયારો, કલા અને કારીગરી, લિપિ અને નિર્વાહની પદ્ધતિની હકીકત નોંધીશું.

### 6.6.1 નગર-આયોજન (Town-planning)

પુરાતત્ત્વવિદો મોર્ટીમર વ્હીલર અને સ્ટુઅર્ટ પીગોટ માનતા હતા કે હડપ્પન નગરોમાં નોંધપાત્ર રીતે વૈચારિક એકતા છે. દરેક નગરને બે ભાગમાં વહેંચીને આ સૂચન કરેલું છે. એક ભાગમાં ઊંચો કિલ્લો હતો જ્યાં રાજકર્તાઓ રહેતા હશે, નગરના બીજા ભાગમાં રૈયત અને ગરીબો રહેતાં હશે. આ આયોજનની એકતા જો તમે હડપ્પાની શેરીઓમાં ચાલતા હોય તો, મકાનો, મંદિરો, કોઠારો, અને રસ્તાઓ પણ મોહેં-જો-દરો કે હડપ્પાનાં નગરો આ બાબતમાં સરખાં હોય. આ સમગ્ર એકતાનો વિચાર કોઈ પરદેશીઓએ સિંધુ ખીણને એકાએક જીતી લઈને ત્યાં નવું નગર બંધાવ્યું હોય તેમાંથી જણાય છે. આવાં નગરોમાં સ્થાનિક લોકોથી રાજકર્તાઓને જુદા પાડવા આયોજન થયું હોય ! આ પ્રમાણે રાજકર્તાઓએ કિલ્લાઓ બાંધ્યા જેથી તેઓ ભવ્ય રીતે પોતાને જુદા રાખી શકે. પરંતુ આવા વિચારો કે હડપ્પન સભ્યતા એકાએક ઉદ્ભવી અને નગરોના આયોજનની એકતાને નવા વિદ્વાનો સ્વીકારતા નથી. હડપ્પન નગરો નદીના પૂરનાં મેદાનો, રણ પ્રદેશની સરહદ પર કે દરિયાકિનારે મળી આવ્યાં છે. તેનો અર્થ એ કે જુદા જુદા પ્રદેશમાં રહેતા લોકોને કુદરતના વિવિધ પડકારોનો સામનો કરવો પડ્યો હશે. આવા વાતાવરણના રૂપાંતરને કારણે નગર-આયોજન અને તેમની જીવન શૈલીમાં વિવિધતા દાખલ થઈ. ઘણા મોટાં અને દેખીતાં અગત્યનાં મકાનો શહેરના નીચેના વિસ્તારમાંથી પ્રાપ્ત થયાં છે. આપણે કેટલીક અગત્યની વસાહતોના આયોજનની આલોચના કરીએ.

હડપ્પા, મોહેં-જો-દરો અને કાલિબંગનની વસાહતોના આયોજનમાં કેટલીક એકતા જણાય છે. આ શહેરોમાં પશ્ચિમ બાજુએ કિલ્લેબંધી અને શહેરની વસાહતનો નીચેનો ભાગ પૂર્વમાં વહેંચાયેલો હતો. કિલ્લો માટીની ઈંટોના મોટા ઓટલા ઉપર બંધાયેલો હતો. આ કિલ્લામાં વિશાળ ઇમારતો હતી. કદાચ તે વહીવટી કે ધાર્મિક ક્રિયાનાં કેન્દ્ર હોવાનું સંભવી શકે. શહેરનો નિમ્નભાગ રહેણાંક માટેનું સ્થાન હતું. મોહેં-જો-દરો અને હડપ્પામાં કિલ્લો ઈંટોની દીવાલોથી ઘેરાયેલો હતો. કાલિબંગનમાં કિલ્લો અને નિમ્ન શહેર બન્ને દીવાલથી ઘેરાયેલાં હતાં. તેના રસ્તાઓ ઉત્તરથી દક્ષિણ અને કાટખૂણે એકબીજાને કાપતા હતા. આ પ્રકારના રસ્તાની અને ઘરોની હારબંધ ગોઠવણી વ્યવસ્થિત સમજપૂર્વકના નગર-આયોજનનો ખ્યાલ આપે છે. જોકે તે સમયના નગર-આયોજકો પાસે સાધનો મર્યાદિત હશે. આ જાતની ધારણા મોહેં-જો-દરો અને કાલિબંગનમાંથી મળેલા અવશેષોને આધારે છે. ત્યાં રસ્તાઓ એક હારમાંથી બીજી હારમાં અનિયમિત છે એટલે કે વ્યવસ્થિત નથી

અને મકાનોની અને રસ્તાઓની હાર પણ મોહેં-જો-દરોના એક ભાગમાંથી (Moneer Area) બીજા ભાગમાં બીજા વિભાગ કરતાં તદ્દન જુદી છે. મોહેં-જો-દરો એક વ્યવસ્થિત સપાટ એકમમાં બંધાયું ન હતું. ટૂંકમાં તે જુદા જુદા તબક્કામાં બંધાયું હતું. હડપ્પા અને મોહેં-જો-દરોમાં મકાનોમાં પકવેલી ઈંટો વપરાઈ હતી. કાલિબંગનમાં માટીની ઈંટો મકાનોમાં વપરાઈ હતી. કોટ દિજી અને સિંધમાં અમરી શહેરને કિલ્લેબંધી ન હતી. તેવી જ રીતે ગુજરાતમાં લોથલમાં પણ જુદા પ્રકારનો વિન્યાસ બતાવે છે. તે લંબચોરસ વસાહત ઈંટોની દીવાલથી ઘેરાયેલી હતી. તેમાં અંદરના વિભાગો જેવા કે કિલ્લેબંધી અને નિમ્નશહેર જેવા નથી. શહેરની પૂર્વ બાજુએ ઈંટોનો ઓવારો છે, જેને ઉત્ખનનકાર બંદરની ગોદી તરીકે ઓળખાવે છે. કચ્છના સુરકોટડામાં બે સરખા વિભાગ છે. મકાનની સામગ્રી મુખ્યત્વે માટીની ઈંટો અને માટીનો સંચય માત્ર છે.




આકૃતિ 5. ઈંટ-માટીની દીવાલ (કાલિબંગન).

હડપ્પન લોકો ચોક્કસ માપની પકવેલી અને કાચી ઈંટો વાપરતા. આ બતાવે છે કે વ્યક્તિગત ઘરમાલિક પોતાના માટે ઈંટો બનાવતા ન હતા. પરંતુ મોટા પાયા પર ઈંટો બનાવવામાં આવતી. તેવી જ રીતે મોહેં-જો-દરો જેવાં શહેરો ઉચ્ચ પ્રકારની આરોગ્યની વ્યવસ્થા બતાવે છે. ઘરનું ગંદું પાણી જવાની નીક જાહેર ગટરની સાથે જોડાયેલી હતી. અને તે રસ્તાઓની બાજુમાં હારબંધ હતી. તે પરથી ખ્યાલ આપે છે કે શહેરનું નાગરિક તંત્ર શહેરી લોકોની આરોગ્ય વિષયક જરૂરિયાતો અંગે નિર્ણય લેતું.

**કેટલીક મોટી ઇમારતો (Some Large Structures)**

હડપ્પા, મોહેં-જો-દરો અને કાલિબંગનમાં કિલ્લેબંધીના વિસ્તારમાં ભવ્ય ઇમારતો છે તેનું ખાસ પ્રયોજન હોવું જોઈએ. આ ઇમારતો માટીની ઈંટોના ઊંચા ઓટલા ઉપર બાંધેલી છે. આ ઇમારતોમાં જાણીતો મોહેં-જો-દરોનો "મોટો સ્નાનાગાર" છે. આ ઈંટોની બાંધેલી ઇમારતનું માપ 12 x 7 મી. અને તેની 3 મી. ઊંડાઈ છે. તેમાં બન્ને બાજુએથી નીસરણીનાં પગથિયાં વડે જઈ શકાય છે. સ્નાનાગારનું તળિયું પાણીને માટે મજબૂત Bitumen "શિલાજિત જેવા પદાર્થ" વાપરીને બનાવેલું છે. બાજુના ઓરડામાંના કૂવામાંથી તેમાં પાણી પહોંચાડવામાં આવતું. તેમાં દીવાલની લગોલગ પાણીને છોડવા માટેની ગટર હતી. સ્નાનાગારને ફરતી ઢાંકેલી છત અને ઓરડાઓ પણ હતા. નિષ્ણાતો સામાન્ય રીતે માને છે કે આ જગા ધાર્મિક વિધિના સ્નાન માટે રાજાઓ કે પુરોહિતોને માટે ઉપયોગમાં લેવાતી હશે.



આકૃતિ 6. ચિત્ર - સ્નાનાગાર (મોહેં-જો-દરો).

બીજી અગત્યની ઇમારત તે મોહેં-જો-દરોના કોટ વિસ્તારમાં અનાજના કોઠારની શોધ. તેમાં ઈંટોનાં 27 જૂથ છે. અને તેમાં હવાઉજાસ માટે જરૂરી જાળિયાં જેવો રસ્તો છે. કોઠારની નીચે ઈંટોનું પ્લેટફોર્મ (ઓટલા જેવું) છે તેરાંથી અનાજ કિલ્લામાં લાવીને એકત્ર કરી શકાય. કેટલાક નિષ્ણાતોએ આ ઇમારતને કોઠાર કહેવા માટે સંશય કર્યો છે. પણ એ ચોક્કસ છે કે આ મોટી ઇમારત કાંઈક અગત્યના કામ માટેની હશે.

મોટા સ્નાનાગારની બાજુમાં એક મોટું મકાન (230 x 78 ફી.) છે તેને ઉચ્ચ અમલદારના નિવાસ સ્થાન તરીકે ઓળખવામાં આવ્યું છે. તેની આગળ 33 ફીટનો ચોરસ ગુલ્લો ભાગ છે ત્યાં ત્રણ ખુલ્લા વરંડા છે. બીજું મહત્ત્વનું મકાન તે સભાખંડ છે તેમાં ચાર હાર પાંચ ઈંટોની ઓટલીની છે જેના ઉપર લાકડાના થાંભલા ઊભા કરેલા હતા. આ ઓરડાઓની હારની પશ્ચિમ બાજુએ બેઠેલા પુરુષની મૂર્તિ મળી આવેલી છે. હડપ્પાનાં જાણીતાં મકાનોમાં મોટો કોઠાર છે તેમાં ઘણાં ઈંટોનાં પ્લેટફોર્મ છે. તેનાથી છ કોઠારની બે હારનું તળિયું બને છે. કોઠારની દક્ષિણ બાજુએ વર્તુળાકાર ઈંટના પ્લેટફોર્મની હાર મળી છે તેનો ઉપયોગ લણણી (કણસલાંમાંથી અનાજના દાણા છૂટા પાડવા) માટે થતો, કારણ, ઘઉં અને જવનાં ડૂંડાં ભોંયતળિયાની ફાટમાંથી મળ્યાં છે.

મોહેં-જો-દરો અને હડપ્પાની તુલનામાં કાલિબંગન વધારે નાનું શહેર હતું. અહીંની મહત્ત્વની શોધમાં અગ્નિની વેદીઓ છે. ઘણાં ઇટોનાં પ્લેટફોર્મ મળી આવ્યાં છે તેમાંના એક ઉપર સાત યજ્ઞકુંડની હાર મળી આવી છે. તેમ જ પશુઓનાં હાડકાં અને સાબર શિંગ સાથેનો ખાડો પણ મળ્યો છે.

**મકાનોની પદ્ધતિ (Housing Pattern)**

સામાન્ય માનવી નિમ્ન શહેરનાં ઘરોમાં રહેતાં જણાય છે. અહીં પણ મકાનોનાં કદમાં વિવિધતા જણાય છે. જો એક જ ઓરડાનું ઘર હોય તે ગુલામો જેવાંના રહેઠાણ માટે હશે. તેના જેવાં રહેઠાણ હડપ્પામાં કોઠાર પાસેથી મળ્યાં છે. બીજાં કેટલાંક ઘરો જેમાં આગળ ખુલ્લો ચોક અને લગભગ બાર ઓરડા મળ્યા છે. મોટાં ઘરોમાં ખાનગી કૂવાઓ અને સંડાસની વ્યવસ્થા હતી. આ જાતનાં મકાનોનો નકશો એક જ પ્રકારનો - ચોરસ પટાંગણ અને તેને ફરતા ઓરડાઓ, ઘરમાં પ્રવેશવા માટે નાની ગલી હતી તે રસ્તાઓને કાટખૂણે અલગ પાડતી હતી. રસ્તાઓ ઉપર બારીઓ ન હતી અર્થાત્ ઘર રસ્તાની બાજુ હોય તેને ઈંટોની દીવાલોની હાર રહેતી. હડપ્પન સભ્યતાનાં નગરો અને શહેરોનાં મકાનોનાં વર્ણનો ઉપરથી સમજાય છે કે કેટલાક લોકો મોટા મકાનોના માલિકો હતા. માત્ર કેટલાક જ સ્નાનાગારમાં સ્નાન કરતાં. કેટલાક ખોલીમાં રહેતા. આપણે ખાતરીપૂર્વક કહી શકીએ કે જેઓ મોટા મકાનમાં રહેતા તે ધનિકવર્ગના અને જે નાની ખોલીઓ (બરાક)માં રહેતા તે મજૂરો જેવા ચાકરી કરતા વર્ગના હોવા જોઈએ. નિમ્ન શહેરનાં મકાનોમાં કેટલાંક કારખાનાં હતાં, કુંભારની ભઠ્ઠીઓ, રંગારાઓની ટાંકીઓ, ધાતુકામના કારીગરોની દુકાનો, શંખનાં આભૂષણો તેમ જ પારાં બનાવનારની દુકાનો ઓળખી શકાઈ છે.


## 6.6.2 માટીનાં વાસણો (Pottery)

હડપ્પાની વસાહતોમાંથી જે અવશેષો પ્રાપ્ત થયા તેમાં માટીનાં વાસણો વધારે મહત્ત્વનાં છે. તેમાં બલુચિસ્તાનની માટીકામની પદ્ધતિ અને સિંધુના પશ્ચિમની પદ્ધતિનું મિશ્રણ છે. મોટા ભાગનાં હડપ્પન માટીનાં વાસણો સાદાં છે. પરંતુ ખાસ ભાગમાં લાલ ઢોળ અને કાળા નંગનાં સુશોભન કરેલાં છે.

ચિત્રિત સુશોભનોમાં ભૂમિસમાંતર રેખાઓ વિવિધ જાડાઈની પાંદડાંની ડિઝાઇનો, તોલ-માપનાં, ચોરસ, જાળીકામ, તાડ અને પીપળાના વૃક્ષનાં ચિત્રો જોવા મળે છે. પક્ષીઓ, માછલીઓ અને પશુઓ પણ તેમાં દેખાય


છે. હડપ્પનની માટીકામમાં ધ્યાન ખેંચે તેવા આકારોમાં બેઠક (Pedestal) તાસકો, પીવાના ઊંચા પ્યાલા, કાણાંવાળાં ગોળાકાર વાસણો અને વિવિધ પ્રકારના વાટકા છે. તેના આકાર અને તેના ઉપરનાં ચિત્રો અંગેની એકરૂપતા સમજાવવી મુશ્કેલ છે. છતાં આ એકરૂપતા માટેનું કારણ એ હતું કે સામાન્ય રીતે સ્થાનિક કુંભારોએ આ વાસણો બનાવેલાં હશે. પણ ગુજરાત અને રાજસ્થાન જેવા પ્રદેશોમાં હડપ્પન માટીનાં વાસણોની સાથે બીજા પ્રકારનાં વાસણો બનાવવાનું ચાલુ હતું. કેટલાંક માટીનાં વાસણો ઉપર છાપ મળી આવી છે જે સ્પષ્ટ કરે છે કે કેટલાક પ્રકારનાં વાસણો વેપાર માટે વેચવાના હેતુસર બનાવેલાં હોવાં જોઈએ. છતાં પણ હજુ એ અસ્પષ્ટ છે કે આવડા મોટા પ્રદેશમાં માટીનાં વાસણોની એક જ પ્રકારની પ્રણાલી કઈ રીતે જોવા મળે છે ?


### 6.6.3 ઓજારો અને સાધનો (Tools and Implements)



આકૃતિ 7. માછલી પકડવાની આંકડીઓ

હડપ્પન ઓજારો અને સાધનોમાં તેની ડિઝાઇન અને ઉત્પાદનમાં એકસરખી પદ્ધતિ જણાય છે તે નોંધપાત્ર છે. તેઓ ત્રાંબું, કાંસું અને પથ્થરનાં હથિયારો વાપરતા. મુખ્યત્વે તેમની જરૂરિયાતનાં હથિયારોમાં સપાટ કુહાડી, છરાં, ભાલાં, ટાંકણાં કે ફરસી અને તીરનાં માથાં તેમ જ ત્રાંબા અને કાંસાનાં ઓજારો હતાં, સભ્યતાના પછીના કાળમાં તેઓ જમૈયા, ચપ્પાં અને સપાટ ધારવાળી ફરસી પણ વાપરતા. કાંસા અને ત્રાંબાનાં બીબાં બનાવવાની ટેકનિકથી પણ તેઓ જાણકાર હતા. પથ્થરનાં હથિયારો રોજિંદા વપરાશમાં હતાં. મોટા જથ્થામાં સિંધના સક્કરના કારખાનામાં તેઓ બનાવતા અને જુદાં જુદાં શહેરો - વિસ્તારોમાં મોકલતા. આને કારણે હથિયારોના પ્રકારોના સામ્ય વિશેનો ખ્યાલ આવી શકે. ''પ્રાચીન હડપ્પન'' સમયમાં હથિયારો બનાવવાની વિવિધ જે પદ્ધતિઓ હતી તેના કરતાં પરિપક્વ હડપ્પન પોતાનું ધ્યાન ધારદાર પાનાં બનાવવામાં વધારે કેન્દ્રિત કરતા. તે દર્શાવે છે કે તેઓમાં ઊંચી કક્ષાની કાબેલિયત અને તેને લગતા જ્ઞાનમાં વિશિષ્ટતા કેળવવાનો ગુણ હોવાથી તેઓ વસ્તુઓનાં સૌંદર્ય અને નવા નવા ફેરફાર કરવામાં ખાસ ધ્યાન આપતા નહીં.





આકૃતિ 8. પથ્થરની ધારવાળાં હથિયારો (મોહેં-જો-દરો). આકૃતિ 9. ત્રાંબા અને કાંસાનાં હથિયારો હડપ્પનો વાપરતા.

### 6.6.4 કલા અને કારીગરી (Arts and Crafts)

કલાકૃતિઓ બતાવે છે કે તેઓ તેમના આસપાસના વાતાવરણ સાથે કેવા સંબંધ રાખતા. આપણને તેની પ્રકૃતિ અને માનવ તરફની દૃષ્ટિ અને દૈવી વિચારોનો ખ્યાલ આપે છે. પૂર્વ અર્વાચીન સમાજમાં કલા અને કારીગીરીને જુદા પાડવાનું મુશ્કેલ છે તેથી આપણે તેની સાથે અભ્યાસ કરીશું.

હડપ્પન સભ્યતાનો બહુ જાણીતો કલાનો નમૂનો તે ધાતુની નૃત્ય કરતી નગ્ન આકૃતિ છે જે મોહેં-જો-દરોમાંથી પ્રાપ્ત થઈ હતી. તેનું માથું પાછળની બાજુ ખેંચાયેલું, નીચે ઢળતી આંખો, જમણો હાથ કમર નીચે અને ડાબો હાથ નીચે લટકતો બતાવે છે કે આ આકૃતિ નૃત્યની મુદ્રામાં છે. તેણે ઘણી બંગડીઓ પહેરેલી છે. અને તેના વાળની લટ ગૂંથેલી છે. હડપ્પન કલાનો આ શ્રેષ્ઠ નમૂનો છે. ધાતુની ભેંસ અને મેંઢાની આકૃતિઓમાં પ્રાણીઓની લાક્ષણિકતાને બરાબર પકડેલી છે. બે નાનાં નાનાં રમકડાંનાં ધાતુનાં ગાડાં પણ ઘણી જાણીતી વસ્તુઓ છે. એક હડપ્પામાંથી અને બીજું ચન્હુડરો જે 650 કિલોમીટરના અંતરે આવેલું છે ત્યાંથી મળેલાં છે છતાં તેઓ ડિઝાઇનમાં એકસરખાં છે.

દાઢીવાળું, માથાવાળું પથ્થરનું શિલ્પ મોહેં-જો-દરોમાંથી મળ્યું છે તે પણ કલાનો જાણીતો નમૂનો છે. મોં ઉપર દાઢી છે અને ઉપરના હોઠને વ્યવસ્થિત હજામત કરેલી છે તેની અર્ધ મીચેલી આંખો તેની ધ્યાનાવસ્થાની સ્થિતિ બતાવે છે. તેના ડાબા ખભા ઉપરના વચ્ચમાં ઊપસેલી ત્રણ પડવાળા વસ્ત્રની કોતરેલી ડિઝાઇન છે. કેટલાક વિદ્વાનો માને છે કે આ પુરોહિતનું (માથાથી છાતી સુધી) અર્ધબાવલું છે.



**આકૃતિ 10. કાંસાની નૃત્ય કરતી છોકરી (મોહેં-જો-દરો).**



**આકૃતિ 11. દાઢીવાળો માણસ (મોહેં-જો-દરો).**

પુરુષના ઘડનાં બે નાનાં શિલ્પો હડપ્પામાંથી મળી આવ્યાં છે. એમ માનવામાં આવે છે કે તે પછીના હડપ્પાના સમયનાં છે. આ શિલ્પોનો આબેહૂબ અને સુંદર નમૂનેદાર માંસલદેહ અદ્ભુત છે. હડપ્પનોએ પોતાની કલાત્મક કૃતિઓ માટે પથ્થર કે ધાતુનો મોટા પાયે ઉપયોગ કરેલો જણાતો નથી. આવા અવશેષોની પ્રાપ્તિ વિરલ છે.

હડપ્પન વસાહતોમાંથી પકવેલી માટીની આકૃતિઓ મોટી સંખ્યામાં પ્રાપ્ત થઈ છે. આ આકૃતિઓ રમકડાં માટે અથવા ધાર્મિક માન્યતાના હેતુથી બનાવેલી હશે. ખૂંધવાળાં અને ખૂંધ વગરનાં બળદોની સાથોસાથ વિવિધ પક્ષીઓ અને વાનરો, કૂતરાં, ઘેટાં અને પશુઓની પણ આવી આકૃતિઓ મળી આવે છે. મોટી સંખ્યાની સ્ત્રી અને પુરુષની આકૃતિઓ મળી આવી છે. વિવિધ પ્રકારનાં પકવેલી માટીનાં ગાડાં તેમની આકૃતિ બનાવવાની ચપળતા નોંધપાત્ર છે. આ આકૃતિઓથી એ સ્પષ્ટ થાય છે કે આજના જમાનામાં જે બળદગાડાં વપરાય છે તેના પૂર્વજો જેવા પૂર્વ સ્વરૂપ આ નમૂનાઓ છે.

હડપ્પનો ખૂબ સુંદર મણકા બનાવતા હતા. આ મણકા પથ્થરના કિંમતી અને અર્ધકિંમતી પથ્થરો જેવા કે અકીક, વૈર્ણય (Turquoise), ઇન્દ્રગોપ (Carnelian) અને સેલખડી (Steatite). આ મણકા બનાવવાનું કારખાનું ચન્હુડરોમાંથી મળી આવ્યું છે તેથી તેને બનાવવાની રીત સ્પષ્ટ થાય છે. આ પદ્ધતિમાં પ્રથમ પથ્થરને

લંબચોરસ કાપીને તેને ગોળાકાર બનાવીને તેને ચકચકિત બનાવવામાં આવતા છેલ્લે તેમાં શારડીથી શાર પાડવામાં આવતા. આ શારડી પથ્થરની કે ધાતુની પણ હોય. સોના અને ચાંદીના મણકા મળી આવ્યા છે. મણકા બનાવવા વધુમાં વધુ સેલખડી(Steatite)નો ઉપયોગ થતો. મણકાઓનો નળાકાર અર્થ તેમાં ત્રિદલ ડિઝાઇન તે હડપ્પન સંસ્કૃતિ સાથે સંકળાયેલી છે. અકીકના મણકા પણ સામાન્ય હતા. મોહેં-જો-દરોમાંથી અલંકારનો સંગ્રહ મળી આવ્યો છે જેમાં સોનાના મણકા, રીબન અને બીજા દાગીનાં છે. ચાંદીની નાની તાસકો પણ મળી આવી છે.

હડપ્પન વસાહતોમાંથી 2000 થી વધુ મુદ્રાઓ મળી આવી છે. પ્રાચીન કારીગીરી ક્ષેત્રે આ મુદ્રાઓ સિંધુ સભ્યતાનો મહત્ત્વનો ફાળો ગણાવી શકાય. આ મુદ્રાઓ સામાન્ય રીતે ચોરસ છે, અને તે સેલખડીની બનાવેલી છે પણ કેટલીક વર્તુળાકાર મુદ્રાઓ પણ મળી આવી છે. મુદ્રા ઉપરની લિપિ ડિઝાઇનમાં વિવિધ જાતનાં પશુઓ સાથે તેમના વર્ગનાં ચિહ્ન અને અર્ધ ચિત્રાત્મક લિપિ છે. કેટલીક મુદ્રાઓમાં માત્ર લિપિ છે. જ્યારે કેટલીકમાં માનવ અને અર્ધમાનવ આકારો છે. કેટલીક મુદ્રાઓમાં ભૌમિતિક ડિઝાઇનો જણાય છે. પશુઓની આકૃતિઓમાં ભારતીય જંગલી પાડો (Bison), બ્રાહ્મણી વૃષભ, ગેંડો, વાઘ અને હાથી જણાય છે. નરપશુનાં સંયુક્ત સ્વરૂપો અથવા વિવિધ પશુઓની એક સંયુક્ત આકૃતિઓ બતાવેલી છે. આવી વારંવાર રજૂ થતી આકૃતિ તે માણસના માથાને હાથીની સૂંઢ અને દંતશૂળ, વૃષભનાં શિંગડાં, બકરાંનો આગળનો ભાગ અને વાઘનો 1/4 પૃષ્ઠભાગ. અનેક પ્રકારની મુદ્રાઓ ધાર્મિક કાર્ય માટે વપરાતી હશે. વધારામાં મુદ્રાઓનો ઉપયોગ દૂરના શહેરના માલસામાનના બદલા માટે થતો હશે. શિંગડાવાળા દેવની યોગાસનમાં બેઠેલી આકૃતિને ફરતાં પશુઓ છે તેથી તેને પશુપતિ દેવ તરીકે ઓળખવામાં આવે છે.

હડપ્પાના કલા વિષયક નમૂનાઓએ આપણને બે બાબતમાં નિરાશ કર્યા છે : (1) ખૂબ જ ઓછી સંખ્યામાં અવશેષો પ્રાપ્ત થયા છે અને (2) સમકાલીન ઇજિપ્ત અને મેસોપોટેમિયાની સભ્યતામાં જે વૈવિધ્ય જોવા મળે છે તેનો અહીં અભાવ છે.

## 6.6.5 સિંધુ લિપિ (The Indus Script)

હડપ્પન મુદ્રાઓ લેખનના સ્વરૂપવાળી છે. આ લિપિ હજુ પણ આપણા માટે કોયડો છે, કારણ આપણે તેને વાંચી શક્યા નથી. પ્રાચીન ઇજિપ્તની ભુલાઈ ગયેલી લિપિ વાંચી શકાઈ છે તે કારણે વિદ્વાનોએ કેટલાક લેખો ભુલાઈ ગયેલી લિપિને પ્રચલિત લિપિ સાથેનાં તેનાં સ્વરૂપો પરથી શોધી કાઢ્યા છે. હજુ સુધી આપણે હડપ્પનની દ્વિલિપિયુક્ત લેખો શોધી શક્યા નથી. આથી આપણે જાણતા નથી કે હડપ્પનો કઈ ભાષા બોલતા હશે અને તેઓ શું લખતા હશે ? કમનસીબે જે કાંઈ લખાણો મળ્યાં છે તે ખૂબ ટૂંકાં છે અને સામાન્ય રીતે તે લખાણો મુદ્રાઓમાં કોતરેલાં છે. આ લિપિ ઉકેલવાનું કામ ઘણું મુશ્કેલ બને છે. આપણે એટલું જ જાણીએ છીએ કે તેઓ પ્રતીકાત્મક અને જમણી બાજુએથી ડાબી બાજુએ લખતા. હજુ પણ વિદ્વાનો લિપિના રહસ્યનો પડદો ખોલવા મથામણ કરે છે. તે વંચાશે ત્યારે આપણે આ સભ્યતા વિશે વધારે જાણી શકીશું.

## 6.6.6 નિર્વાહની પદ્ધતિ (Subsistence Pattern)

હડપ્પાનું શહેરીકરણ ખેતીની પેદાશ આધારિત હતું. ઘણા જુદા જુદા ઉત્ખનન વખતે હડપ્પનની ખોરાક ખાવાની ટેવો વિશે મોટા પ્રમાણમાં માહિતી ઉપલબ્ધ થઈ છે. ઘેટાં અને બકરાં ઉપરાંત ખૂંધાળાં પશુઓને પાળવામાં આવતાં. ડુક્કર, ભેંસ, હાથી અને ઊંટનાં હાડકાં ઘણી વસાહતોમાંથી મળી આવ્યાં છે. આપણે હજુ જાણતા નથી કે આ પશુઓ પાળવામાં આવતાં કે તેમનો શિકાર કરવામાં આવતો. કેટલીક મુદ્રાઓ ઉપર અંબાડીયુક્ત હાથી રજૂ થયેલા છે. તેથી બતાવે છે કે હાથીને પાળવામાં આવતા હશે. મરઘાંનાં પણ હાડકાં મળી આવ્યાં છે. શક્ય છે કે તેને પણ પાળવામાં આવતાં હોય. ઘણા જંગલી પશુઓનાં હાડકાં પણ મળી આવ્યાં છે તેમાં હરણ, ગેંડો, કાચબા વગેરેનાં (હાડકાં) છે. હડપ્પન લોકો ઘોડાથી અજાણ હોય એમ લાગે છે.

હડપ્પન ક્ષેત્રમાં બે પ્રકારના ઘઉં પ્રાપ્ત થયા છે. જવ ઘણીવાર મળી આવ્યા છે. બીજા પાકમાં ખારેક અને જુદી જુદી જાતના કઠોળના છોડ જેવા કે વટાણા મળી આવ્યા છે. આ ઉપરાંત તેઓ રાઈ અને તલ ઉગાડતા હતા. લોથલ અને રંગપુરમાં માટીનાં વાસણોમાં ચોખાનાં ડૂંડવાં મળી આવ્યાં છે. હજી આપણે જાણી શક્યા નથી કે આ એક પ્રકારના જંગલી જાતના ચોખા હશે કે તેનો નિયમિત પાક ઘરના ઉપયોગ માટે લેવામાં આવતો હશે. ભારત તેના પરંપરાગત સુતરાઉ કાપડ માટે પ્રખ્યાત છે. મોહેં-જો-દરોમાં સુતરાઉ કાપડનો ટુકડો મળી આવ્યો છે. આ સ્પષ્ટ કહે છે કે હડપ્પન લોકો કપાસ કેમ ઉગાડવો અને તેનાં કપડાં પહેરવા અંગે માહિતગાર હતા.

કાલીબંગનમાં ખેડેલી ચાસ પાડેલી જમીનના પુરાવા પ્રાપ્ત થયા છે તે બતાવે છે કે હડપ્પન લોકો કોઈ પ્રકારનું લાકડાનું હળ વાપરતા હશે. ચાસ પાડેલી જમીનમાં ચાસ એક દિશામાં અને પછી તેને કાપતાં બીજી દિશામાં મોટા વિસ્તારમાં મળ્યા છે. હજુ પણ આ પ્રદેશમાં તે જ પદ્ધતિ ચાલે છે. હાલના ખેડૂતો તેના ખેતરમાં આ જ પદ્ધતિ ચણા કે તલ વાવવા માટે એક દિશામાં ચાસ પાડે છે. આ જ પદ્ધતિ હડપ્પન માટે પણ યોગ્ય હશે.

આમ આપણે જોયું કે હડપ્પનની ગુજરાનની પદ્ધતિ મોટા ભાગે પાક, પાલતુ અને જંગલી પ્રાણીઓ ઉપર આધારિત છે. ગુજરાનની આ પદ્ધતિ તેમની નિપુણતા દર્શાવે છે. એકીસાથે તેઓ બે કે વધારે પ્રકારના પાક લેતા હશે. આ તેમના કૃષિ અર્થતંત્રની ક્ષમતા દર્શાવે છે કારણ કે મોટી સંખ્યામાં લોકો શહેરમાં રહેતા અને તેઓ કોઈ પણ જાતનો ખોરાક ઉત્પન્ન કરતા નહીં. તેઓ વિશેષ પ્રમાણમાં આ પ્રકારના કૃષિ તંત્ર પર આધારિત હતા.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1. હડપ્પન સભ્યતાનાં સાધનોની લાક્ષણિકતાની ચર્ચા દસ લીટીમાં કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. નીચેનાં વિધાનોને તેમની સામે ખરા ( ✓ ) અને ખોટા ( ✗ ) ની નિશાની કરો :

(1) મોટું સ્નાનગૃહ હડપ્પામાંથી મળી આવ્યું છે તે ઈંટોની ઇમારત છે. (     )

(2) મોહેં-જો-દરોમાંથી મળી આવેલી અગત્યની ઇમારત મોટો કોઠાર છે. (     )

(3) લોથલમાં અગ્નિની વેદીની શોધ થઈ. (     )

(4) હડપ્પન લોકો લોખંડનાં બનાવેલાં હથિયારો વાપરતા. (     )

(5) હડપ્પનની લિપિ હજુ વાંચી શકાઈ નથી. (     )

3. સાચા જવાબો સાથે ખાલી જગ્યા પૂરો :

(1) ધાતુની નર્તકી મળી આવી ................ (મોહેં-જો-દરો, હડપ્પા, કાલિબંગન) જે હડપ્પાની ઊંચી કારીગીરીનો નમૂનો છે.

(2) લોથલમાં ................ (ચોખા/ઘઉં/બાજરી) માટીમાં ભેળવેલા મળી આવ્યા છે.

(3) પ્રાણીઓમાં ................ (હાથી/ઉંટ/ઘોડા) હડપ્પનો માટે જાણીતા ન હતા.

(4) રૂના પુરાવા ................ (હડપ્પા/મોહેં-જો-દરો/ કાલિબંગન) માંથી મળી આવે છે.

## 6.7 સારાંશ

આ એકમમાં તમે હડપ્પન ક્ષેત્રનું ભૌગોલિક સ્થાન અને સાધનોની લાક્ષણિકતાઓ શીખ્યા. ભૌગોલિક લક્ષણોના ઐક્યને કારણે હડપ્પા, મોહેં-જો-દરો અને ઘગ્ગરની ધરી ઉપર એકસરખી ગુજરાનની પદ્ધતિ વિકસી. બીજાં પણ ક્ષેત્રો છે કે જ્યાં વસાહતો જુદી છે, કારણ ત્યાં ભૌગોલિક લક્ષણો જુદાં પડે છે. હડપ્પનોનું નગર-આયોજન ઘણું જ નિપુણ હતું. હડપ્પનનાં નગરોમાં ઘરો અને ગટર યોજના હડપ્પનોની ભૌતિક ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ બતાવે છે. મોટે ભાગે હડપ્પાનું માટીકામ, હથિયારો અને ઓજારોમાં પદ્ધતિનું ઐક્ય જણાય છે. હડપ્પાની મુદ્રાઓ અને મણકા કલાકારીગીરીના સુંદર નમૂના છે. પરંતુ તેના પથ્થરનાં શિલ્પો અને પકવેલી માટીની આકૃતિઓ સમકાલીન ઇજિપ્ત અને મેસોપોટેમિયાની કલાની દૃષ્ટિએ શ્રેષ્ઠતા ઘણી ઊણી ઊતરે છે. હડપ્પાની જીવનશૈલી અનેક જાતના પાકની ખેતી અને પશુઓના પાલન ઉપર આધારિત હતી. શહેરની મોટા ભાગની પ્રજા કે જે ખોરાક ઉત્પન્ન કરતી ન હતી અને બીજાં ક્ષેત્રોમાંથી ખોરાક પ્રાપ્ત કરતી હતી તે તેમની વાહનવ્યવહારની નિપુણતાનો તેમની અર્થતંત્રની અસરકારકતાનો ખ્યાલ આપે છે.

## 6.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ઉચ્ચ પ્રદેશ :** ઊંચી જમીનનો વિશાળ ભાગ

**ઉત્ખનન :** જૂના ક્ષેત્રમાં ખોદવાનું કામ

**કોટ કિલ્લો :** શહેરનો કિલ્લો

**કોઠાર :** અનાજ સંગ્રહવાનું સ્થાન

**ખાળ-ગટર :** ગંદું પાણી નીચે ધકેલવાનો માર્ગ

**ચિત્રાત્મક લિપિ :** લિપિ જેમાં ચિત્રો પ્રતીક તરીકે વપરાય છે.

**પકવેલી માટી :** માટી અને રેતનું મિશ્રણ પૂતળાં બનાવવામાં વપરાતું..તેને અગ્નિમાં પકવીને લાલ-બદામી રંગનું બનાવાતું.

**વાંકોચૂકો પ્રવાહ :** નદીનો વળાંક જ્યાંથી તેનો પ્રવાહ મંદ વહીને ઘણા વ્યાવર્તન અને વળાંક સાથે તેનો કાંપ જમા કરે છે.

**હડપ્પનનો પૂર્વનો પ્રદેશ :** ખાસ કરીને હડપ્પન ક્ષેત્ર રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને યુ.પી.નો ઉલ્લેખ.

**હથિયારો :** માણસ દ્વારા હાથે બનાવેલી વસ્તુઓ

## 6.9 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. તમારા જવાબમાં નીચેના મુદ્દા દાખલ કરવા જોઈએ :
   ભૌગોલિક જગ્યા અને હડપ્પાના ગુજરાનની પદ્ધતિનું વર્ણન, મોહેં-જો-દરો, કાલિબંગન, લોથલ, અને Sutkagen Dor ની ભૌગોલિક જગાની ચર્ચા માટે જુઓ વિભાગ 6.5 અને ગૌણ વિભાગ 6.5.1 થી 6.5.5
2. (1) ઘ (2) ક (3) ખ (4) ગ
3. (1) ✗ (2) ✗ (3) ✗ (4) ✓

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

તમારા જવાબમાં નીચેનાંને સામેલ કરો :

1. હડપ્પનના નગર-આયોજનની ચર્ચા, માટીનાં વાસણો, ઓજારો અને હથિયારો, કલા અને કારીગીરી, સિંધુ લિપિ અને ગુજરાતની પદ્ધતિની ચર્ચા. જુઓ વિભાગ 6.6 અને ગૌણ વિભાગ 6.6.1 થી 6.6.6
2. (1) ✗ (2) ✗ (3) ✗ (4) ✗ (5) ✓
3. (1) મોહેં-જો-દરો (2) ચોખા (3) ઘોડો (4) મોહેં-જો-દરો.

# એકમ 7 સંપર્કોનું સ્વરૂપ (Nature of Contact)

રૂપરેખા

7.0 ઉદ્દેશો
7.1 પ્રસ્તાવના
7.2 વ્યાપારી માળખાંની સ્થાપના
7.3 અંતરપ્રદેશીય સંપર્કો
7.3.1 શહેરો
7.3.2 ગામડાં
7.4 કાચા માલનું ઉદ્ભવ સ્થાન
7.5 વિનિમય પ્રદ્ધતિ
7.6 ઈરાની અખાત અને મેસોપોટેમિયા સાથે વ્યાપાર
7.6.1 પુરાતત્ત્વીય પુરાવા
7.6.2 સાહિત્યિક પુરાવા
7.7 વાહનવ્યવહારનો પ્રકાર
7.8 સારાંશ
7.9 ચાવીરૂપ શબ્દો
7.10 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

## 7.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે -

- શા માટે હડપ્પનોએ દૂરના પ્રદેશો સાથે સંબંધો બાંધવા પ્રયત્ન કર્યા હતા તે સમજી શકશો.
- હડપ્પનોનાં નગરો અને આસપાસનાં ક્ષેત્રોના સંપર્કોની પદ્ધતિ જાણી શકશો.
- હડપ્પનોની પશ્ચિમી એશિયાની સભ્યતાના સમકાલીન પ્રદેશોની વટાવ પ્રવૃતિ અને વેપાર વિશેનું જ્ઞાન મેળવી શકશો.
- આ સંપર્કોની પદ્ધતિ અને વટાવ કાર્યની માહિતીના ઉદ્ભવ વિશે જાણી શકશો.

## 7.1 પ્રસ્તાવના

હડપ્પન સભ્યતા મોટી સંખ્યામાં નાનાં અને મોટાં નગરોના અસ્તિત્વથી જાણી શકાઈ હતી. હડપ્પન અને મોહેં-જો-દરોનાં શહેરો ઉપરાંત ઘણી નાની વસાહતો જેવી કે અલ્લાડિનો (Allahdino) (કરાંચી પાસે)માં પણ શહેર અર્થતંત્રનાં લક્ષણો જણાય છે. શહેરી અર્થતંત્રની લાક્ષણિકતા એ કે તેના ભૌગોલિક વિસ્તાર બહારના પ્રદેશોમાંથી તે:પોતાનું વ્યાપારી સંબંધોનું માળખું તૈયાર કરી શકે છે. તમે આ એકમમાં જોઈ શકશો કે હડપ્પન લોકોએ સેંકડો માઈલને અંતરે આવેલાં નગરો સાથે સક્રિય આંતર- સંબંધો બાંધ્યા.

આ એકમ સમજાવે છે કે શા માટે આ શહેરોએ વ્યાપારિક સંબંધો તેમ જ આંતર-પ્રાદેશિક વેપારનું માળખું તૈયાર કર્યું. આ ઉપરાંત કાચા માલના સ્રોત-મૂળ અને સમકાલીન પશ્ચિમ એશિયાની સભ્યતાના સંબંધોના વિસ્તારનો ખ્યાલ આવે છે. હડપ્પન સભ્યતા અંગેની માહિતી જુદા જુદા ઐતિહાસિક સ્રોતને આધારે મેળવી શકાય છે તે આ એકમમાં બતાવેલું છે.

## 7.2 વ્યાપારી માળખાંની સ્થાપના (Establishment of Trading Networks)

એમ માનવામાં આવે છે કે પ્રાગ્-શહેરી સમાજમાં દૂરદૂરનાં ક્ષેત્રો સાથે સક્રિય આંતર-પ્રવૃતિ ઉદ્ભવી ન હતી. એવો પણ પ્રશ્ન ઉદ્ભવે કે આ નગરજનોએ દૂરના પ્રદેશમાં સંબંધો કેમ સ્થાપ્યા અને આપણે કેવી રીતે જાણી શકીએ કે તેઓના આ સંપર્કો હતા ? શહેરી કેન્દ્રોમાં મોટા ભાગની પ્રજા ખોરાકના ઉત્પાદન સિવાયની

પ્રવૃત્તિમાં જોડાયેલી હતી. આ લોકો વહીવટી, ધાર્મિક, વ્યાપારી અને માલ બનાવવાનાં કાર્યમાં જોડાયેલા હતા. તેઓ પોતાના માટે ખોરાક ઉત્પન્ન કરતા ન હતા પણ બીજાઓએ તેમને માટે ખોરાક ઉત્પન્ન તૈયાર કરવો પડતો. આથી શહેરોને આજુબાજુના ગ્રામ્ય પ્રદેશ પર પોતાનો ખોરાક મેળવવા આધાર રાખવો પડતો.

શહેર અને ગ્રામ્ય પ્રદેશ વચ્ચેના સંબંધો અસમાન હતા. તે આપણા માટે અગત્યનું છે. વહીવટનાં કે ધર્મનાં કેન્દ્રો વિકસાવીને શહેરોએ સમગ્ર ગ્રામ્ય પ્રદેશની પૂંજીને ખેંચી. આ ધન નદી કિનારાના પ્રદેશોમાંથી કર (ટેક્ષ), ખંડણી, દાન અને માલની ખરીદીના રૂપમાં ખેંચી લેવામાં આવતું. હડપ્પન સમાજમાં શહેરી સમાજના વગદાર વર્ગ દ્વારા આ ધન ઉપર કાબૂ રહેતો. સાથોસાથ શ્રીમંત વર્ગ અને શહેરના વગદાર લોકો એશઆરામનું જીવન વ્યતીત કરતા, તેમના સામાજિક ઉચ્ચ ધોરણનો ખ્યાલ તેમણે બાંધેલાં મકાનો અને સ્થાનિક ક્ષેત્રે અપ્રાપ્ય વસ્તુઓ-મોજશોખની ચીજોના ઉપયોગ પરથી આવે છે. આ સ્પષ્ટ કરે છે કે આ શહેરના દૂરના દેશો સાથે સંપર્ક રાખવાનું મુખ્ય કારણ શ્રીમંત અને શક્તિશાળી લોકોની જરૂરિયાત પૂરી કરવાનું હતું. આ અનેક પરિબળોમાંનું એક કારણ હોઈ શકે કે હડપ્પન લોકોએ દૂરદૂરના પ્રદેશો સાથે પોતાના સંબંધો સ્થાપ્યા હોય.

હડપ્પા, બહાવલપુર અને મોહેં-જો-દરો હડપ્પન સભ્યતાના હાર્દ સમાન પ્રદેશો જણાય છે. હડપ્પન વસાહતોની અસરવાળા જે પ્રદેશો છે તે લગભગ 1 લાખ સમચોરસ કિલોમીટરમાં છે.

એક યોગ્ય સવાલ પૂછી શકાય કે કેટલાંક હડપ્પન સ્થળો છેક દૂરના પ્રદેશો જેવા કે અફઘાનિસ્તાનમાં શોરટુઘાઈ (Shortughai) અને ગુજરાતમાં ભગત્રાવમાં કેવી રીતે મળી આવ્યાં ? તેનો યોગ્ય જવાબ એ હોઈ શકે કે જુદા જુદા પ્રદેશો વચ્ચેના વેપારનું માળખું અને આર્થિક ક્ષેત્રે પારસ્પરિક અવલંબન જુદી જુદી પાયાની જરૂરિયાતને કારણે સિંધુ ખીણના પ્રદેશોનું આંતર-જોડાણ થયેલું છે. આ જરૂરિયાત ખેતીની પેદાશ, ખનીજ પદાર્થો, ઇમારતી લાકડું વગેરે અને આ બધું વેપારી સંબંધો સ્થાપિત કરવાથી પ્રાપ્ત થઈ શકે. સિંધુ હકરા (Hakra) મેદાનો જેવા ફળદ્રુપ પ્રદેશોમાંથી ઉદ્ભવતી ચીજોને શ્રીમંત હડપ્પનોને વધારે ને વધારે મોજશોખ ખાતર અંકુશ પ્રાપ્ત કરવાની જરૂર પડી. આ કારણે તેઓએ મધ્ય એશિયા અને અફઘાનિસ્તાન સાથેના સંબંધો ઘનિષ્ઠ કર્યા. તેઓએ ગુજરાત અને ગંગાની ખીણ જેવા પ્રદેશોમાં વસાહતો સ્થાપી.

## 7.3 અંતરપ્રદેશીય સંપર્કો (Intraregional Contacts)

નીચેના વિભાગોમાં હડપ્પન નગરોનું તે જ સમયનાં બીજાં શહેરો અને સમાજો સાથેના સંપર્કોની પદ્ધતિ વિશેનું મૂલ્યાંકન કરીશું. આપણી માહિતી હડપ્પન નગરોમાંથી ઉપલબ્ધ અવશેષો આધારિત છે. કેટલીક માહિતી સમકાલીન મોસેપોટેમિયાના સાહિત્યિક ઉલ્લેખોમાંથી ચોક્કસ કરાઈ છે.

### 7.3.1 શહેરો (Cities)

હડપ્પા અને મોહેં-જો-દરોમાં કોઠાર હોવાના પુરાવાથી આપણે શરૂઆત કરીશું. આથી મોટી ઇમારતો અનાજના સંગ્રહ માટે હતી. આપણે અગાઉ જોઈ ગયા છીએ કે પ્રાચીન શહેરી કેન્દ્રો પોતાના ખોરાક માટે ગામડાંઓ ઉપર આધાર રાખતાં. કોઠારોનું અસ્તિત્વ બતાવે છે કે રાજકર્તાઓનો પ્રયત્ન ખોરાક પૂરો પાડવાની ખાતરી માટે કોઠારોની જરૂરિયાત બતાવે છે. શક્ય છે કે ખોરાક માટે અનાજ બાજુનાં ગામોમાંથી લાવીને અહીં સંઘરવામાં આવતું હશે. અને પછી નગરજનોને તેમાંથી વહેંચણી કરવામાં આવતી હશે. અનાજ દરરોજ વિપુલ જથ્થામાં વપરાતું હોય છે. આથી મોટા જથ્થામાં અનાજ એકત્ર કરીને ગાડા કે વહાણ મારફતે લાવવામાં આવતું. લાંબા અંતરેથી મોટા જથ્થામાં અનાજ લાવવાનું મુશ્કેલ થાય. તેથી ખેતી માટે ફળદ્રુપ હોય એવા વિસ્તારમાં આ નગરો વસ્યાં છે જેથી આજુબાજુના પ્રદેશોમાંથી અનાજ એકઠું કરી શકાય.

જેમ કે મોહેં-જો-દરો સિંધના લારખાનામાં આવેલું છે. આજના વર્તમાન યુગમાં પણ આ પ્રદેશ સિંધનો સૌથી મોટો ફળદ્રુપ પ્રદેશ છે. બીજી વસાહતો અગત્યના વ્યાપારી માર્ગો કે ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉદ્ભવી. આવા સંજોગોમાં ફળદ્રુપ ખેતીના પ્રદેશની પસંદગી કરતાં પણ વ્યાપાર અને માલસામાનની અદલાબદલીની શક્યતા પણ જોવાતી.

માટે જ નિષ્ણાતો મોટાં શહેરોના સ્થાનનાં કારણોની ચર્ચા કરે ત્યારે તેઓ જુએ કે :

- ખોરાક ઉત્પાદન માટેની તે જગાની ક્ષમતા, અને
- વ્યાપારી માર્ગ અને ખનીજના ઉદ્ભવની સમીપતા.

જો આપણે આ વિચારણા પ્રમાણે જોઈએ તો હડપ્પાની જગા સુયોગ્ય સ્થળે છે. સમગ્ર ભૌગોલિક પ્રદેશના તેના ભાગમાં એક પણ હડપ્પન વસાહત મળી નથી. ઓગણીસમા સૈકામાં પણ પશુપાલન કરતી ભટકતી ટોળી મોટા પ્રમાણમાં અહીં હતી. નિષ્ણાતો એવા અભિપ્રાય ઉપર આવ્યા છે કે હડપ્પનો એવા સ્થળે રહેતા હશે કે જ્યાં દક્ષિણમાં કૃષિ વસાહત અને વાયવ્યમાં પશુપાલન કરતી ટોળીનો વિભાગ જુદો પડતો હશે. આને કારણે

હડપ્પનો બન્ને બાજૂની પડોશી પ્રજાની વસ્તુઓનો લાભ લઈ શકતા. એવું સૂચન થાય છે કે હડપ્પામાં અન્નનું ઉત્પાદન થતું ન હોવા છતાં મોટા નગર તરીકે વિકાસ થયો કારણકે તેનું સ્થાન વ્યૂહાત્મક દૃષ્ટિએ એવું વ્યાપારી વસાહત તરીકેનું હતું. જો આપણે હડપ્પાને કેન્દ્રમાં રાખીને તેની આસપાસ વર્તુળ દોરીએ તો તે લગભગ 300 કિ.મી.નું ક્ષેત્ર આવરી લે. આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે હડપ્પાનું સ્થાન લાભકારક હતું.

(1) હડપ્પનો હિંદુકુશ અને વાયવ્યની સરહદમાં પ્રવેશી શકતા. હડપ્પનો લગભગ દસેક દિવસની મુસાફરી પછી દૂરથી કીમતી પથ્થરો જેવા કે વૈદૂર્યમણિ વગેરે આ માર્ગેથી લાવતા.

(2) મીઠાના વિસ્તારોમાંથી તે સિંધાલુણ મેળવતા.

(3) રાજસ્થાનમાંથી કલાઈ અને ત્રાંબું મેળવી શકતા.

(4) કદાચ તેઓ કાશ્મીરમાંથી સોનું અને બીજા કીમતી પથ્થરો મેળવતા.

(5) આ 300 કિ.મી. ના વર્તુળમાં તેમને પંજાબની પાંચ નદીઓનો સંગમ એક જ પ્રવાહમાં મળતો. એટલે હડપ્પાનો સમગ્ર વ્યવહાર પંજાબની પાંચ નદીઓ મારફતે કરતા. જ્યારે સિમેન્ટ- કપચીના મિશ્રણના રસ્તા ન હતા ત્યારે નદી મારફતે માલસામાન મોકલવું વધારે સરળ હતું.

(6) કાશ્મીરના પર્વતાળ વિસ્તારમાંથી ઇમારતી લાકડું મળતું. હડપ્પા એવી જગ્યાએ આવેલું છે કે આજના સમયમાં પણ પૂર્વ અને પશ્ચિમનો ઘણો વેપાર અહીંથી થાય છે.

મોહેં-જો-દરો અને લોથલના તેમના સ્થાન વિશે પણ ચોક્કસ કારણો હતાં. કેટલાક વિદ્વાનો માને છે કે મોહેં-જો-દરોની મોટી ઇમારતો દેખીતી રીતે ધાર્મિક વિધિઓનાં કેન્દ્ર હતાં. તે ધાર્મિક ક્રિયાનું કેન્દ્ર હોય કે ના હોય. પરંતુ અહીં શ્રીમંત લોકો જે સોનું, રૂપું અને કીમતી ચીજો વાપરતા તે સ્થાનિક મળી શકે તેમ ન હતી. હડપ્પાની સરખામણીએ મોહેં-જો-દરો દરિયાની વધારે પાસે હતું. આને કારણે ઈરાનના અખાત અને મેસોપોટેમિયામાં સહેલાઈથી જઈ શકાતું અને તે પ્રદેશો અહીં ચાંદી પહોંચાડતા. તેવી જ રીતે લોથલ પોતાની જરૂરિયાતનું સોનું દક્ષિણ રાજસ્થાન અને દખ્ખણમાંથી પ્રાપ્ત કરતું હશે. કર્ણાટકમાં સોનાની ખાણો પાસેથી સમકાલીન નૂતન પાષાણનાં સ્થળો મળી આવ્યાં છે. ત્યાંથી સોનું લોથલ પહોંચાડાતું હશે.

## 7.3.2 ગામડાં (Villages)

ગામડાંઓ હડપ્પન નગરોને અનાજ અને બીજો જરૂરી કાચો માલ પૂરો પાડતાં હતાં પણ હડપ્પન નગરો તેમને (ગામડાંઓને) બદલામાં શું આપતાં ? તેનો જવાબ આપવા માટે આપણી પાસે કેટલાંક સૂચનો છે. તેનો એક જવાબ એ છે કે નગરોના વહીવટદારો ફરજિયાત અનાજ એકત્ર કરતા અને તેને વેરાને નામે ઓળખવામાં આવે છે જે વહીવટના બદલામાં લેવામાં આવતો. ગ્રામ્ય-શહેરી સંબંધો અને અગત્યનો ભાગ તે શહેરી-કેન્દ્રો તેમનાં ગામડાંની દરેક પ્રકારની સમગ્ર બીજી જરૂરિયાતનો પુરવઠો ખરીદી લેવા શક્તિમાન હતા. કે જે સ્થાનિક કક્ષાએ મળે તેમ નહતું અને તેને પીઠ-પ્રદેશ એટલે કે ગ્રામ્ય પ્રદેશમાં પહોંચાડી શકતા.

બીજી અગત્યની વસ્તુ તે પથ્થરનાં સાધનો હડપ્પન નગરો અને ગામડાં એક જ પ્રકારનાં બન્ને બાજુએ ધારવાળાં પથ્થરનાં પાનાં વાપરતા. આ પાનાં સારા યોગ્ય પથ્થરમાંથી બનાવવામાં આવતાં. જે બીજે કોઈ સ્થળેથી મળે તેમ નહતા. આવાં પથ્થરો સિંધમાં સક્કર જેવા પ્રદેશોમાંથી મેળવી શકાયા છે. આથી અનુમાન કરી શકાય કે ગુજરાતમાં રંગપુર જેવાં સ્થળોએ પણ પથ્થરનાં હથિયારો દૂરના સ્થળેથી લાવીને લોકો વાપરતા. આ સમય હડપ્પનના શહેરીકરણના તબક્કાનો હતો. જ્યારે હડપ્પન સભ્યતાની પડતી થઈ ત્યારથી આ પ્રદેશના લોકો સ્થાનિક પથ્થરના બનાવેલાં ઓજારો વાપરવા લાગ્યા. બીજી વસ્તુઓમાં ત્રાંબું અને કાંસું. ત્રાંબું માત્ર અમુક જ વિભાગમાં મળતું. બધાં જ હડપ્પન ક્ષેત્રોમાં ત્રાંબુ-કાંસાના હથિયારો જણાય છે. આ હથિયારોમાં તેની ડિઝાઇન અને રજૂઆત વચ્ચેનું સામ્ય બધા હડપ્પન ક્ષેત્રમાં જોવા મળે છે. ઓજારોનું ઉત્પાદન અને વિતરણ કોઈ એક કેન્દ્રીય સંસ્થાના હસ્તક હશે. જેમાં શહેરી વેપારીઓ અથવા વહીવટકારો સામેલ હશે.

આર્થિક પ્રવૃત્તિની દૃષ્ટિએ આ વસ્તુઓ વધારે મહત્ત્વની હોવા ઉપરાંત હડપ્પન વસાહતો - નાની કે મોટી - માંથી એવી સોના, ચાંદી અને કેટલાંક કિંમતી અને અર્ધકિંમતી પથ્થરોની વસ્તુઓ પ્રાપ્ત થઈ છે. આ ધાતુઓ અને પથ્થરો વેપારીઓ કે શહેરના રાજકર્તાઓ માટે આયાત થતી હતી. શહેરીકરણના આરંભની સાથે હડપ્પન સભ્યતાની અંદર વેપારનું કદ વધ્યું અને વિવિધતાનું પ્રમાણ ક્યારેય ન થયું હોય તેટલું થવા લાગ્યું. મોહેં-જો-દરો જેવાં ક્ષેત્રોમાં વિપુલ પ્રમાણમાં મણકા બનાવવાના પુરાવાઓ મળ્યા છે. એ રીતે પ્રદેશનાં નાનાં ગામો અને નગરોના શ્રીમંત અને શક્તિશાળી લોકોની જરૂરિયાતો પૂરી કરવામાં આવતી.

આગળની ચર્ચામાંથી આપણને શું પ્રાપ્ત થયું :

- ગામડાંઓનું સ્થાન તેમની મુખ્ય જરૂરિયાત જેવી કે ફળદ્રુપ જમીન અને નહેરના પાણીની સગવડ પ્રમાણે નક્કી થતું.

- નગરોનું સ્થાન વધારામાં ખનીજની ખાણો નજીકના પ્રદેશો અથવા વેપારી માર્ગો પ્રમાણે નક્કી થઈ શકે.
- કેટલીક વાર વેપારનું પાસું એટલું અગત્યનું બનતું કે નગરો વેરાન મેદાનો જેવી અનાવશ્યક જગાએ ઊભાં કરાતાં કે જ્યાં કૃષિ પેદાશો ખૂબ જ ઓછી હોય. દાખલા તરીકે, મકરાનના કિનારા ઉપર સુતકાજેન-દોર આવો જ પ્રદેશ છે. અહીં બિનઉત્પાદક જમીન છે અને તેની મુખ્ય પ્રવૃત્તિ હડપ્પન અને મેસોપોટેમિયા વચ્ચેના વેપારની જગ્યા છે.

આ જ પ્રમાણે હડપ્પન સભ્યતાનાં બીજાં શહેરોમાં જે પ્રવૃત્તિ થતી હતી તે જોઈએ :

- બલુચિસ્તાનના કિનારા ઉપર બાલાકોટ અને સિંધમાં ચનહુ-દરો જેવાં શહેરો છીપ-કામ અને બંગડીઓ બનાવવાનાં કેન્દ્રો હતાં.
- લોથલ અને ચનહુ-દરોમાં અકીક અને Carnelian વગેરેના મણકા બનાવ્યા.
- કેટલાક અધૂરા રહેલા વૈદૂર્યમણિના મણકા ચનહુ-દરોમાંથી મળી આવ્યા છે જે હડપ્પનો કિંમતી પથ્થરો ઘણે દૂરથી આયાત કરીને, તેના ઉપર કારીગરી કરીને પણ વેચતા.
- મોહેં-જો-દરોમાં ઘણી મોટી સંખ્યામાં નિપુણ કારીગરો જેવા કે પથ્થરકામ, માટીકામ, ત્રાંબું અને કાંસાના કારીગરો, ઈંટો બનાવનાર, મુદ્રાઓ કાપનાર અને મણકા બનાવનાર વગેરે હોવાના પુરાવાઓ પ્રાપ્ત થયા છે.

## 7.4 કાચા માલનું ઉદ્ભવ સ્થાન (Source of Raw Materials)

હડપ્પન કેન્દ્રોનાં જુદાં જુદાં ઉત્ખનનો દ્વારા આપણને મોટી સંખ્યામાં બંગડીઓ, મણકા, માટીકામનાં વાસણો, જુદી જુદી જાતની ત્રાંબા, કાંસા અને પથ્થરની ચીજો પ્રાપ્ત થઈ છે. હડપ્પન વસાહતોમાંથી જે વસ્તુઓનું વૈવિધ્ય મળ્યું તે બતાવે છે કે તેઓ ઘણા પ્રકારની ધાતુઓ, કિંમતી પથ્થરો કે જે દરેક પ્રદેશમાં એકસરખી રીતે પ્રાપ્ત થતા ન હતા, તેનો તેઓ ઉપયોગ કરતા. બીજી રસપ્રદ વાત એ છે કે ઘણાં નાનાં હડપ્પન કેન્દ્રોમાંથી પણ કિંમતી પથ્થરો અને ધાતુનાં ઓજારો મળી આવ્યાં છે. આ સ્પષ્ટ કરે છે કે હડપ્પનો સમૃદ્ધ લોકોની જરૂરિયાતો પ્રમાણે મોટા જથ્થામાં વસ્તુઓનું આદાનપ્રદાન કરતા. હડપ્પનો ખનીજ દ્રવ્યો અને ધાતુઓ વાપરતા, તેમનું ઉદ્ભવસ્થાન ક્યાં હતું ?

- રાજસ્થાનની ખેત્રી (Khetri) ખાણમાંથી તેઓ ત્રાંબું મેળવતા.
- હડપ્પનો સમકાલીન ગણાતી મધ્ય રાજસ્થાનની જોધપુર, બગોર અને ગણેશ્વરની વસાહતોમાંથી હડપ્પનો ત્રાંબાનો કાચો માલ પ્રાપ્ત કરતા.
- ગણેશ્વરમાંથી લગભગ 400 બાણનાં અણીદાર માથાં, 50 માછલાં પકડવાના હૂક અને 58 જેટલી ત્રાંબાની કુહાડીઓ મળી આવી છે.

સાથોસાથ આ વસાહતોના લોકો પશુપાલન અને શિકાર કરીને પોતાની આજીવિકાનો સમન્વય સાધતા હતા. આ પરથી એવું જણાય છે કે હડપ્પન સભ્યતાની તેમના પર અસર દેખાતી નથી. આને કારણે વેપારના સંપર્ક અંગે ગૂંચવાડો ઊભો થાય છે. પુરાતત્ત્વવિદો માને છે કે હડપ્પન લોકો, ત્રાંબાનાં હથિયારો, હજી પશુપાલન કરતા અને શિકાર કરતા લોકો પાસેથી આયાત કરતા હતા. જોકે આપણે આ બન્ને સમુદાયો વચ્ચેના સંબંધોના સ્વરૂપ વિશે જાણતા નથી. કારણ કે એક સમુદાય વિકસિત શહેરી સભ્યતા દર્શાવે છે ત્યારે બીજો સમુદાય પશુપાલન કરતો જણાય છે. કદાચ આ બન્ને વચ્ચેના સંબંધ સીધા નહીં હોય.

હડપ્પન લોકો પોતાની ત્રાંબાની કેટલીક જરૂરિયાતો બલુચિસ્તાન અને વાયવ્યની સરહદના પ્રાંતોમાંથી મેળવતા. સોનું કર્ણાટકની સોનાની કોલારની ખાણો અને કાશ્મીરમાંથી પ્રાપ્ત કરતા. આ વિસ્તારમાં કેટલીક નૂતન પાષાણયુગની જગાઓ મળી આવે છે તે હડપ્પનની સમકાલીન હતી. રાજસ્થાનમાં જયપુર અને સિરોહી, પંજાબમાં હઝરા, કાંગરા અને જંગ (Jhang) અને કાબુલ અને સિંધુની નદીઓમાંથી સોનાના ધોવાણ મળી આવ્યાના અહેવાલો છે.

હડપ્પનનાં સ્થળોએથી અવારનવાર ચાંદીનાં વાસણો મળી આવે છે. જોકે આ પ્રદેશમાં ચાંદીનાં કોઈ જાણીતાં સાધનો નથી. કદાચ ચાંદી અફઘાનિસ્તાન અને ઈરાનમાંથી આયાત થતી હશે. શક્ય છે કે સિંધુના વેપારીઓ પોતાના માલના બદલામાં મેસોપોટેમિયામાંથી ચાંદી લેતા હશે. સીસું કાશ્મીર કે રાજસ્થાનમાંથી આવ્યું હોય. ધાતુઓ ઉત્પન્ન કરતાં નાનાં સ્થળો પંજાબ અને બલુચિસ્તાનમાંથી શોધી શકાયાં છે.

કિંમતી વૈદૂર્યમણિ અફઘાનિસ્તાનના ઈશાનમાંના બદક્શાન (Badakshan)માંથી પ્રાપ્ત થાય છે. હડપ્પનોએ આ સાધનસામગ્રીઓનો પૂરો લાભ ઉઠાવ્યો છે તે આ ક્ષેત્રમાંથી હડપ્પન સ્થળો જેવાં શોરટુઘાઈ (Shortughai)

અને આલ ટીન-ડેપ (Altyn-Depe) ની શોધથી સાબિત થાય છે કે વૈદૂર્યમણિ અને નીલમણિ માત્ર મધ્ય એશિયામાંથી મેળવી શકાયા હતા. અકીક, ચાલ્સેકોની - કાચમણિ પ્રકારનું રત્ન - અને ઇન્દ્રગોપ સૌરાષ્ટ્ર અને પશ્ચિમ ભારતમાંથી પ્રાપ્ત થયાં હતાં. દરિયાઈ છીપલાં અને શંખ હડપ્પનોના ખૂબ પ્રિય હતાં. તે ગુજરાતના દરિયાઈ કિનારે અને પશ્ચિમ ભારતથી આવ્યાં હતાં. જમ્મુમાં માંડા (Manda) એવી જગ્યાએ આવેલું છે કે જ્યાં ચીનાબ નદીમાં વહાણ જઈ શકે. કદાચ ઉત્તમ કક્ષાનું લાકડું દૂરના એવા ઉપરવાસના પ્રદેશોમાંથી સિંધુની મધ્ય સુધીની ખીણમાં અને નદીઓના નીચલા ભાગમાં મોકલવામાં આવતું હોય. શોરતુઘાઈમાંથી મોટા પ્રમાણમાં વૈદૂર્યમણિ હડપ્પન અવશેષોની સાથે શોધાયા હતા. આ સ્પષ્ટ કહે છે કે હડપ્પનોએ દૂરદૂરના વિસ્તારમાં સંસ્થાનો ઊભાં કર્યાં હતાં. જેથી આ વિસ્તારમાંથી ખનીજ દ્રવ્યોનો છૂટથી ઉપયોગ થાય. આ સ્પષ્ટ કરે છે કે હડપ્પન લોકોને વિદેશી માલ મેળવવો અને તેનો વેપાર કરવો એ અગત્યની બાબત હતી.

વેપ રી પ્રવૃત્તિ વિશેષતઃ વહીવટીતંત્રની હતી કારણ કે સંસ્થાનો લગભગ 500 કિ.મી.ના અંતરે સ્થપાયેલાં હતાં. તેથી વેપારી માટે વેપાર વિનિમય પ્રવૃત્તિ તરીકે શક્ય ન હતા. હડપ્પન વહીવટદારો દૂરનાં ક્ષેત્રોમાં ઉત્પન્ન થતી વસ્તુઓને પોતાના સીધા અંકુશ હેઠળ લાવવા પ્રયત્ન કરતા.

## 7.5 વિનિમય પદ્ધતિ (Exchange System)

હડપ્પનોએ આંતરપ્રદેશીય વેપાર ભારતની અંદર અને બહારના વિસ્તારોમાં સ્થાપેલો હતો. હડપ્પનો અને બિનહડપ્પનો વચ્ચે ક્યા પ્રકારનો વટાવનો વહેવાર કે લેવડદેવડની વ્યવસ્થા હશે તે આપણે જાણતા નથી. આવડા મોટા વિસ્તારનો આંતર વ્યવહાર અનિવાર્ય રીતે જુદી જુદી જીવનશૈલીના લોકોને આવરી લેતો હશે. તે સમયે દેશના વિસ્તારના મોટા ભાગમાં શિકાર પર જીવન વ્યતીત કરનારાઓ વસતા હતા. કેટલાક પ્રદેશોમાં પશુપાલક ટોળીઓ વસતી હતી. જ્યારે બીજા પ્રદેશમાં ખેતી સાથે સભ્યતાની શરૂઆત થઈ હતી. તેઓની સાથે સરખાવતાં જણાય છે કે હડપ્પન લોકો વધારે પ્રગતિશીલ સભ્યતા ધરાવતા હતા. જો હડપ્પનોને શિકાર કરનાર કે બીજા સમુદાયો પાસેથી ખનીજ દ્રવ્યો મેળવવાનાં હોય તો તે કેવી રીતે આ પ્રદેશોમાંથી આવી વસ્તુઓ પ્રાપ્ત કરતા હશે ?

કેટલાક સંજોગોમાં હડપ્પનોએ પોતાની વસાહતો આવા પ્રદેશોમાં સ્થાપી હતી. દરેક વખતે આ શક્ય ન પણ બને. શક્ય છે કે બિનહડપ્પન લોકોને તેઓ જેને કિંમતી વસ્તુ ગણતા હશે તે આપવામાં આવતી હશે. આવા સંજોગોમાં અદલાબદલીનું કાર્ય નિયમિતપણે થતું નહીં હોય. કદાચ આ સમુદાયોના સમય સમયના સ્થળાંતર અને ચોક્કસ સમય સુધીના રહેઠાણ ઉપર નક્કી કરવામાં આવતું હશે. હડપ્પનો પોતાના વેપારીઓને આવા પ્રદેશમાં મોકલતા હશે. જ્યાં તેઓ ઋતુ પ્રમાણે રહેઠાણ કરીને તેમનો માલ એકત્ર કરતા હોય. ભટકતી ટોળી પણ દૂરના પ્રદેશોમાંથી તેમના સ્થળાંતર પ્રમાણે માલ લાવતી હોય. આવી વટાવ પ્રવૃત્તિ આજે પણ વર્તમાન ભારતમાં જાણીતી છે. છતાં પણ આપણે હડપ્પનોની વિનિમય પદ્ધતિ વિશે ઘણું ઓછું જાણીએ છીએ.

**હડપ્પન નગરોમાં આદાનપ્રદાનની પદ્ધતિ (The Exchange System Among the Harappan Towns)**

હડપ્પનોએ તેમની પોતાની વચ્ચે વેપારને અને વિનિમય પદ્ધતિને વ્યવસ્થિત કરવા સ્પષ્ટ પ્રયત્નો કર્યા હતા. દૂરદૂરની હડપ્પન વસાહતોએ પણ માપ અને તોલની એકસરખી પદ્ધતિ અપનાવેલી હોય તેમ જોવા મળે છે. તેઓ તોલમાં નીચેની સંજ્ઞામાં 1, 2, 4, 8 થી 64 અને 160 સુધી અને દશાંશમાં ગુણાંકો 16 થી 320, 640, 1600, 3200 વગેરે દ્વિગુણ પદ્ધતિ અપનાવતા. તોલ માટેનાં વજનિયાં ઊઠડદ્રદ્દ, ચૂનાના પથ્થર, સેલખડી વગેરેનાં સામાન્ય રીતે ઘનાકારમાં જોવા મળે છે. લંબાઈ માટેના માપ ફૂટના એકમ ઉપર 37.6 સે.મી. નો ફૂટ અને ઘનના એકમનું માપ લગભગ 51.8 થી 53.6 સે.મી ના એકમ ઉપર આધારિત હતું. આવી એકસરખી વજન અને માપની પદ્ધતિ કેન્દ્રિય સત્તાધારકો દ્વારા નક્કી થઈ હશે અને તે હડપ્પનો માટે અને શક્ય હોય ત્યાં સુધી બિનહડપ્પનો માટે વટાવની પદ્ધતિનો આધાર બની હશે.

મુદ્રા અને મુદ્રાંકનો મોટી સંખ્યામાં હડપ્પન વસાહતોમાંથી શોધાયાં છે. મુદ્રા અને મુદ્રાંકન માલિકી હકનું ચિહ્ન છે. જે પોતાનો માલ દૂરના પ્રદેશોમાં મોકલાતો તેની ગુણવત્તાની જામીનગીરીની નિશાનીરૂપ હતાં. આ મુપઓનો ઉપયોગ વેપાર માટે થતો. કારણકે ઘણાં મુદ્રાંકનો ઉપર દોરડાની છાપ અને તેની પાછળની બાજુ શણના કે ઘાસના તાંતણાના અવશેષો પ્રાપ્ત થયાં છે.

આ સ્પષ્ટ કરે છે કે મુદ્રાંકનોમાં આવી છાપ છે. તે મૂળમાં તો વેપારીઓની માલની ગાંસડીઓ ઉપર લગાડેલી હતી. લોથલમાંથી ઘણાં મુદ્રાંકનો વખારના જાળિયાના દાંડાની રાખમાંથી પ્રાપ્ત થયાં છે. કદાચ આ બધાં મુદ્રાંકનો આયાત કરેલો માલ ખોલીને બહાર કાઢ્યા પછી નકામાં ગણીને ફેંકી દેવાયાં હશે. આ મુદ્રાઓ ઉપર

રેખાંકિત વિવિધ પશુઓની ડિઝાઇન અને લખાણ છે પણ જે હજુ સુધી ઉકેલી શકાયું નથી. પરંતુ તેનો ઉપયોગ લાંબા અંતરના માલની લેવડદેવડનો હોય તે ચોક્કસ લાગે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો :

(ક) હડપ્પનનગરો આત્મનિર્ભર હતાં. ( )

(ખ) હડપ્પનોનાં સંસ્થાનો ઘણા દૂરના પ્રદેશમાં સ્થાપવા પાછળનો હેતુ મુખ્યત્વે આર્થિક હતો. ( )

(ગ) મોટાં શહેરોનું સ્થાન તેની ખોરાક ઉત્પન્ન કરવાની મૂળભૂત ક્ષમતાથી નક્કી થયું હતું ( )

(ઘ) વાહનવ્યવહાર માટે નદી જળમાર્ગ ઘણો સસ્તો અને ઘણો સરળ હતો. ( )

(ચ) જુદાં જુદાં હડપ્પન સ્થળોએથી મળેલાં ઓજારો તેમની ડિઝાઇનમાં સામ્ય નથી બતાવતાં. ( )

(છ) સિંધુના વેપારીઓ પોતાનો માલ મેસોપોટેમિયા સાથે ચાંદીના બદલા માટે કરતા. ( )

(2) ખાલી જગ્યા પૂરો :

(ક) હડપ્પનો સોનું .................... માંથી મેળવતા (કાશ્મીર/રાજસ્થાન)

(ખ) .................... હડપ્પનોને જાણીતું ન હતું. (લોખંડ/પતરું)

(ગ) વૈદૂર્યમણિ મોટા જથ્થામાં .................... માંથી મળી આવ્યું હતું. (કાલિબંગન/શોરતુઘાઇ Shortughai)

(ઘ) ત્રાંબું .................... માંથી પ્રાપ્ત થતું હતું. (રાજસ્થાન/ગુજરાત)

(ચ) .................... અગત્યનું વ્યાપારી બંદર હડપ્પા અને મેસોપોટેમિયા વચ્ચે હતું. (સુતકાજેન-દોર / કાલિબંગન)

(3) હડપ્પન નગરો વચ્ચેની લેવડદેવડની પદ્ધતિની ચર્ચા કરો. દસ વાક્યોમાં જવાબ આપો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 7.6 ઈરાની અખાત અને મેસોપોટેમિયા સાથેનો વેપાર (Trade with the Persian Gulf and Mesopotamia)

અત્યાર સુધી આપણે હડપ્પનોની આંતર-પ્રાદેશિક અદલાબદલીની પ્રવૃત્તિ વિશે વાતો કરી. આ પ્રવૃત્તિઓમાં હડપ્પનો આગળ પડતા ભાગીદારો હતા. હવે આપણે હડપ્પનોની પશ્ચિમ એશિયાની સભ્યતા સાથેની વ્યાપારની અને લેવડદેવડની પ્રવૃતિઓની ચર્ચા કરીએ. મેસોપોટેમિયા હડપ્પનોની કેન્દ્રિય ભૂમિથી હજારો માઈલ દૂર હતું. તો પણ આ બન્ને સભ્યતાઓ કોઈક પ્રકારના વેપારથી જોડાયેલી હતી.


### 7.6.1 પુરાતત્ત્વીય પુરાવા (Archaeological Evidence for Contacts)

આપણી લેવડદેવડ અંગેની માહિતી ખાસ પ્રકારની હડપ્પન મુદ્રાઓ મેસોપોટેમિયાનાં શહેરો જેવાં કે સુસા, ઉર વગેરેમાંથી મળી આવી છે. તાજેતરમાં ઈરાની અખાતનાં કેટલાંક જૂનાં સ્થાનો જેવાં કે ફાઈલકા (Failaka)

અને બેહરિન (Behrain) માંથી પણ હડપ્પન મુદ્રાઓ પ્રાપ્ત થઈ છે. મેસોપોટેમિયાના શહેર નિપ્પુર (Nippur) માંથી એક મુદ્રા મળી આવી છે. જેમાં હડપ્પાની લિપિ અને તેના ઉપર એકશૃંગીપશું બતાવેલાં છે. તેવી જ રીતે બે સમચોરસ સિંધુની મુદ્રાઓ જેના ઉપર સિંધુલિપિ અને એકશૃંગી પશુ છે તે મેસોપોટેમિયાના કિશ (Kish) શહેરમાંથી મળી આવ્યાના હેવાલ છે. બીજા શહેર ઉમ્મા (Umma) માંથી સિંધુ ખીણનું મુદ્રાંકન મળી આવ્યું છે તેનો અર્થ એમ કે કેટલોક માલ સિંધુ ખીણમાંથી અહીં આવતો હશે.

તેલ અસ્માર (Tell Asmar) વસાહતમાંથી કેટલાંક હડપ્પન ચમકતા કુંભારકામ અને કોતરેલા (Carnelian) મણકા અને કિડની આકારનાં જડેલ હાડકાં મળી આવેલાં છે. આ બધા સ્પષ્ટ પુરાવા છે કે મેસોપોટેમિયા અને હડપ્પનો વચ્ચે વ્યાપારી સંપર્કો હતા. કેટલીક વિશિષ્ટ પ્રકારની પકવેલી માટીની આકૃતિઓ જે સામાન્ય રીતે સિંધુખીણમાંથી મળી છે તે મેસોપોટેમિયાના નિપ્પરમાંથી મળી આવી છે. આ આકૃતિઓમાં ઊપસેલા પેટવાળા નરની નગ્ન આકૃતિ, પશુઓ જેવાં મુખો, પૂંછડીઓ અને કાણાયુક્ત ખભા જેમાં હાલતા હાથ જોડી શકાય. હડપ્પન પ્રદેશોમાં આવી આકૃતિઓ સામાન્ય છે. નિપ્પર (Nipper) માંથી એકસરખી મળેલી ત્રણ આકૃતિઓ કેટલીક હડપ્પન અસર સ્પષ્ટ કરે છે. મેસોપોટેમિયાનાં શહેરો ઉર (ur) નિપ્પર (Nipper) અને તેલ અસ્મારમાંથી સિંધુના પાસા જેવા પ્રકારના (1/2, 3/6, 4/5) અવશેષો મળ્યા છે. આ મણકા ઉપરાંત બીજા વિશેષ પ્રકારની ડિઝાઇનવાળા મણકાઓ મેસોપોટેમિયામાંથી મળ્યા છે. તે સિંધુખીણમાંથી લાવ્યા હોય તેમ જણાય છે. ચન્હુડરોના મણકામાં એક, બે, કે ત્રણ વર્તુળાકાર ડિઝાઇનો, મેસોપોટેમિયામાં કિશ(Kish)માંથી મળી આવેલા મણકા સાથે ઘણું સામ્ય ધરાવે છે. હડપ્પન વજનિયાં, ઈરાની અખાત અને મેસોપોટેમિયાનાં સ્થળોએથી મળી આવ્યાં છે.

હડપ્પન સભ્યતામાંથી અસલ મેસોપોટેમિયાન વસ્તુઓના અવશેષો લગભગ પ્રાપ્ત થયા નથી. મોહેં-જો-દરોમાંથી ત્રણ વર્તુળાકાર મુદ્રાઓ મેસોપોટેમિયાના પ્રકારની મળી આવી છે. જોકે આ મુદ્રાઓ હડપ્પન સભ્યતાના કોઈ કેન્દ્રમાં બનેલી લાગે છે. કેટલીક ધાતુની ચીજોનું મૂળ મેસોપોટેમિયામાંથી શોધી કઢાયું છે. લોથલની વસાહતમાંથી એ જ વર્તુળાકાર બટનની મુદ્રા મળી આવી છે. આ મુદ્રા ઘણી મોટી સંખ્યામાં બહેરિન બંદરના ખોદકામમાંથી પ્રાપ્ત થઈ છે. આ મુદ્રાઓ ઈરાની અખાતનાં બંદરોમાંથી તૈયાર થઈ હોય એમ લાગે છે. ઊપસેલી આકારની ત્રાંબાની લગડીઓ પણ લોથલમાંથી મળી છે. તે ઈરાની અખાતના ટાપુઓ અને સુસામાંથી મળી આવેલી લગડીઓ જેવી જ છે. પ્રાપ્ત થયેલી વસ્તુઓની અછતને કારણે હડપ્પનો અને મેસોપોટેમિયનો વચ્ચેના સીધા વ્યાપાર અંગે કેટલાક નિષ્ણાતો શંકા કરે છે. એમ માનવામાં આવે છે કે હડપ્પનો પોતાની ચીજ-વસ્તુઓ ઈરાનના અખાતની વસાહતોમાં લઈ જતા હશે. જેમાંથી કેટલોક (સરસામાન) માલ ઈરાની અખાતનાં બંદરો જેવાં કે બહેરિનના વેપારીઓએ મેસોપોટેમિયાનાં નગરોમાં મોકલ્યો હોય !



**આકૃતિ 12. પર્શિયન અખાતના પ્રકારની મુદ્રા : લોથલ.**

### 7.6.2 સાહિત્યિક પુરાવા (Literary Evidence for Exchange)

મેસોપોટેમિયામાં કેટલાંક -પ્રાચીન લખાણો શોધાયાં છે તે હડપ્પન વસાહતો સાથેના તેમના વ્યાપારી સંપર્કોનો ખ્યાલ આપે છે. મેસોપોટેમિયામાં અક્કડનો પ્રખ્યાત રાજા સારગોન (Sargon) (2350 ઈ.સ.પૂ.) બડાશ મારે છે કે દિલમુન (Dilmun) મગન (Magan) અને મેલુહા (Meluhha) નાં વહાણો તેની રાજધાનીમાં લાંગરે છે. વિદ્વાનો મેલુહાને હડપ્પન નગરો કે સિંધુ નદીના પ્રદેશના ભાગ તરીકે ઓળખાવે છે તો કેટલાક વિદ્વાનો નામ મુજબ મગનનો ઉલ્લેખ મકરાનના કિનારાના સંદર્ભમાં છે. ઉર શહેરના વેપારીઓ દ્વારા ઉપયોગમાં આવેલા દસ્તાવેજો આપણને પ્રાપ્ત થયા છે. તેમાં નિર્દેશ કરવામાં આવ્યો છે કે ઉરના વેપારીઓ તાંબું, અકીક

હાથીદાંત, શંખ, વૈદૂર્યમણિ, મોતી અને અબનૂસ (એક જાતનું સખત કાળું લાકડું) વગેરે આયાત કરતા. હડપ્પન સ્થળોએ આ બધી ચીજો વિપુલ પ્રમાણમાં મળતી જણાઈ છે.

કેટલાંક ઉદાહરણો જેવાં કે ત્રાંબું, હડપ્પનો ક્યા મોટા ઉદ્ભવસ્થાનમાંથી મેળવતા હશે તેની કોઈ જાણકારી આપણી પાસે નથી. છતાં આપણે યાદ રાખવું જોઈએ કે હડપ્પનોએ બહુ મોટા ભૌગોલિક વિસ્તાર-છેક મધ્ય એશિયા સુધીનો લાભ લીધો છે. મધ્ય એશિયા અને અફઘાનિસ્તાનના શરૂઆતના હડપ્પન યુગમાં અસ્તિત્વ ધરાવતા વેપારને પણ તેઓએ પોતાના અંકુશ હેઠળ લીધો હોવો જોઈએ. શરૂઆતનું મેસોપોટેમિયાનું સાહિત્ય મેસોપોટેમિયામાં મેલુહા (Meluhha) માં રહેતી વેપારી કોમનો પણ ઉલ્લેખ કરે છે. બીજા એક દૃષ્ટાંતમાં મેસોપોટેમિયાના લેખિત દસ્તાવેજમાં મેલુહાની ભાષાના અધિકૃત દુભાષિતનો ઉલ્લેખ છે. આ બધા ઉલ્લેખો બતાવે છે કે હડપ્પા અને મેસોપોટેમિયાનો સંપર્ક આડકતરો ન હતો. આ બે સભ્યતાઓ વચ્ચેનું અંતર જોતાં તેઓ વચ્ચે સંબંધો નિયમિત ન પણ હોઈ શકે, તેમ છતાં તેમના સંબંધો ખાસ્સા નજદીક ગ્તા. કારણ કે મેસોપોટેમિયન રાજાઓ મેલુહા (Meluhha)નાં વહાણો પોતાના બંદરે આવતાં તેવી બડાશ મારે છે.


હડપ્પામાંથી મેસોપોટેમિયાની ચીજવસ્તુઓની ગેરહાજરી એ રીતે સમજાવી શકાય કે મેસોપોટેમિયાનો સામાન્ય રીતે વસ્ત્રો, ઊન, સુગંધિત દ્રવ્યો અને ચામડાંની ચીજોની નિકાસ કરતા. આ બધી ચીજો વધારે સમય સુધી ટકે તેમ નહતી. તેથી તેમની કોઈ જાતની નિશાની જોવા મળતી નથી. મેસોપોટેમિયાની ચાંદી ઘણી વસ્તુઓમાંથી એક.એવી નિકાસની વસ્તુ હતી. ચાંદી હડપ્પાના કોઈપણ જાણીતા ઉદ્ભવ સ્થાનમાં મળી શકે તેમ ન હતી. છતાં તેઓ મોટા જથ્થામાં તેનો ઉપયોગ કરતા. કદાચ મેસોપેટેમિયામાંથી તે આયાત કરતા હશે.

## 7.7 વાહનવ્યવહારનો પ્રકાર (Mode of Transport)


એકબીજા સાથેના સંપર્ક અને લેવડદેવડની પદ્ધતિની ચર્ચામાંથી વાહનવ્યવહારનો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે. હડપ્પા અને મોહેં-જો-દરોમાંથી વહાણ અને હોડીઓની આકૃતિઓની રજૂઆત મુદ્રામાં મળી આવી છે. લોથલમાંથી પકવેલી માટીના વહાણનો એક નમૂનો મળી આવ્યો છે. કૂવાથંભ માટેનું લાકડીની છાપવાળું પાત્ર અને વહાણનાં દોરડાં, સઢ માટે વસુ છિદ્રો સાથેનું મળી આવ્યું છે. લોથલમાંથી પાકી ઈંટોનો ઓવારો મળી આવ્યો છે જે 219 x 37 મીટરની લંબાઈ ધરાવે છે. અને ઈંટોની દીવાલની 4.5 મીટરની ગોદામ છે. ઉત્ખનન કરનારા માને છે કે તે બંદરી ગોદામ છે. આ સ્થળ સિવાય પણ અરબી સમુદ્રનો દરિયાકાંઠો ઘણાં દરિયાઈ બંદરોથી છવાયેલો છે. રંગપુર, સોમનાથ, બાલાકોટ જેવાં સ્થળો હડપ્પનો માટે બહિર્ગમન માર્ગનું કાર્ય કરતાં હશે. કોઈપણ જાતની સગવડ વગરના પ્રતિકુળ એવા મકરાન કિનારા પર હડપ્પન સ્થળો જેવાં કે સુતકાજેન-દોર અને સુતકકોહ (Sutkakoh) શોધાયાં છે. પ્રતિકૂળ એવાં પ્રદેશમાંના સ્થળો ઉપયોગનું પ્રાથમિક કારણ તે ચોમાસાનાં તોફાનો અને પશ્ચિમ ભારત અને સિંધના દરિયાકિનારા તરફ ધસી જતા ઝડપી પ્રવાહોના ભયથી મુક્ત હોઈને સલામત હતા, વર્ષાઋતુના મહિનાઓમાં આ પ્રદેશો હડપ્પનો માટે બહિર્ગમન માર્ગ બની શકતા.

સુતકગેન ડોર પાકિસ્તાન અને ઈરાનની સરહદ પર આવેલું છે. શક્ય છે કે ઈરાનની બાજુએ કેટલીક હડપ્પન વસાહતો હશે! હજુ સુધી તે શોધી શકાઈ નથી. દરિયાકિનારાને પડખે પડખે આ પ્રકારનો વિસ્તાર હડપ્પાનાં વહાણો માટે લાંગરવાના સ્થાન તરીકે ઈરાનના અખાત સુધી ઉપયોગી થતો હશે.

પ્રદેશના અંદરના ભાગનો વાહનવ્યવહાર બળદગાડાથી થતો હતો, હડપ્પન વસાહતોમાંથી બળદગાડાની ઘણી માટીની આકૃતિઓ મળી આવી છે. હડપ્પામાંથી કાંસામાંથી બનેલા ગાડાની આકૃતિ મળી છે. તેમાં તેનો ચાલક બેઠેલો છે. વળી નાનાં ગાડાંની આકૃતિઓ જે આજના `Ikka' ઇક્કા પંજાબમાં વપરાય છે તેવી પણ મળી આવી છે. જંગલ જેવાં વિસ્તારમાંથી લાંબી મુસાફરી માટે ગાંસડીવાળા બળદોના સમૂહ સાથે જતી વણજાર તે જ વાહન વ્યવહારનું મુખ્ય સાધન હતું. ઐતિહાસિક યુગમાં મોટા પ્રમાણમાં સાધનસામગ્રી પશુપાલન કરતી ભટકતી જાતિ મારફતે મોકલાતી. શક્ય છે કે હડપ્પનો પણ આ પ્રકારની પદ્ધતિથી કામ લેતા હોય. છતાં પણ તે સમયે નદીનો ઉપયોગ વાહનવ્યવહાર માટે વધારે યોગ્ય હતો. કારણ કે આ જળમાર્ગ વધારે સાદો, સસ્તો અને સલામત હતો.



**13. માટીના વહાણની આકૃતિ.**



આકૃતિ 14. રમકડાંનાં ગાડાં.

## તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો.
   (ક) મેસોપોટેમિયાની વસાહતોના સમકાલીન લેખિત (સાહિત્યના) ઉલ્લેખો હડપ્પન સભ્યતા સાથેના કોઈ પણ સંબંધ બતાવતા નથી. (   )
   (ખ) મેસોપોટેમિયાની શહેરોમાંથી હડપ્પનની મુદ્રાઓની શોધ સાબિત કરે છે કે હડપ્પા અને મેસોપોટેમિયાનો સભ્યતાને સંપર્ક હતો. (   )
   (ગ) લોથલમાંથી મળેલી બંદરની ગોદી હડપ્પનો ના દરિયાઈ વેપારનો ઉલ્લેખ કરે છે. (   )
   (ઘ) વાહનવ્યવહારના સાધન તરીકે હડપ્પનોને બળદગાડાની જાણકારી ન હતી. (   )
2. સાચા જવાબની (✓) નિશાની કરો.
   (1) હડપ્પન શહેરોમાંથી મેસોપોટેમિયામાં શેની નિકાસ થતી?
   (ક) કપડાં, સુંગધિત તેલ, ચામડાની ચીજો.
   (ખ) ચાંદી, સોનું, કાંસું
   (ગ) ત્રાંબું, હાથીદાંત, વૈદૂર્યમણિ.

(2) હડપ્પન સમયના અગત્યનાં કેટલાંક બંદરો હતાં.

(ક) દિલમુન, મગન, જોલુહાન

(ખ) કાલિબંગન, બનવાલી, લોથલ.

(ગ) ઊર, નીપ્પુર, ચન્હુડેરો.

(3) કેટલીક અગત્યની મેસોપોટેમિયાની જગાએથી હડપ્પન મુદ્રાઓ મળી આવી છે :

(ક) સુસા, ઊર, કીશ

(ખ) તેલ અસ્માર (Tell Asmar), બહેરીન અક્કડ.

(ગ) દિલમુન, મગન, મેલુહા

3. હડપ્પનના વાહન વ્યવહારના પ્રકાર વિશે પાંચ વાક્યો લખો.

.....................................................................................................................................

.....................................................................................................................................

.....................................................................................................................................

.....................................................................................................................................

.....................................................................................................................................

.....................................................................................................................................

## 7.8 સારાંશ

આપણે ઉપરની ચર્ચામાંથી જોયું કે હડપ્પન સભ્યતાએ ધમધોકાર એવો આંતરિક વેપાર ફેલાવ્યો હતો. આંતરિક એ અર્થમાં કે લેવડદેવડની પ્રવૃત્તિઓ લગભગ 13 લાખ સ્કવેર ચો. કિ.મી.ના ક્ષેત્રમાં ફેલાઈ હતી. લેવડદેવડની પ્રવૃત્તિ એ સ્પષ્ટ કરે છે કે નાનામાં નાનાં હડપ્પન સ્થળો જેવાં કે અલ્લાદિનો (Allandino) માં પણ મુદ્રાઓ, મુદ્રાંકનો, ઘણા પ્રકારના કિંમતી પથ્થરના મણકા અને ધાતુનાં વાસણો મળી આવ્યાં છે. મોટાભાગની આ વસ્તુઓ બહારથી આયાત કરેલી હતી. જળમાર્ગ અને પ્રણાલીગત ભૂમિમાર્ગ પર આવેલાં હડપ્પન વસાહતોનાં સ્થાન બતાવે છે કે હડપ્પનોની વ્યાપારી અને લેવડદેવડની પ્રવૃત્તિઓ ઘણા મોટા પાયે હતી. હવે સમકાલીન પશ્ચિમ એશિયાની સંસ્કૃતિઓ સાથેના તેના સંપર્કના પણ લેખિત પુરાવાઓ છે.:જો આપણે તેને શહેર કેન્દ્રિત સમુદાય કહીએ તો કાંઈ આશ્ચર્ય નથી.

## 7.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**પીઠપ્રદેશ (Hinterland) :** પ્રદેશ જે કેન્દ્રીય અસરના બંદરથી અંદરના ભાગમાં હોય

**પ્રદેશ :** અમુક પ્રકારનાં પ્રાકૃતિક લક્ષણો ધરાવતો પ્રદેશ જે બીજા પ્રદેશોથી જુદો પડે.

પથ્થરના નાના ટુકડાને વચમાં છિદ્ર પાડીને દોરી પરોવવાના

**મેસોપોટેમિયા :** ઇરાકનું પ્રાચીન નામ.

## 7.10 'તમારી પ્રગતિને ચકાસો' ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. (ક) ખોટું (ખ) સાચું (ગ) ખોટું (ઘ) સાચું (ચ) ખોટું (છ) સાચું
2. (ક) કાશ્મીર (ખ) લોખંડ (ગ) શોરતુઘાઈ (ઘ) રાજસ્થાન (ચ) સુતકાજેન-દોર
3. તમારા જવાબમાં એકસરખી વજન અને માપની પદ્ધતિ, બેવડી વજનની પદ્ધતિ, મુદ્રા અને મુદ્રાંકનો પોતાના માલની માલિકી અને ગુણવત્તાની ખાતરી માટેના, વગેરેનો સમાવેશ થવો જોઈએ. જુઓ વિભાગ 7.5

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. (ક) ખોટું (બ) સાચું (ગ) સાચું (ઘ) ખોટું
2. (i) (ગ) (ii) (ક) (iii) (ક)
3. તમારા જવાબમાં વાહનવ્યવહારની પદ્ધતિના આધાર માટે પુરાતવીય પુરાવા ઓ જેમાં નદી વ્યવહાર અને જમીનમાર્ગનો સમાવેશ કરો. જુઓ વિભાગ 7.7.

# એકમ 8 સમાજ અને ધર્મ (Society And Religion)

રૂપરેખા

8.0 ઉદ્દેશો
8.1 પ્રસ્તાવના
8.2 સમાજ
8.2.1 પોશાકની શૈલી
8.2.2 ખોરાકની ટેવો
8.2.3 ભાષા અને લિપિ
8.2.4 યુદ્ધની સ્થિતિ
8.2.5 મુખ્ય હુન્નરો
8.3 તેમના ઉપર કોનું શાસન હતું ?
8.4 ધર્મ અને ધાર્મિક આચારવિધિઓ
8.4.1 પૂજા સ્થાનકો
8.4.2 પૂજાની સામગ્રી
8.4.3 શબની દફનક્રિયા
8.5 સારાંશ
8.6 ચાવીરૂપ શબ્દો
8.7 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

## 8.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે હડપ્પન લોકોના સમાજની જુદી જુદી અવસ્થાઓ તેમ જ ધર્મ અને ધાર્મિક રિવાજો સમજી શકશો. ખાસ કરીને તમે જાણી શકશો કે :

- તેમનાં વસ્ત્ર પરિધાન અને ખોરાકની ટેવો
- તેમની લિપિ અને ભાષાના વિવાદની ચર્ચા
- તેમના મુખ્ય વ્યવસાયની યાદી
- શાસક વર્ગનું સ્વરૂપ
- તેમના ધાર્મિક રિવાજો, આચારો અને મુખ્ય દેવો
- તેમની દફનક્રિયા

## 8.1 પ્રસ્તાવના

આ વિભાગના શરૂઆતના એકમમાં તમે હડપ્પન સભ્યતાનાં ખાસ લક્ષણો વિશે શીખ્યાં. આ એકમમાં આપણે હડપ્પનોના સમાજ અને ધર્મ વિશે ચર્ચા કરીશું.

કદાચ કોઈ પ્રશ્ન પૂછે કે હડપ્પનો કેવા દેખાતા હશે ? તેઓ શું આપણા જેવાં કપડાં પહેરતા હશે ? તેઓ શું વાંચતા કે લખતા ? નગરજનો ક્યા પ્રકારના વ્યવસાયો કરતા ? તેઓ કઈ ભાષા બોલતા ? તેમનો ખોરાક કેવો હતો ? શું તેઓ રમતો રમતા અને યુદ્ધ કરતા ? તેમના પર કોનું શાસન હતું ? તેમનાં મંદિરો અને દેવો કેવા હતા ?

આ કેટલાક સાદા પ્રશ્નો છે. પરંતુ વિદ્વાનોને તેનો જવાબ આપવો મુશ્કેલ જણાય છે. કારણ તે સમયના જે પ્રકારના અવશેષો પ્રાપ્ત થયા છે તેમાંથી તે જાણી શકાય. મુખ્ય આધારો જુદી જુદી જગાએથી ખોદકામમાં મળેલા પુરાતત્ત્વીય અવશેષો છે.

આ સભ્યતાના વિચારો ચિંતન અને લાગણીના ક્ષેત્રને લગતા પ્રશ્નોના જવાબ આપણા આજના જ્ઞાનથી રજૂ કરવા મુશ્કેલ છે. સરળ પ્રશ્નો જેવા કે હડપ્પનો અકીકના મણકા બનાવતી વખતે આનંદ અનુભવતા હશે કે કેમ તેનો જવાબ પણ આપી ન શકાય. આ એકમમાં મૂંગી ચીજો કે જે હજારો વર્ષો પહેલાં છોડી દીધેલી છે તેમાંથી આપણે કેટલાક જવાબો મેળવવા પ્રયત્ન કરીશું.


## 8.2 સમાજ (Society)

હડપ્પન પ્રદેશના પુરાતત્ત્વીય અવશેષો આપણને તે સમયના સમાજની પુનઃ રચના કરવામાં મદદ કરશે. આપણને તેઓનાં વેશ પરિધાન અને ખાવાની ટેવોનો ખ્યાલ આવશે. આપણે વેપાર, હુન્નર અને બીજા સામાજિક સમૂહોની માહિતી પ્રાપ્ત કરીશું. સૌ પ્રથમ આપણે હડપ્પનોના વેશ અને બાહ્ય દેખાવને તપાસીએ.

### 8.2.1 પોશાકની શૈલી (Dress Styles)

હડપ્પનો કેવા દેખાતા હતા ? - આ પ્રશ્નનો જવાબ શોધવા માટે પકવેલી માટીની આકૃતિઓ અને પથ્થરનાં શિલ્પો તે સમયમાં જે પ્રાપ્ત થયાં છે તેને તપાસતાં મળી શકે. બીજી રીતે કેટલીક હડપ્પન વસાહતોમાંથી મળેલાં હાડપિંજરોના અવશેષો પરથી જાણી શકાય.

હાડપિંજર અવશેષોના અભ્યાસ ઉપરથી જણાય છે કે હડપ્પનો આજના ઉત્તર ભારતીય જેવા દેખાતા. તેમનાં મોં, ચહેરા, ઊંચાઈ વગેરે ઓછાવત્તા પ્રમાણમાં તે પ્રદેશમાં રહેતા લોકોને મળતાં આવે છે. પણ સામ્ય અહીં અટકે છે. તેઓ ખમીસ, લેંઘા કે સલવાર-ખમીજ હાલના પુરુષ અને સ્ત્રીઓ જેવાં પહેરતા ન હતા. આપણને તેમનાં પોશાક અને ફેશનનો આછો ખ્યાલ સમકાલીન શિલ્પો અને માટીની આકૃતિઓના અભ્યાસમાંથી મળી આવે છે. પુરુષો મોટેભ ાગે અત્યારની સાડીની જેમ એક જ વસ્ત્ર શરીરના નીચેના ભાગે વીંટીને તેનો છેડો ડાબા ખભા ઉપર અને જમણી બગલની નીચેથી પસાર થતો પહેરતા. બીજો પોશાક લુંગી (શરીરના નીચેના ભાગને વીંટીને થોડા કપડાની પાટલી વાળવી) અને ખમીસ બન્ને સ્ત્રીઓ અને પુરુષો પહેરતાં. પુરુષો તેમના વાળને વિવિધ રીતે વ્યવસ્થિત રાખતા. ઘણીવાર ગોળ વાળીને તેના ઉપર પટો બાંધતા, જેથી વાળ સરખા રહી શકે. પુરુષો આજની ભારતીયો કરતાં વધારે દાગીના પહેરતા. તેઓ વીંટી, પહોંચી, ગળા અને હાથની ફરતાં દાગીના પહેરતા. દાઢી વધારવાની ફેશન હતી. પરંતુ મૂછોની હજામત કરતા. સ્ત્રીઓ કમરની ફરતાં દાગીના પહેરતી. સ્ત્રીઓ ઘણા નેકલેસ (કંઠહાર) પહેરતી: બંગડીઓ પણ ફેશનમાં હતી. જોકે કેશભૂષાની સજાવટ અનેકવિધ પ્રકારની હતી. પુરુષો અને સ્ત્રીઓ લાંબા વાળ રાખતાં. આપણે જાણીએ છીએ કે તેઓ સુતરાઉ કાપડ પહેરતા. એક શિલ્પમાં લાલ રંગનું ત્રિદલની ડિઝાઇનવાળું વસ્ત્ર બતાવેલું હતું. આ બધી ફેશન હોવા છતાં આપણે જો હડપ્પાના માનવીને રસ્તા ઉપર ચાલતો જોઈએ તો તે આપણી દૃષ્ટિએ બીજા કોઈ પણ કરતાં વધારે ભિક્ષુક જેવો લાગે.



આકૃતિ 15. સોના અને કિંમતી પથ્થરના અલંકારો.

### 8.2.2 ખોરાકની ટેવો (Food Habits)

તેઓ શું ખાતા હશે ? આપણે તે સંબંધી ઘણું થોડું જાણીએ છીએ. સિંધ અને પંજાબના હડપ્પનો ઘઉં અને જવ મુખ્ય ખોરાક હતો. જેઓ રાજસ્થાનનાં નગરોમાં રહેતા તેઓએ માત્ર જવથી સંતોષ માનવાનો રહેતો હતો. રંગપુર અને સુરકોટડામાં રહેનારા ગુજરાતના હડપ્પનો ચોખા અને બાજરી પસંદ કરતા. આપણે એ જોઈએ કે તેઓ પ્રોટીન અને ચરબીનો જથ્થો ક્યાંથી મેળવતા હશે ?


તેઓ ચરબી અને તેલ, તલ, રાઈ અને શક્ય છે કે ઘીમાંથી મેળવતા. આપણે જાણતા નથી કે તેઓ ખાંડ માટે શેરડીથી માહિતગાર હતા કે નહી. તેમના ખોરાકને ગળ્યું બનાવવા તેઓ કદાચ મધ વાપરતા હશે. મુરબ્બા જેવા ફળ (Jujube) અને ખજૂરના ઠળિયા જે હડપ્પન જગ્યાઓમાંથી મળ્યા છે તે તેમનાં ફળો અંગેની પસંદગી બતાવે છે. શક્ય છે કે તેઓ કેળાં, દાડમ, તરબુચ, લીંબુ, અંજીર અને ચોક્કસપણે કેરી ખાતા હશે. તેઓ જંગલી સોપારી જેવાં સખત કોચલાંવાળાં ફળો ખાતા હશે. પરંતુ તેમને ઓળખવાનું મુશ્કેલ છે. તેઓ વટાણા

પણ ખાતા. આ સિવાય હડપ્પનો માંસાહારી ખોરાકની લિજ્જત માણતા હશે. હરણાં, રીંછ, ઘેટાં, બકરાં વગેરેનાં હાડકાં અવારનવાર હડપ્પન વસાહતોમાંથી મળી આવ્યાં છે. માછલી, દૂધ અને દહીં વિશે પણ તેઓ જાણતા હતા પણ તેઓ ચા અને બટાકાની કાતરી વિશે જાણતા ન હતા. તમે જાતે આનું કારણ શોધી શકશો ?

## 8.2.3 ભાષા અને લિપિ (Language and Script)

તેઓ કઈ ભાષા બોલતા, તેઓ શું વાંચતા અને લખતા તે આપણે સ્પષ્ટ નથી. આપણે હડપ્પનોની લખેલી લિપિ શોધી કાઢી છે. આગળ કહ્યું તેમ આપણે તે હજુ સુધી ઉકેલી શક્યા નથી. કેટલાક વિદ્વાનો માને છે કે જે ભાષા લખાયેલી છે તે દ્રાવિડીઅન ભાષાઓના વર્ગની તામિલ પૂર્વજોની ભાષા છે. જ્યારે બીજા કેટલાક લેખકો વિચારે છે કે તે સંસ્કૃત જેવી પૂર્વજોની આર્યભાષા છે.

હજુ શંકાથી પર એવું એકે ઉદાહરણ સાબિત થયું નથી. પરંતુ લિપિ અંગે નોંધપાત્ર બાબત એ છે કે હડપ્પન સભ્યતાના સમગ્ર કાળ દરમ્યાન તે લિપિમાં કોઈ પણ જાતનો ફરક નોંધાયો નથી. બીજી બધી પ્રાચીન લિપિઓએ કાળના વહેવા સાથે તેમાં સ્પષ્ટ ફરક બતાવ્યો છે. આ બતાવે છે કે હડપ્પન લિપિ સામાન્ય વપરાશની નહીં હોય. કદાચ બહુ જ નાના ખાસ લહિયા વર્ગનો તે લેખિત શબ્દ ઉપર ઇજારો હોવો જોઈએ. તેઓ શું શીખ્યા અને કેવી રીતે શીખ્યા તેના જવાબો આપણી પાસે નથી. તેઓને ભણવા માટે કોઈ શાળા હતી કે નહીં તે પણ આપણે જાણતા નથી. જ્યારે તેના સમકાલીન મેસોપોટેમિયામાં શાળાઓ હતી.



**આકૃતિ 16. કાલિબંગનના કિલ્લાના ઉત્તરનો અર્ધો ભાગ.**


## 8.2.4 યુદ્ધની સ્થિતિ (Warfare)

તેઓ રમતા કે લડતા હશે ? આપણે જાણીએ છીએ કે તેઓ પાસા રમતા હતા. તે સિવાય આપણે કાંઈ જાણતા નથી. તેઓ યુદ્ધ કરતા હતા તેના આપણી પાસે પૂરતા પુરાવા છે. કારણ પુરાતત્ત્વવિદો જ્યાં હડપ્પન સ્થળોએ ઉત્ખનન કરતા હતા ત્યાં તેઓ યુદ્ધના પુરાવાઓ શોધતા હતા, નહીં કે રમતના. એક અગત્યનું સૂચક ચિહ્ન એ છે કે હડપ્પન સભ્યતાના ઉદ્‌ભવ સમયે ઘણાં "પ્રાચીન હડપ્પન" સ્થળો જેવાં કે કોટ દીજી અને કાલિબંગન બળી ગયાં હતાં. કદાચ કોઈ અકસ્માત આગથી મોટાં નગરોનો નાશ થયો હશે. પરન્તુ એમ લાગે છે કે કેટલીક વસાહતોને વિજેતા માનવ સમૂહે બાળી નાખી હોય; કેટલાંક હાડપિંજરો મોહેં-જો-દરોની શેરીમાં રઝળતાં અસ્તવ્યસ્ત પડેલાંનો પુરાવો છે. પુરાતન કાળથી માનવ સમાજે મરેલાનાં શરીરોનો વ્યવસ્થિત પદ્ધતિસર નિકાલ કર્યો છે. સ્વાભાવિક છે કે હડપ્પનો તેમના મૃતદેહોને શેરીઓમાં કોહવા માટે રહેવા દે નહીં. આથી દેખીતી રીતે એવું અનુમાન કરી શકાય કે કોઈ અભૂતપર્વ આફત કે યુદ્ધને લીધે હડપ્પનોને મૃતદેહોને દાટવાની પણ તક નહીં મળી હોય. ઘણા હડપ્પન નગરોના ફરતા કોટ અને કિલ્લેબંધી સ્પષ્ટ કરે છે કે

બહારના પરદેશીઓ સામે રક્ષણની આવશ્યકતા હતી. કેટલીક સંરક્ષણ દીવાલો બંધ તરીકે પૂર સામેના રક્ષણ માટે બાંધી હશે. હડપ્પન નગરોની સમૃદ્ધિ સામે આસપાસની ગ્રામ્ય પ્રજાની ગરીબાઈ સૂચવે છે કે હડપ્પનોને પોતાનું ધન અને જીવનના રક્ષણ માટે તેમની વસાહતોને મજબૂત કિલ્લેબંધીની જરૂર હતી. ઘણાં ત્રાંબા અને કાંસાનાં આયુધો પણ મળી આવ્યાં છે.

## 8.2.5 મુખ્ય હુન્નરો (Main Crafts)

પોતાના નિર્વાહ માટે હડપ્પીઓ શું કરતા હશે ? - આ પ્રશ્નનો ઉત્તર આપવા આપણી પાસે કોઈ ચોક્કસ કારણ નથી. પ્રાક્ અર્વાચીન સમયના સુધરેલા સમાજના અભ્યાસો પરથી જાણી શકાય છે કે મોટા ભાગના લોકો ખેતીમાં રોકાયેલા હતા. જ્યારે ઠીક પ્રમાણમાં નગરોના લોકો જુદા જુદા પ્રકારની પ્રવૃત્તિઓમાં રોકાયેલા હતા. હડપ્પઓને. ગમતી ઘણી પ્રવૃત્તિઓમાં એક મણકા બનાવવાની પ્રવૃત્તિ હતી. મોહેં-જો-દરો, ચન્હુદરો અને લોથલ જેવી વસાહતોમાં મોટા ભાગના હડપ્પનો આ કામમાં (મણકા બનાવવામાં) રોકાયેલા હતા. વિવિધ જાતના પથ્થરો જેવા કે અકીક, નીલમણિ, અકીકનો પથ્થર અને લાલપીળો કે બદામી મણિના મણકા બનાવવામાં વપરાતા. તેથી શક્ય છે કે દરેક પ્રકાર ના પથ્થર માટે નિપુણ મણકા બનાવનાર હશે. કેટલાક હડપ્પનો પથ્થરનાં હથિયારો બનાવવામાં કુશળ હશે. આ ઉપરાંત કુંભાર, ત્રાંબા અને કાંસાના કંસારા પથ્થર પર કામ કરનારા, મકાન બાંધનારા, ઈંટો બનાવનાર, મુદ્રા કોરનાર વગેરેના કસબીઓ હડપ્પન નગરમાં રહેતા હશે. જ્યારે આપણે હડપ્પન સભ્યતાની વાત કરીએ ત્યારે મુખ્યત્વે મુદ્રા, ઈંટો, વાસણો અને બીજી કેટલીક વસ્તુઓ જે આજ સુધી સચવાઈ છે તેનો ઉલ્લેખ કરીએ છીએ. આ ચીજો તેના કારીગરોના અસ્તિત્વની કલ્પના કરે છે.



આકૃતિ 17. હડપ્પન સ્થળોના કેટલાક કિંમતી પથ્થરના મણકા.



આકૃતિ 18. મણકા બનાવવાની ભઠ્ઠી.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1.) નીચેનાં વિધાનોમાંથી કયું સાચું ( ✓ ) છે અને કયું ખોટું ( ✗ ) છે :

(1) હડપ્પન સભ્યતા જ્યાં સુધી જીવંત રહી ત્યાં સુધી હડપ્પન લિપિમાં ઘણા ફેરફારો થયા હતા.( )

(2) હડપ્પનો ચુસ્ત શાકાહારી હતા. ( )

(3) સામાન્ય રીતે હડપ્પન નગરોને મજબૂત કિલ્લેબંધી હતી ( )

(4) હડપ્પન પુરુષો દાગીના પહેરવાના શોખીન હતા ( )

2) નીચે આપેલાં વાક્યોમાં ખાલી જગ્યાઓ પૂરો :

(1) આપણે હડપ્પન લોકોની વેશભૂષા અને ફેશનોની માહિતી તેઓના ............ માંથી જાણીએ છીએ.

(2) હડપ્પનોનાં ધાતુનાં ઓજારો બનાવવા ............ વાપરવામાં આવતા.

(3) હડપ્પનોનો મુખ્ય ખોરાક રાજસ્થાનમાં ........................ સિંધ અને પંજાબમાં ............ અને ગુજરાતમાં ............ હતો.

(4) હડપ્પન વસાહતોમાંથી મોટી સંખ્યામાં મળેલા મણકા ............ ના બનાવેલા હતા.

3) હડપ્પન લિપિ વિશે પાંચ વાક્યો લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 8.3 તેમના ઉપર કોનું શાસન હતું ? (How Ruled Them?)

હડપ્પન સમાજના પિરામિડની ટોચ ઉપર ત્રણ અવ્યક્ત સ્વરૂપે લોકોના વર્ગ હતા. તેઓ વહીવટદારો, વેપારીઓ અને પુરોહિત હતા. વ્યવસ્થાતંત્રના પાયાના પ્રશ્નો સમજવા માટે તેઓની હાજરી માની લઈ શકાય. કેન્દ્રસ્થ નિર્ણય કરવાની પદ્ધતિ જેને આપણે રાજ્ય કહીએ તેના ઉદ્‌ગમની સાથે સભ્યતાનો ઉદય થયો. હડપ્પન સભ્યતામાં નગરપાલિકા જેવા તંત્રને ચલાવવા માટે નીતિ ઘડનારું સત્તામંડળ અસ્તિત્વ ધરાવતું આપણે જોઈએ છીએ :

- શેરીઓ અને ગટર વ્યવસ્થા પદ્ધતિની રચના અને સંચાલન માટે પણ નગરોમાં મ્યુનિસિપલ તંત્રની જરૂર હોય.
- તે જ પ્રમાણે કોઠાર પણ આવી કોઈ સત્તાની હાજરી બતાવે છે કે જે આજુબાજુના આંતરપ્રદેશોમાંથી અનાજ એકત્ર કરે અને નગરજનોમાં તેની વહેંચણી કરે.
- આગળ જણાવ્યું છે કે હથિયારો, ઓજારો, ઈંટો વગેરેમાં એકસરખું સામ્ય તેની ડિઝાઇનમાં પણ છે. કેટલાંક ઓજારો અને હથિયારો એક જ સ્થળે મોટા જથ્થામાં તૈયાર થતાં હશે અને પછી તેનું વિતરણ જુદાં જુદાં શહેરો અને વસાહતોમાં થતું જણાય છે. આવી ચીજોનું ઉત્પાદન અને વિતરણ કરવાની સત્તા ધરાવતી સંસ્થા આ વસ્તુઓને હજારો કિલોમીટર ના અંતરે મોકલતી. તેમાં કેટલો માલ તૈયાર કરવો અને ક્યાં મોકલવો તેનો નિર્ણય પણ લેવામાં આવતો. જો આ લોકો તેમના માલ અમુક નગરમાં મોકલવાનો બંધ કરે તો તે નગર ઓજારો અને હથિયારોની અછત ભોગવે.
- મોટાં શહેરોમાંના લોકો મોટા પ્રમાણમાં લાંબા અંતરની ચીજો વાપરે તે બતાવે છે કે કોઈ પણ પ્રકારનો વહીવટી વર્ગ તેમની વચમાં રહેતો હશે. ઘણી ચીજો દૂરના પ્રદેશોમાંથી લાવવાને કારણે અછતર પણ ઊભી થાય. કીમતી પથ્થરો કે ધાતુના માલિકોની સમાજના બીજા લોકોમાં ઘણી પ્રતિષ્ઠા થતી હશે.
- તેવી જ રીતે મોટાં નગરોમાં મોટી સંખ્યામાં લોકોની વસતી હશે તે બતાવે છે કે ત્યાં મોટી ઇમારતો જેવી કે મંદિરો, મહેલો વગેરે પણ હતાં. જે લોકો આવી મોટી ઇમારતોમાં રહેતા હશે તેઓ રાજકીય, કે આર્થિક કે ધાર્મિક સત્તા ભોગવતા હશે. એ વાતની નવાઈ નથી કે મોટી સંખ્યામાં મળતી મુદ્રાઓ જેનો વેપારીઓ, પુરોહિત કે વહીવટદારોની સત્તાના ચિહ્ન તરીકે ઉપયોગ થતો હતો તે ત્યાં મળી આવી છે કે જ્યાં મોટામાં મોટી ઇમારતો પણ મળી આવી છે.

આનો અર્થ એવો નથી કે એવું સૂચન પણ નથી કે મોહેં-જો-દરો હડપ્પન સભ્યતાની રાજધાની હશે. શક્ય છે કે હડપ્પન સભ્યતામાં કે કદાચ પાંચ જેટલા સ્વતંત્ર રાજકીય એકમો હોય. આપણે માત્ર એટલું સૂચન કરી

શકીએ કે શહેર એ રાજકીય-આર્થિક સત્તાના કેન્દ્ર તરીકે ઉદ્દભવ્યું હતું. આપણે એ જાણતા નથી કે હડપ્પનોના શાસક કોણ હશે. કદાચ તેઓ રાજાઓ, પુરોહિતો કે વેપારીઓ હોઈ શકે જોકે આપણે. જાણીએ છીએ કે અર્વાચીન સમય પહેલાંના સમાજોમાં આર્થિક, ધાર્મિક અને વહીવટી ક્ષેત્રો એકબીજાથી ચોક્કસ પણે અલગ કરેલાં નહતાં. તેનો અર્થ એ કે એક જ માણસ તે પુરોહિતોનો વડો રાજા અને સૌથી શ્રીમંત વેપારી હોય. આ બધા પુરાવાઓ બતાવે છે કે ત્યાં રાજકર્તા કે કોઈ સતાની હાજરી હશે. તે સત્તા ક્યા સ્વરૂપે હશે તે આપણે માટે સ્પષ્ટ નથી.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) આપણે શેના આધારે કહીએ છીએ કે હડપ્પન શહેરી સભ્યતા હતી ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) હડપ્પન ઉત્ખનનમાંથી પ્રાપ્ત થયેલી ઘણી ચીજો બતાવે છે કે નાગરિક અને રાજકીય સત્તાની ત્યાં હાજરી હતી. તે શું છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 8.4 ધર્મ અને ધાર્મિક આચારવિધિઓ (Religion and Religious Practices)

હડપ્પનો શાની પૂજા કરતા હશે ? - આ એક મહત્ત્વનો પ્રશ્ન છે કે જેની વિદ્વાનો વારંવાર ચર્ચા કરતા હોય છે. ભૂતકાળના હડપ્પાના મૂંગા અવશેષો આપણને કાંઈ કહેતા નથી. તેથી તર્કની સાથે મેળ કરીને આપણા વિચારો પ્રમાણે તેમની ધાર્મિક માન્યતાઓ સમજવી જોઈએ. મુખ્ય પ્રશ્ન એ છે કે કોઈપણ લેખિત માહિતી વગર તેમની ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓનો ભેદ પાડવો મુશ્કેલ છે. આથી હડપ્પામાંથી મળતો દરેક કોઈ પણ અવશેષ પવિત્ર હોઈ શકે. ગમે તેમ પણ આપણે વર્તમાન માન્યતાની સમાનતાના આધારે હડપ્પનોની ધાર્મિક માન્યતાઓ સમજવા પ્રયત્ન કરીશું.

### 8.4.1 પૂજા સ્થાનકો (The Places of Worship)

કિલ્લાની અંદરના અને મોહેં-જો-દરોના નગરના નીચાણ ભાગમાં મોટી સંખ્યામાં આવેલી ઇમારતોને દેવસ્થાનો માનવામાં આવે છે. મોટા પથ્થરનાં શિલ્પો મોટી સંખ્યામાં આ મકાનોમાંથી મળવાને કારણે આ વિચારને સમર્થન મળે છે.

મોહેં-જો-દરોના નીચેના ભાગમાંથી એક મોટું મકાન શોધાયું છે આ મકાનને ભવ્ય પ્રવેશદ્વાર અને પહોળી સીડી ઊંચા ઓટલા તરફ લઈ જાય છે. જે પ્લેટફોર્મ (ઓટલા) ઉપરથી 16.1/2 ઇંચ ઊંચું પથ્થરનું શિલ્પ મળ્યું છે. આ શિલ્પ બેઠેલા માનવનું છે અને તેના બે હાથ ઢીંચણ ઉપર છે. તેનો દાઢીવાળો ચહેરો છે. તેના કપાળ ઉપર ખેંચીને બાંધેલી રીબન અને તેના બે છેડા મસ્તક પાછળની બાજુ લટકતા છે. બીજી પણ પથ્થરની પ્રતિમા આ મકાનમાંથી શોધાઈ હતી. તેથી જ વિદ્વાનો આ મકાનને મંદિર તરીકે ઓળખાવે છે.

મોહેં-જો-દરોના અંતરકોટના ટીંબામાંથી કેટલીક ઇમારતો મળી આવી છે. તે પણ કર્મકાંડ સાથે સંબંધિત હોય એમ જણાય છે. આ ઇમારતોમાં મોટું સ્નાનાગાર તે ખૂબ જ જાણીતું છે. અહીંની વિસ્તૃત નહાવા માટેની વ્યવસ્થા ભારતના પછીના ઐતિહાસિક તબક્કામાં દરેક ધાર્મિક સ્થળમાં પવિત્ર કર્મકાંડ માટે કરવામાં આવેલી જોવા મળે છે. આથી સમજાય છે કે 'મોટું સ્નાનાગાર' માત્ર તરવા માટેનો હોજ ન હતો પરંતુ તેનું કર્મકાંડની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વ હતું. મોટા સ્નાનાગાર ની બાજુમાં બીજું એક મોટું મકાન (230 x 78 ફીટ) મળ્યું છે. તેને કોઈ મોટા પુરોહિતનું નિવાસસ્થાન અથવા પુરોહિતોની સંસ્થા તરીકે ઓળખવામાં આવ્યું છે તેવી જ રીતે

લંબચોરસ સભાગૃહ પણ અંતરકોટના સ્થળેથી મળી આવ્યું છે. આ ઇમારતની ડાબી બાજુએ કેટલાક ઓરડાઓનો સમૂહ મળી આવ્યો છે. તેમાંના એકમાં બેઠેલાં એક પુરુષની પ્રતિમા મળી છે. આ ઇમારતને પણ ધાર્મિક ઇમારતના ભાગ તરીકે ઓળખવામાં આવી છે, આવી ધાર્મિક ઇમારતો આપણને મોહેં-જો-દરોના લોકોના ક્રિયાકાંડો પર દૃષ્ટિપાત કરવાની તક આપે છે. આપણે માની લઈએ કે કેટલાક ક્રિયાકાંડો મોટા મંદિર જેવી ઇમારતોમાં થતા હશે.

## 8.4.2 પૂજાની સામગ્રી (Objects of Worship)

પૂજાની વસ્તુઓના પુરાવા હડપ્પન મુદ્રાઓ અને માટીની આકૃતિઓમાંથી મળી આવે છે. મુદ્રાઓમાંથી મળેલા પુરાવા સૌ પ્રથમ સૌથી વિખ્યાત દેવ તે શિવની આકૃતિ તરીકે ઓળખાયા છે. સંખ્યાબંધ મુદ્રાઓમાં દેવે ભેંસના શિંગયુક્ત માથાનું વેષ્ટન પહેર્યું છે અને યોગાસનમાં બેઠેલા બતાવ્યા છે. દેવ પશુઓ જેવાં કે બકરા, હાથી, વાઘ અને સાબરથી ઘેરાયેલા છે. માર્સલે આ દેવને પશુપતિ તરીકે ઓળખાવ્યા છે. કેટલાક દાખલામાં દેવને તેના શિંગની વચ્ચે અંકુર ફૂટેલો છોડ ઊગતો બતાવ્યો છે. બીજા એક દાખલામાં શિંગયુક્ત દેવ અને તેના ઝૂલતા વાળ સાથે પીપળાના વૃક્ષની ડાળીઓ વચ્ચે નગ્નાવસ્થામાં ઊભેલા છે અને તેની આગળ એક ભક્ત ઘૂંટણીએ પડેલો છે. આ ભક્તની પાછળ બકરાના મુખવાળો માનવ અને તેની સાત બીજી માનવાકૃતિઓ છે. તેઓને લાંબા ચોટલા અને ઊંચા શિરોવેષ્ટન છે. એક મુદ્રામાં યોગીની આકૃતિને વીંટળાયેલા સર્પો બતાવેલા છે. આ દરેક લક્ષણ શિંગડાયુક્ત દેવ સાથે સંકળાયેલા છે કે જે પછીના ઇતિહાસમાં શિવ તરીકે ઓળખાયા છે તેને લાગુ પડે છે. આ ઉપરાંત કેટલીક હડપ્પન વસાહતોમાંથી શિવનું પ્રતીક લિંગ મળી આવ્યાં છે. આ બધા પુરાવાઓથી નિષ્ણાતો એવા મત ઉપર આવ્યા છે કે શિવ હડપ્પનોના સૌથી મહત્ત્વના પુરુષદેવ હતા. કદાચ મંદિરો પણ એ જ દેવને અર્પણ કરેલાં હોઈ શકે.

**(1) માતૃકા (Mother Goddess)**

હડપ્પન વસાહતોમાંથી મોટા જથ્થામાં પકવેલી માટીની નારી આકૃતિઓ મળી આવી છે તેમાં રજૂ થયેલી સ્ત્રી આકૃતિઓ પહોળા કંદોરા, કમરનું વસ્ત્ર અને હાર સાથે શોભે છે. તેઓ પંખા આકારનું શિરોવેષ્ટન પહેરે છે. ક્યારેક તેઓ બાળક સાથે બતાવેલી છે. ફળદ્રુપતાનો સામાન્ય વિચાર ગર્ભાવસ્થાયુક્ત સ્ત્રીઓની ઘણી રજૂઆતમાં બતાવેલા છે. આ પુરાવાઓ બતાવે છે કે ફળદ્રુપતામાં સંપ્રદાય અને માતૃકાની પૂજા પ્રચલિત હતી.

**(2) વૃક્ષ દેવતા (Tree Spirits)**

હડપ્પનો વૃક્ષદેવની પૂજા કરતા જણાયા છે. કેટલીક મુદ્રાઓમાં પીપળાનું વૃક્ષ અંકાયેલું છે. ઘણામાં વૃક્ષની ડાળીમાંથી જોતી આકૃતિ બતાવેલી છે. વિદ્વાનો માને છે કે આ વૃક્ષદેવ છે. કેટલાકમાં ભક્તો વૃક્ષની આગળ ઊભેલા બતાવેલા છે. જ્યારે બીજા કેટલાકમાં વાઘ કે બીજું કોઈ પ્રાણી વૃક્ષની આગળ ઊભેલું બતાવેલું છે. જ્યારે એકમાં સાત માનવ આકૃતિઓ વૃક્ષની આગળ ઊભેલી છે. અને વૃક્ષની અંદર શિંગડાવાળી એક આકૃતિ ઊભેલી છે. આગળ આપણે ચર્ચા કરી કે શિંગડાવાળી આકૃતિ કદાચ શિવ છે. સૈકાઓથી પીપળાનું વૃક્ષ ભારતમાં પૂજાય છે અને ઘણા સંજોગમાં પીપળાનું વૃક્ષ અને શિવ બન્નેને ભેગાં પૂજવામાં આવતાં. સાત આકૃતિઓને કેટલીક વાર સાત મહાન ઋષિઓ અથવા ભારતીય પુરાણશાસ્ત્ર પ્રમાણે સાત માતૃકાઓ તરીકે ઓળખવામાં આવે છે.

**(3) કેટલાક પૌરાણિક વીરો (Some Mythical Heroes)**

કેટલીક માનવ આકૃતિઓ મુદ્રાઓ અને તાવીજો ઉપર મળી આવી છે તે ધાર્મિક દૃષ્ટિએ અગત્યની જણાઈ છે. માથા ઉપર શિંગડા અને લાંબા પૂંછવાળી માનવ આકૃતિઓ વારંવાર મુદ્રા ઉપર બતાવેલી છે. કેટલીક વખત તેઓને પશુની જેમ ખરી અને પાછળ પગો પણ હોય છે. બીજી કેટલીક મુદ્રાઓ આપણને મેસોપોટેમિયાની પૌરાણિક કથાની યાદ આપે છે. દાખલા તરીકે એક માણસ બે વાઘને ગળેથી પકડે છે તે જોતાં તરત જ આપણને બહાદુર લડવૈયા ગિલ્ગેમેશ (Gilgamesh) ની યાદ આવે છે કે જેણે બે વાઘને મારી નાંખ્યા હતા.

**(4) પશુપૂજા (Animal Worship)**

ઘણી મોટી સંખ્યામાં પશુઓની પૂજા થતી હશે એમ જણાય છે. આપણી આ માહિતી પણ મુદ્રા અને મુદ્રાંકનો અને પાકી માટી ઉપરની આકૃતિઓમાંથી પ્રાપ્ત થઈ. ચન્હુડેરોમાંથી એક મુદ્રા મળી આવી છે તેમાં ટટાર લિંગવાળો જંગલી પાડો ચત્તીપાટ માનવ આકૃતિને ગર્ભધાન કરતો બતાવ્યો છે. મનુષ્ય આકૃતિના મસ્તકમાંથી છોડ અંકુરિત થાય છે. આ સ્પષ્ટ પણે કોઈ ફળદ્રુપતાનો સંપ્રદાય બતાવે છે. બ્રાહ્મણી સાંઢ તેની ભારે ઝાલર-ગબગબ સાથે વારેવારે મુદ્રાઓ ઉપર રજૂ થાય છે. શક્ય છે કે આજે સાંઢ અને ગાય પ્રત્યેના પૂજ્યભાવની શરૂઆત હડપ્પન સભ્યતાથી શરૂ થઈ હોય.

**(5) પૌરાણિક પશુઓ (Mythical Beasts)**

ઘણા સંયુક્ત પ્રાણીઓ મુદ્રામાં બતાવેલાં છે. આ પશુઓનો આગળનો ભાગ માનવનો અને પાછળનો ભાગ વાઘનો છે. તે જ પ્રમાણે સંયુક્ત પશુઓમાં બકરા, બળદ અને હાથીઓના જુદા જુદા ભાગ વારંવાર રજૂ થાય છે. સ્પષ્ટ રીતે આ પશુઓ પ્રજાના સાધન તરીકે હોવાં જોઈએ. સંયુક્ત પશુ જેવાં કે 'નરસિંહ'ના વિચાર પાછળથી ભારતીય પ્રણાલીનો પૌરાણિક ખ્યાલ છે. પરંત અગત્યનં પ્રશ્ન વારંવાર

હડપ્પન મુદ્રાઓ ઉપર રજૂ થાય છે તે એકશૃંગી પશુ છે. આ પશુ અશ્વ જેવું છે. પરંતુ તેનું શિંગડું માથાની વચ્ચેથી નીકળેલું છે. આ પશુની આગળ એક વિચિત્ર વસ્તુ છે કે જે કોઈ પણ પશુના સંબંધમાં બતાવેલી નથી. તે એક તાંસળું (નગારા જેવું પાત્ર) મધ્યમમાં અને નીચે પિંજરા જેવી વસ્તુ છે. આપણે તેનું કાર્ય જાણતા નથી પરંતુ તે પવિત્ર દાણા નીરવા માટેનું અથવા ધૂપ માટેનું પાત્ર હોઈ શકે. બીજી એક મુદ્રાની છાપમાં 'એક શૃંગી પશુ' ને બે વસ્તુની વચ્ચેથી સરઘસ આકારે લઈ જતાં બતાવ્યું છે. તેમાંની એકતો ઉપર ચર્ચા કરી તેના જેવી છે. એ સ્પષ્ટ છે કે 'એક શૃંગી' પૌરાણિક કાલ્પનિક પશુ છે. હજુ સુધી આવું એક પણ પશુ મળ્યું નથી. કદાચ તે સંપ્રદાયની માન્યતાની વસ્તુ હોય.

કાલિબંગન અને લોથલના હડપ્પનો બીજી ધાર્મિક રીતો અપનાવતા હશે. કાલિબંગનના આંતરકોટમાં ઊંચા ઈંટોના ઓટલા મોટી સંખ્યામાં પ્રાપ્ત થયા છે. તેના ઉપર 'અગ્નિની વેદી' અર્થાત્ ઈંટોના હારબંધ ખાડા કે જેમાં રાખ અને પશુઓનાં હાડકાં છે. આ સ્થળે કૂવો અને સ્નાન માટેનાં સ્થાનો છે. આ સમૂહ કોઈ પ્રકારના ધાર્મિક રિવાજનું કેન્દ્ર હશે. જ્યાં પશુ બલિદાન, ધાર્મિક સ્નાન અને કોઈ પ્રકારની અગ્નિની પૂજા કરાતી હોય. નીચેના નગરના ઘણા ઘરોમાં એકાદ ઓરડામાં અગ્નિવેદી જોવા મળે છે. બીજા ઘણા 'અગ્નિકુંડો' મળી આવ્યા છે. લોથલમાં પણ 'અગ્નિકુંડો' મળ્યા છે. આ પુરાવાઓ ઘણા અગત્યના છે કારણ કે -

(ક) તે બતાવે છે કે હડપ્પનો જુદા ભૌગોલિક પ્રદેશમાં રહેતા અને જુદી ધાર્મિક રીતો અપનાવતા અને વૈદિક ધર્મમાં અગ્નિની પૂજા કેન્દ્રસ્થાને હતી.

(ખ) વૈદિક ધર્મમાં અગ્નિની પૂજા કેન્દ્રસ્થાને હતી.

વૈદિક આર્યો જુદા સમૂહના લોકો હતા. કાલિબંગનનો પુરાવા બતાવે છે કે હડપ્પનોની ધાર્મિક વિધિઓ આર્યો જ્યારે આ પ્રદેશમાં આવ્યા અને સ્થિર થયા ત્યારે તેઓએ અપનાવી.

### 8.4.3 શબની દફન ક્રિયા (The Burial of The Dead)

માનવસમૂહમાં મરેલાનો નિકાલ એક અગત્યની ધાર્મિક ક્રિયા છે. તેનું કારણ એ કે મૃત્યુ પામેલા તરફનું વલણ મનુષ્યની આ જીવન અને પરજીવન ને લગતી માન્યતાઓ સાથે સંકળાયેલાં છે. ઇજિપ્તમાં પિરામિડ કે મેસોપોટેમિયા શહેરના ઉર (છદ્ર) માંથી જે પ્રકારનું રાજવીઓનું ભવ્ય કબ્રસ્તાન મળ્યું છે. એવી એક પણ ઇમારત હડપ્પન સભ્યતાએ મરેલાઓ માટે ઊભી કરેલી નથી. છતાં પણ આપણી પાસે હડપ્પનોના દાટવાની ક્રિયાના કેટલાક પુરાવાઓ છે.

હડપ્પામાં પણી કબરો શોધાઈ છે. શબોને ઉત્તર-દક્ષિણ સામાન્ય રીતે મૂકવામાં આવતાં. શરીરો તેમની પીઠ પર મૂકવામાં આવતાં. કબરમાં મોટી સંખ્યામાં માટીના ઘડા મૂકવામાં આવતા. કેટલાક સંજોગોમાં મૃતદેહને તેમના અલંકારો, જેવા કે બંગડીઓ, કંઠહાર અને કાનના અલંકાર સાથે દાટવામાં આવતા. કેટલાકમાં ત્રાંબાના અરીસા, છીપલાંની બંગડીઓ, સુરમો લગાડવાની સળીઓ વગેરે કબરમાં મૂકવામાં આવતી. ઘણી કબરો ઈંટોથી ચણેલી છે. દફનક્રિયા માટેની શબપેટી હડપ્પામાંથી મળી આવી છે. કાલિબંગનમાં બીજા જ પ્રકારની દાટવાની પદ્ધતિ નજરે પડી છે. નાના વર્તુળાકાર ખાડા કે જેમાં મોટાં વાસણો અને તે સાથે માટીનાં વાસણો મળી આવ્યાં છે, પણ તેમાં હાડપિંજરના અવશેષો નથી. દફન માટેના બીજા ખાડા એકત્ર કરેલાં હાડકાં સાથે મળી આવ્યા છે. લોથલમાં બે હાડપિંજર તેમાં એક પુરુષ અને એક સ્ત્રી સાથે દાટેલાં મળ્યાં છે.

આ પ્રથા બતાવે છે કે હડપ્પનોમાં મૃતદેહનો નિકાલ કરવાની ધીરે ધીરે જુદી પદ્ધતિ થતી જાય છે. ઐતિહાસિક તબક્કામાં મહત્ત્વની પદ્ધતિ દફનક્રિયા જણાય છે. સાથોસાથ શરીરની સાથે સંભાળપૂર્વક મૂકેલા અલંકારો અને પ્રસાધન સામગ્રી મૃત્યુ પછીના જીવનની માન્યતા તરફ ધ્યાન દોરે છે. કઈ માન્યતા હશે તેનાથી આપણે અજાણ છીએ. ઉત્ખનનમાંથી મળેલા જુદા જુદા પ્રદેશો જુદી જુદી ધાર્મિક રીતો અનુસરતા. અગ્નિપૂજા કાલિબંગન અને લોથલમાં જાણીતી હતી. પણ હડપ્પા અને મોહેં-જો-દરોમાં તે અપરિચિત હતી. ધાર્મિક સ્નાનના પુરાવા મોહેં-જો-દરોમાંથી મળે છે. પણ તે હડપ્પામાં નથી. દફનની પદ્ધતિઓમાં પણ ઘણો ફરક જણાય છે. જેમકે ભૂમિમાં લંબાવીને મૂકેલા દફન, બે ભેગાં દાટેલાં દફન અને માટીના પાત્રમાં દફન કાલિબંગનના અવશેષો બતાવે છે કે વિવિધ દફનની પદ્ધતિઓ એક જ વસાહતમાં આચારવામાં આવતી. આ પ્રકારની ધાર્મિક માન્યતાઓ અને રિવાજો ની વિવિધતા એક જ વસાહતનાં શહેરો-કેન્દ્રોમાં જટિલ પદ્ધતિઓનું પ્રતિબિંબ પાડે છે. જ્યારે ટોળીઓના સમૂહોમાં દરેક માણસ પોતાની ટોળીમાં એક જ પ્રકારની ધાર્મિક વિધિ અનુસરે છે, જ્યારે અહીં શહેરી કેન્દ્રોની વિશિષ્ટતા એ હતી કે લોકો જુદા જુદા પ્રકારની ધાર્મિક વિધિઓ અનુસરતા હતા. આનો અર્થ એ છે કે શહેરી કેન્દ્રો વિવિધ સામાજિક જૂથોના રાજકીય અને આર્થિક એકીકરણથી બન્યાં હતાં. શહેરી કેન્દ્રો એટલે કે જુદા જુદા પ્રદેશોના વેપારીઓનો વસવાટ તેમની અલગ અલગ ધાર્મિક માન્યતાઓ પ્રમાણેનો હતો. આ જૂથો પોતાના સામાજિક અને ધાર્મિક રિવાજો સાચવતા અને પોતાનું રાજકીય અને આર્થિક સ્વાતંત્ર્ય ગુમાવતા.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. હડપ્પાની કઈ ધાર્મિક ઇમારતો નિર્દેશ કરે છે કે તેઓમાંના કેટલાક સમૂહમાં પૂજા કરતા અથવા કર્મકાંડ કરતા ?

...........................................................................................................

...........................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

2. નીચેનામાંનાં કયાં વિધાનો સાચાં છે ?
   (1) શિવ સૌથી અગત્યના હડપ્પન દેવ જણાય છે.
   (2) હડપ્પાની ધાર્મિક વસ્તુઓમાં દેવીઓ નહોતી.
   (3) હડપ્પનો વૃક્ષોની પૂજા કરતા જણાય છે.
   (4) હડપ્પનો કોઈ વસ્તુઓની પૂજા કરતા ન હતા.

3. હડપ્પન શોધોમાં આપણને અગ્નિપૂજાના પુરાવા મળે છે ?

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

4. હડપ્પન લોકોના દફનરીતિના અભ્યાસમાંથી કયા મહત્ત્વના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે ?

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

## 8.5 સારાંશ

આ એકમમાં આપણે હડપ્પનોની ધાર્મિક અને સામાજિક પાસાંઓ સંબંધિત જીવન શૈલીની ચર્ચા કરી.

હડપ્પનોનો મુખ્ય પોશાક આજની સાડી કે જે શરીરને વીંટવામાં આવે એવું મોટું સીવ્યા વગરનું કપડું હતું. સ્ત્રીઓ અને પુરુષો ખમીસ અને લુંગી જેવાં સરખાં વસ્ત્રો પહેરતા. સ્ત્રીઓ અને પુરુષો બન્ને અલંકારોનાં શોખીન હતાં. તેમના ખોરાકમાં વૈવિધ્ય હતું. પરંતુ તે તેમના વસવાટનાં ક્ષેત્રો પ્રમાણે રહેતું. મુખ્ય ખોરાકમાં ચોખા, જવ, બાજરી અને ઘઉંનો સમાવેશ થાય છે. અનેકવિધ ફળો, શાકભાજી અને માસાંહાર વાનગી પણ વાપરતા. આશા રાખીએ છીએ કે વિભાગ 3.2.2માં ઉદ્દ્ભવેલા પ્રશ્નનો જવાબ મળી ગયો હશે. નહીં તો તેનું કારણ બટાકા અને ચા તે વખતે તે પ્રદેશમાં થતાં નહિ.

હડપ્પન-લિપિ હજુ પણ પુરાતત્ત્વવિદો અને ભાષાશાસ્ત્રીઓ માટે રહસ્ય છે તે હજુ સુધી ઉકેલાઈ નથી.

તેમની વસાહતોની કિલ્લેબંધી અને મળતાં હથિયારો સૂચવે છે કે તેઓ વારંવાર યુદ્ધમાં રોકાયેલા રહેતા હશે.

માટીકામ, ધાતુકામ, મણકા બનાવવા અને ઘણા હુન્નરો હડપ્પન કરતા હશે. તેનો અર્થ એ કે કારીગરો અને શહેરી શ્રમજીવીઓનો વર્ગ ત્યાં હશે.

સમાજ વર્ગોમાં વહેંચાયેલો જણાય છે. કોઈ પ્રકારનું રાજકીય માળખું હોવાની એંધાણી મળે છે. વહીવટદારો, પુરોહિતો અને વેપારીઓની સાથોસાથ ઘણી મોટી સંખ્યામાં કારીગરો નગરના સમાજના ભાગરૂપ હશે તેમ જણાય છે.

કેટલીક મોટી ઇમારતો સામૂહિક પૂજાવિધિનું સૂચન કરે છે. ઘણા દેવો, દેવીઓ અને બીજી ચીજોની પૂજા થતી હશે. તેમાં મુખ્યત્વે માતૃદેવી, શિવ અને કેટલાંક વૃક્ષો અને પશુઓ કેટલાંક સંયુક્ત પૌરાણિક પશુઓને પણ તેમની ધાર્મિક વિધિમાં સ્થાન હતું.

મૃતદેહના નિકાલ માટે ઘણી પ્રચલિત રીત દહન કરતાં દફનની હતી. દફન કરેલાનાં ખાડામાંથી કેટલાંક આભૂષણો અને બીજી વસ્તુઓ મળી આવી છે. આ બધી બાબતો કાંઈક અંશે હડપ્પન સમાજનો ખ્યાલ આપે છે.

## 8.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અગ્નિકુંડ :** વ્યવસ્થિત ઈંટોનો ખાડો કાલિબંગનમાંથી શોધાયો છે. તેમાં રાખ અને પશુના હાડકાં પ્રાપ્ત થાય છે. ઘણા સમાજમાં અગ્નિની પૂજા થાય છે. વૈદિક સમાજમાં આ જ પ્રકારના ખાડા ખોદીને તેમાં અગ્નિ પ્રગટાવીને તેની પૂજા કરવામાં આવતી.

**ઉરનું ભવ્ય કબ્રસ્તાન :** મેસોપોટેમિયાના ઉર શહેરમાંથી એક કબ્રસ્તાન મળી આવ્યું જે ઈ.સ.પૂ. ત્રણ હજાર વર્ષ જૂનું છે. આ કબ્રસ્તાનમાં રાજાઓની ઘણી કબર છે.

**એકશૃંગ :** પૌરાણિક પશુ કે જૂનું શરીર ઘોડાનું અને તેને એક સીધું શિંગ હોય.

**ફળદ્રુપતાનો સંપ્રદાય :** પૂજાનો એક પ્રકાર જેમાં પ્રકૃતિ અને માનવજાતિની પુનરુત્પત્તિની અવસ્થા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. આ પૂજામાં વિશેષ પ્રમાણમાં પાક અથવા બાળકોની ઉત્પત્તિની ખાતરીની આશા રાખવામાં આવે છે.

**લિપિ :** લખવાની શૈલી કે પદ્ધતિ.

## 8.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો - સ્વાધ્યાય

### તમારી પ્રગતિ તપાસો (ક)

1. (i) ✗ (ii) ✗ (iii) ✓ (iv) ✓
2. (i) પકવેલી માટીની મનુષ્યાકૃતિઓ (ii) ત્રાંબું (iii) જવ, ઘઉં અને જવ, ચોખા અને બાજરી (iv) પથ્થર
3. તમારા પ્રશ્નએ આવરી લેવું જોઈએ કે કઈ વર્તમાન ભાષા હડપ્પન લિપિમાંથી ઊતરી આવી છે. તેમાં થયેલા ફેરફારો અને આપણે તે વાંચી શકીશું કે નહિ.

### તમારી પ્રગતિ તપાસો (ખ)

1. તમારા જીવનમાં મોટી સંખ્યામાં ઈંટની ઇમારતો જે વિશાળ જગામાં ફેલાયેલી છે. હુન્નરોની પેદાશો, ગટર વ્યવસ્થા વગેરે આવરી લેવાં જોઈએ. જુઓ ફરીથી વિભાગ 8.3.
2. તમારા પ્રશ્નમાં સુવ્યવસ્થિત નગરોની ચીજો, મોટાં મકાનો, કોઠારોનું અસ્તિત્વ, તેની વ્યવસ્થા અને આવી બીજી યોજનાઓ આવરી લેશો. ફરીથી જુઓ વિભાગ 8.3.

### તમારી પ્રગતિ તપાસો (ગ)

1. મોટા મંદિર જેવી ઇમારતો તેમાં મોટી સંખ્યાનાં શિલ્પો, સામાન્ય નાહવાની ઓરડીઓ સભાખંડો, ઘણા અગ્નિકુંડો યુક્ત ઇમારત વગેરે જુઓ વિભાગ 8.4 અને પેટા વિભાગ 8.4.1.
2. (i) ✓ (ii) ✗ (iii) ✓ (iv) ✗
3. હડપ્પન વસાહતો જેવી કે કાલિબંગન અને લોથલમાં મોટા પ્રમાણમાં મળેલા અવશેષો બતાવે છે કે અગ્નિપૂજાનું અસ્તિત્વ હતું, જેમકે યજ્ઞકુંડો સ્પષ્ટ રીતે જાહેરપૂજા સ્થાનકો અને કેટલાંક મકાનો, જુઓ પેટા વિભાગ 8.4.2 છેલ્લો ફકરો.
4. ખૂબ નોંધપાત્ર મુદ્દો એ છે કે મૃતદેહોને કેટલાંક ક્રિયાકાંડ સાથે દાટવામાં આવ્યા તે બતાવે છે કે હડપ્પનો મૃત્યુ પછીના અમુક પ્રકારના જીવનમાં માનતા હશે. કારણ કે રોજિંદા વપરાશની ઘણી ચીજો અથવા દાગીનાઓ મૃતદેહની બાજુમાં મૂકવામાં આવતાં એક સ્ત્રી અને એક પુરુષની જોડીને સાથે દાટવામાં આવતી. કેટલાંક ઉદાહરણમાં હાડકાંથી ભરેલા દાટેલા કુંભ મળી આવ્યા છે.

# એકમ 9 ફેલાવો અને પડતી (Diffusion And Decline)

**રૂપરેખા**

9.0 ઉદ્દેશો
9.1 પ્રસ્તાવના
9.2 હડપ્પાની પડતી : પુરાતત્ત્વીય પુરાવા
9.3 એકાએક પડતીના સિદ્ધાંતો
9.3.1 પૂર અને ભૂકંપો
9.3.2 સિંધુ નદીનું સ્થળાંતર
9.3.3 સૂકા પ્રદેશમાં વધારો અને ઘગ્ગરનું સુકાઈ જવું.
9.3.4 જંગલી પ્રજાનાં આક્રમણો
9.4 પર્યાવરણની અસમતુલા
9.5 પ્રણાલીનું અસ્તિત્વ
9.5.1 સિંધ
9.5.2 ઇન્ડો-ઈરાનીઅન સરહદો
9.5.3 પંજાબ, હરિયાણા અને રાજસ્થાન
9.5.4 કચ્છ અને સૌરાષ્ટ્ર
9.6 હડપ્પન પ્રણાલીનું પ્રસરણ
9.7 હડપ્પામાંથી શું બચ્યું ?
9.8 સારાંશ
9.9 ચાવીરૂપ શબ્દો
9.10 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

## 9.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે જાણશો કે -

- હડપ્પન સભ્યતાના વિનાશને સમજવા માટે વિદ્વાનો સમક્ષ ઉપસ્થિત થતા પ્રશ્નો.
- હડપ્પનની પડતી અંગે રજૂ કરવામાં આવતા સિદ્ધાંતો અનુમાનો.
- હડપ્પાની પડતીનાં કારણો વિશે વિદ્વાનોએ ઘણા વર્ષોથી તે અંગે વિચારવાનું શા માટે બંધ કર્યું અને
- તેને બદલે વિદ્વાનો હડપ્પન સભ્યતાના સાતત્ય અને તેના અસ્તિત્વના પુરાવાઓ તરફ જોવા પ્રયત્ન કરે છે.

## 9.1 પ્રસ્તાવના

આગળનાં એકમોમાં આપણે હડપ્પન સભ્યતાના ઉદ્ભવ અને વિકાસનાં વિવિધ પાસાંની ચર્ચા કરી. તો પણ તેનાં વિવિધ પાસાંઓનો વિકાસ જેવાં કે લિપિ, નગર આયોજન વગેરે પ્રાચીન ભારતના પછીના તબક્કામાંથી અદશ્ય થઈ જવું તે રહસ્ય છે. આ એકમમાં આ રહસ્યોને સમજવા માટે રજૂ કરવામાં આવેલી દલીલો આપણે તપાસીશું.

## 9.2 હડપ્પાની પડતી : પુરાતત્ત્વીય પુરાવા (Decline of Harappa : The Archaeological Evidence)


હડપ્પા, મોહેં-જો-દરો અને કાલિબંગન જેવાં શહેરોએ ધીમે ધીમે તેમનાં શહેરો આયોજન અને બાંધકામમાં પડતીનો અનુભવ કર્યો. મકાનો જૂની ખંડેરની ઇટો અને નિમ્નકક્ષાની બાંધકામવાળાં મકાનો દ્વારા શહેરના રસ્તાઓ અને શેરીઓમાં દબાણ વધવા લાગ્યું. તકલાદી વિભાજનથી ઘરના આંગણાનો વિસ્તાર પેટાવિભાગમાં પલટાતાં શહેરો એકદમ ગંદા વસવાટોમાં પલટાઈ ગયાં. મોહેં-જો-દરોના સ્થાપત્યનો વિગતવાર અભ્યાસ બતાવે છે કે મોટા સ્નાનાગારનાં ઘણા પ્રવેશદ્વારો બંધ થઈ ગયાં હતાં. કેટલાક સમય પછી મોટું સ્નાનાગાર અને કોઠારનો ઉપયોગ થતો બંધ થયો હતો. સાથોસાથ ત્યાર પછીના સ્તરનાં (એટલે કે પછીના મોહેં-જો-દરોનાં રહેઠાણોમાં) શિલ્પો, આકૃતિઓ, મણકા, બંગડીઓ અને જડાવકામની વસ્તુઓની સંખ્યા ઓછી થઈ ગયેલી જણાઈ છે. મોહેં-જો-દરો શહેર તેના નાશ સમયે સંકોચાઈને તદ્દન નાની વસાહત માત્ર ત્રણ હેકટરની થઈ ગઈ હતી.

હડપ્પનો પોતાના વિસ્તાર છોડી દેતાં પહેલાં તેઓ નવા લોકોના સમૂહના આગમનના સાક્ષી હતા. આ નવા

લોકો વિશે તેમની દફનની પદ્ધતિથી આપણે જાણી શકીએ છીએ. હડપ્પન લોકોનાં માટીનાં વાસણો કરતાં આ લોકો ઘણી જુદી જાતનાં માટીનાં વાસણો વાપરતા. તેઓની સંસ્કૃતિ કબ્રસ્તાન સંસ્કૃતિ તરીકે જાણીતી છે. કાલિબંગન અને ચન્હુડરો જેવાં સ્થળોએ પણ અવનતિની પ્રક્રિયા સ્પષ્ટ જણાય છે. આપણે જે મકાનો સત્તા અને આદર્શ સાથે સંકળાયેલાં જોયાં તે પણ નષ્ટ થતાં હતાં અને જે ચીજવસ્તુઓ મોભા અને દબદબા સાથે સંકળાયેલી હતી તે પણ મોટે ભાગે દુર્લભ થતી ગઈ. પાછળથી હડપ્પા અને મોહેં-જો-દરોનાં શહેરો તદ્દન તજી દેવાયાં હતાં.

બહાવલપુર વિસ્તારમાં આવેલી હડપ્પન અને પાછળની હડપ્પનની વસાહતોની રચનાનો અભ્યાસ કરીએ તો તેમાં અવનતિનાં ચિહ્ન દેખાય છે. હકરા નદીના કિનારા પર પૂર્ણ વિકસિત હકરાના કિનારા પરની હડપ્પાના સમયની 174 વસાહતોમાંથી માત્ર 50ની સંખ્યામાં વસાહતો જણાઈ છે. તેથી એમ જણાય છે કે તેમના અસ્તિત્વનાં છેલ્લાં 200-300 વર્ષોના ગાળામાં હડપ્પન સભ્યતા તેના કેન્દ્રીય વિસ્તારમાંથી નાશ પામતી જતી હતી. આ નગરોની વસ્તી કાં તો નાશ પામી અથવા બીજા પ્રદેશોમાં સ્થળાંતર કરી ગઈ. હડપ્પા, બહાવલપુર અને મોહેં-જો-દરોના ત્રિકોણમાંથી ઘણી વસાહતો નાશ પામી, અને ઘણી વસાહતોની સંખ્યામાં બહારના પ્રદેશોમાં, જેવાં કે ગુજરાત, પૂર્વ પંજાબ, હરિયાણા અને દોઆબ 'Doab (બે નદી વચ્ચેની)ના ઉત્તરીય ભાગમાં વધારો થયો. આ બતાવે છે કે આ પ્રદેશોમાં લોકોની વસ્તીમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ. આ એકાએક વસ્તી વધારો હડપ્પાના અંદરના પ્રદેશમાંથી લોકોનું બીજા પ્રદેશોમાંનું સ્થળાંતર સમજાવી શકાય.

હડપ્પા સભ્યતાના બહારના પ્રદેશોમાં, અર્થાત્ ગુજરાત, રાજસ્થાન અને પંજાબના પ્રદેશોમાં લોકો વસવાટ માટે જવા લાગ્યા. પરંતુ તેઓની જીવનશૈલી બદલાઈ ગઈ હતી. કેટલાંક અગત્યના હડપ્પન સભ્યતાનાં લક્ષણો-લખાણ, એકસરખાં વજનિયાં, હડપ્પન માટીનાં વાસણો અને બાંધકામની શૈલી અદૃશ્ય થઈ ગઈ. સિંધુનાં શહેરનો ત્યાગ લગભગ ઈ.સ.પૂ 1800 નો છે. મેસોપોટેમિયાના સાહિત્યમાં પણ મેલુહા (Meluhha) અંગેની નોંધ ઈ.સ. 1900ના અંત ભાગમાંથી અદૃશ્ય થાય છે તે પણ આ તારીખ સમયને ટેકો આપે છે. હજુ પણ હડપ્પન શહેરોના અંત અંગેનો કાલક્રમ કામચલાઉ છે. આપણે હજુ જાણતા નથી કે મોટા ભાગની વસાહતો એક જ સમયે કે જુદા જુદા સમયે છોડી દેવામાં આવી હશે. પરંતુ એટલું ચોક્કસ છે કે મોટાં શહેરોનો ત્યાગ અને બીજી વસાહતો શહેરીકરણથી દૂર ગઈ તે હડપ્પન સભ્યતાની અવનતિ બતાવે છે.




નકશો 3 : પછીના હડપ્પન સમયનાં સ્થળો.

## 9.3 એકાએક પડતીના સિદ્ધાંતો (Theories of Sudden Decline)

વિદ્વાનોએ આ સભ્યતાની એકાએક પડતીના પ્રશ્નોના જુદા જુદા જવાબો આપ્યા છે. કેટલાક વિદ્વાનો માને છે કે આ સભ્યતાની પડતીનું એકાએક નષ્ટ થવામાં કેટલીક આફતોનું સૂચન કરે છે જે આફતે શહેરી સમુદાયોને ભૂંસી નાખ્યા. ઘણી માન્યતામાંની કેટલીક હડપ્પન સભ્યતાની પડતીનાં કારણો છેઃ

(ક) તેનો નાશ ભયંકર પૂરોને કારણે થયો હતો.

(ખ) પડતીનું કારણ કેટલીક નદીઓનો જળમાર્ગ બદલાયો અને ઘગ્ગર અને હકરા (Hakra) નદીઓનું ધીરેધીરે સુકાઈ જવું.

(ગ) જંગલી લોકોની ચઢાઈને કારણે શહેરો નાશ પામ્યાં.

(ઘ) શહેરી કેન્દ્રોની વધતી જતી માંગને કારણે તે પ્રદેશના પર્યાવરણને અસમતુલિત બનાવ્યું અને પરિણામે આજુબાજુનો પ્રદેશ તેમને વધારે ટેકો આપી શક્યો નહીં. હવે આપણે આ ખુલાસાની તેમના ગુણવત્તાને ધોરણે ચર્ચા કરીએ.

### 9.3.1 પૂર અને ધરતીકંપો (Floods and Earthquakes)

હડપ્પન સભ્યતાની પડતીનાં અનેક કારણોમાં વિદ્વાનોએ મોહેં-જો-દરોના પૂરના પુરાવાનો ઉપયોગ કર્યો છે. મુખ્ય ઉત્ખનન કરનારાઓની ખોદકામની નોંધ પ્રમાણે મોહેં-જો-દરોમાં સમયના વિવિધ તબક્કાનાં રહેઠાણો પૂરને કારણે અલગ પડી ગયાં હતાં તેવા પુરાવા પ્રાપ્ત થાય છે. આને માટેનું અનુમાન એ છે કે મોહેં-જો-દરોનાં ઘરો અને રસ્તાઓ કાંપની માટીથી ઢંકાઈ ગયાં છે. અને તેમના લાંબા ગાળાના ઇતિહાસમાં ઘણા પડી ગયેલાં મકાનોની ચીજો પણ આ પ્રકારનું અનુમાન કરવા પ્રેરે છે. પૂરના પાણીના લીધે કાંપની માટી રહી ગયેલી અને પૂરને લીધે રસ્તાઓ અને મકાનો ડૂબી ગયાં. તે ઓસરી ગયા પછી મોહેં-જો-દરોના લોકોએ જૂનાં મકાનોનાં ખંડેરો ઉપર ફરીથી મકાનો અને રસ્તાઓ બાંધ્યાં. આવી પૂરની આફત અને ખંડેર ઉપર ફરી બાંધકામ લગભગ ત્રણેક વખત થયાનું દેખાય છે.

રહેઠાણનાં સ્થળોના થરના ક્રમબદ્ધ સપાટીને ઉપરથી છિદ્રો પાડીને ઊભી સ્થિતિમાં જોઈએ તો તેનું અંતર 70 ફીટ બતાવે છે. તે સાત માળનાં મકાનની ઊંચાઈ બરાબર થાય. રહેઠાણનાં ઘણાં થરો કાંપના થરોથી વિભાજિત થયેલા છે. કાંપના જાડા થર આજની જમીનની સપાટીથી 80 ફીટ જેટલા ઊંચા જણાયા છે. આ પ્રમાણે ઘણા વિદ્વાનો માને છે કે મોહેં-જો-દરોમાં જે સાબિતીઓ છે તે જ અભૂતપૂર્વ પૂર સૂચવે છે. આ વારંવારનાં પૂર, રહેઠાણનું સ્થળ છોડી જવું અને શહેરમાં ફરીથી રહેઠાણ વસાવવું તે તેના ઇતિહાસના તબક્કા દરમ્યાન જણાયું છે.

આ પૂરો મોટી આફત હતી તેમ આજની જમીનની સપાટીથી ઉપર કાંપના 80 ફૂટ કરતાં ઊંચા થર બતાવે છે. તેનો અર્થ એટલો કે પૂરનાં પાણી આ પ્રદેશમાં આટલી ઊંચાઈએ ચઢ્યાં હશે. મોહેં-જો-દરોના હડપ્પનો વારંવારના પૂરથી થાકી જઈને ઉપર બાંધકામ કરતા રહ્યા છેવટે એવી સ્થિતિ આવી કે ગરીબ હડપ્પનો આથી વિશેષ કાંઈ કરી શક્યાં નહીં અને છેવટે વસાહત ત્યજી દીધી.

**રેઈકે માની લીધેલો સિદ્ધાંત : રેઈકનો પૂર્વસિદ્ધાંત (Raikes's Hypothesis)**

પૂરની આફતની માન્યતાને વધારે આગળ પ્રખ્યાત જળવિજ્ઞાન શાસ્ત્રી આર. એલ. રેઈક લઈ જાય છે. તે દલીલ કરે છે કે, પૂરને કારણે મકાનોને 30 ફૂટ એટલે કે ઉપર વસાહતની જમીનની સપાટીથી ઉપર આવ્યાં તે સિંધુ નદીના સામાન્ય પૂરને કારણે ન બની શકે. તે માને છે કે હડપ્પન સભ્યતાની અવનતિ થઈ કારણ કે પૂરની આફત લાંબા સમય સુધી શહેરોનું સિંધુનદીના કિનારાના પાણીની નીચે ડૂબી જવાનું હતું. તેણે જમીનમાં આવેલાં રૂપાન્તરનો અભ્યાસ કરીને જ જણાવ્યું છે કે સિંધુ ક્ષેત્ર ધરતીકંપનો વિસ્તાર છે. ધરતીકંપે નીચાણવાળા પ્રદેશના સિંધુ નદીના પૂરવાળાં મેદાનોની સપાટી ઊંચી લાવી દીધી હશે. આ મેદાનોનું કાટખૂણે ઊંચું આવવાથી સિંધુ નદીએ નદીના પાણીને દરિયામાં જવાના રસ્તાને બંધ કરી દીધો. આથી સિંધુ નદીના પાણી તળાવરૂપે થયાં. જ્યાં એક વખત સિંધુનાં શહેરો સમૃદ્ધ હતાં ત્યાં સરોવર થયું. આ પ્રમાણે ચઢતી પાણીની સપાટીએ મોહેં-જો-દરોના શહેરો પોતામાં સમાવી દીધાં. મકરાનના કિનારા પર આવેલા સુતકાજેન-દોર અને સુતકા-કોહ અને કરાંચી પાસે બાલાકોટ (Balakot) જેવાં સ્થળો દરિયાઈ બંદરો હતાં. આજે આ સ્થળો દરિયા કિનારાથી ઘણાં દૂર છે. ધરતીકંપથી દરિયાકિનારાની જમીનના ઊંચા આવવાને કારણે એ શક્ય બન્યું હોય. કેટલાક વિદ્વાનો માને છે કે ઊંચા આવવાની આ પ્રક્રિયા લગભગ ઈ.સ.પૂ. બે હજાર વર્ષ દરમ્યાન થઈ હોવી જોઈએ. આ જોરદાર ધરતીકંપે નદીના બંધો અને બળતાં નગરોએ હડપ્પન સભ્યતાનો નાશ કર્યો. આને કારણે નદી અને કાંઠાના પ્રદેશ પર આધારિત વ્યાપારી જીવનને છિન્નભિન્ન કરી નાખ્યું.

**વિવેચન**

હડપ્પન સભ્યતાની પડતી અંગે મોટી કુદરતી આફતને લગતા સિદ્ધાંતને ઘણા વિદ્વાનો સ્વીકારતા નથી. H. T. Lambrick ચીંધે છે કે નદીનો પ્રવાહ આ પ્રકારના ધરતીકંપથી એકાએક અટકીને બદલાઈ જાય એ બે કારણોસર કાઢી નાખવા - ખોટું છે.

(1) ધરતીકંપને કારણે કૃત્રિમ રીતે બંધ ઊંચો આવ્યો હોય તોપણ સિંધુના વહેણનો જોરદાર પ્રવાહ મોટા જથ્થામાં તેને સહેલાઈથી તોડી શકે. સિંધમાં 1819ના ધરતીકંપ વખતે જમીન ઊપસી આવી હતી તેને નારા નામે પ્રચલિત સિંધુના નાના પ્રવાહે પહેલા જ પૂરે તેને તોડી નાંખી.

(2) કાંપના જામી જવાની સાથે સમાંતર અનુમાન કરેલા સરોવરની સપાટી પણ ઊંચે આવવી જોઈએ. તે નદીના પહેલાં પ્રવાહને તળિયે તેણે સ્થાન લીધું હોત. આ પ્રમાણે મોહેં-જો-દરોનો કાંપ પૂરને કારણે સર્જાયો ન હોય. આ પૂર્વ સિદ્ધાંતની એ ટીકા કરવામાં આવે છે કે તે સિંધુ પદ્ધતિની બહારના વિસ્તારની વસાહતોની પડતી સમજાવતો નથી.

### 9.3.2 સિંધુના વહેણનું સ્થળાંતર (The Shifting away of the Indus)

લેમ્બ્રિક (Lambrick) આ સભ્યતાના નાશ માટે પોતાની સમજૂતી આપે છે. તે માને છે કે સિંધુ નદીના વહેણમાં થતા ફેરફારો જ મોહેં-જો-દરોના નાશનું કારણ છે. સિંધુ અસ્થિર નદી છે કે જે પોતાનો પટ બદલ્યા કરે છે. સ્પષ્ટ છે કે સિંધુ નદી મોહેં-જો-દરોથી લગભગ 30 માઈલ દૂર ખસી છે. શહેરના લોકો અને ખોરાક ઉત્પન્ન કરનારા આસપાસના ગ્રામ્યવાસીઓ આ સ્થળમાંથી સ્થળાંતર કરી ગયા કારણ કે તેઓને પાણીની મુશ્કેલી પડતી હતી. મોહેં-જો-દરોના ઇતિહાસમાં આવા બનાવો ઘણી વાર બનતા. શહેરના કાંપને તપાસવામાં આવે તો તે પવન ફૂંકાવાના કારણે રેતી અને કાંપનું મિશ્રણ છે. આ કાદવ, કાદવની ઈંટો અને પકવેલી ઈંટો સાથેનાં મકાનોને ભૂલથી પૂરના કાંપની પેદાશ ગણવામાં આવી.

આ સિદ્ધાંત સંપૂર્ણ રીતે હડપ્પન સભ્યતાની પડતી તરીકે સમજાવી ન શકાય. અને જો મોહેં-જો-દરોના લોકો નદીના વહેણના આવા ફેરફારથી જાણીતા હતા તો તેઓ કોઈ નવી વસાહતમાં કેમ ગયા નહીં અને તેઓએ મોહેં-જો-દરો જેવું બીજું શહેર શા માટે ઊભું ન કર્યું ? સ્પષ્ટ છે કે બીજાં કારણો તેને માટે હશે.

### 9.3.3 સૂકા પ્રદેશમાં વધારો અને ઘગ્ગરનું સુકાઈ જવું (Increased Aridity and Drying up of the Ghaggar)

ડી.પી. અગ્રવાલ અને સૂદે હડપ્પન સભ્યતાની પડતી માટે નવો સિદ્ધાંત સમજાવ્યો છે. તેઓ માને છે કે હડપ્પન સભ્યતાનો નાશ આ પ્રદેશમાં સૂકા પ્રદેશનું વધવું અને નદી ઘગ્ગર-હકરાનું સુકાઈ જવાને કારણે થયો. તેઓનો આ નિર્ણય યુ.એસ.એ., ઑસ્ટ્રેલિયા અને રાજસ્થાનમાં થયેલા અભ્યાસને આધારે છે. તે બતાવે છે કે ઈ.સ.પૂ. 2000 ના મધ્ય ભાગમાં સૂકો પ્રદેશ વધતો જતો હતો. અર્ધ સૂકા પ્રદેશ જેવા કે હડપ્પા વગેરેમાં સહેજ પણ ભેજનો ઘટાડો અને પાણીની સુગમતાનો અભાવ આફત ઊભી કરતા. તે ખેતીવાડીની પેદાશ પર અસર કરતા જેને પરિણામે શહેરની આર્થિક સ્થિતિ વણસતી.

તેઓએ પશ્ચિમ રાજસ્થાનમાં નદી પ્રવાહની અસ્થિર પદ્ધતિના પ્રશ્નની ચર્ચા કરી છે. આગળ જણાવ્યા પ્રમાણે ઘગ્ગર-હકરા પ્રદેશ હડપ્પન સભ્યતાના પ્રદેશના હાર્દ તરીકે રજૂ કરેલો છે. ઘગ્ગરનો જોરદાર પ્રવાહ દરિયામાં મળે તે પહેલાં પંજાબ, રાજસ્થાન અને કચ્છના રણમાંથી વહેતો હતો.

સતલજ અને યમુના આ નદીની શાખાઓ હોવી જોઈએ. કારણ કે જમીનના પેટાળમાં પેદા થયેલી અસમતુલાને કારણે સતલજનો પ્રવાહ સિંધુ નદીમાં ભળી ગયો. અને યમુના ગંગાને મળતાં પૂર્વ બાજુએ ખસી ગઈ. આ જાતના નદીઓના પ્રદેશમાં ઘગ્ગર પાણી વગરની થઈ તેથી આ પ્રદેશમાંના નગરો ઉપર મોટી આફત સર્જાઈ. સૂકી ભૂમિના વધવાથી પર્યાવરણ તેમ જ જીવન પદ્ધતિમાં ફેરફારો થયા અને તેથી હડપ્પન સભ્યતાની ગટર યોજના સહિતનું નગર નિયોજન તૂટી પડ્યું.

આ સિદ્ધાંત રસપ્રદ છે પરંતુ તેમાં પણ કેટલાક પ્રશ્નો છે. સૂકા પ્રદેશની સ્થિતિ ઉપરના સિદ્ધાંતનો પૂરેપૂરો અભ્યાસ થયો નથી. તેને માટે વધુ માહિતીની જરૂર છે તે જ પ્રમાણે ઘગ્ગરના સુકાઈ જવાનો સમય પણ બરાબર નિશ્ચિત નથી.

### 9.3.4 જંગલી પ્રજાનાં આક્રમણો (Barbarian Invasions)

વ્હીલર માને છે કે હડપ્પન સભ્યતાનો નાશ આર્યોનાં આક્રમણોથી થયો. તેણે બતાવ્યું છે કે મોહેં-જો-દરોના છેવટના તબક્કામાં કતલના પુરાવાઓ પ્રાપ્ત થાય છે. શેરીની વચમાં માનવ હાડપિંજરો પડેલાં મળી આવ્યાં છે. ઋગ્વેદના દાસ અને દસ્યુઓના કિલ્લાઓની નોંધ લેવી. વેદના દેવ ઇંદ્રને 'પુરંદર' એટલે 'કિલ્લાનો ભંજક' કહેવાય છે. ઋગ્વેદના રહેણાંકના ભૌગોલિક પ્રદેશમાં પંજાબ અને ઘગ્ગર-હકરાનો મુલક સમાવવામાં આવ્યો છે. ત્યાર બાદ કોઈ પણ બીજા સાંસ્કૃતિક જૂથના આ પ્રદેશના ઐતિહાસિક તબક્કામાં કિલ્લાઓના અવશેષો નથી. વ્હીલર માને છે કે ઋગ્વેદમાં હરિયુપીયા પ્રદેશની નોંધ છે. આ સ્થળ તે રાવી નદીના કિનારે ઓળખી શકાયું છે. આર્યો આ જગાએ યુદ્ધ લડ્યા. આ નામનો રણકો હડપ્પા જેવો લાગે છે. આ પુરાવાઓથી વ્હીલર એવા નિર્ણય ઉપર આવે છે કે હુમલાખોર આર્યોએ હડપ્પાનાં નગરોનો નાશ કર્યો.

આ માન્યતા આકર્ષક છે છતાં પણ મોટા ભાગના વિદ્વાનો તે સ્વીકારતા નથી.

સભ્યતાના નાશનો કામચલાઉ સમય લગભગ ઈ.સ.પૂ. 1800 છે. ત્યારે આર્યો ઈ.સ. 1500 ના ગાળામાં આવ્યા હોય એમ મનાય છે. હાલના આપણા જ્ઞાન પ્રમાણે આ સમયના ગાળાને બદલાવવાનું મુશ્કેલ છે. અને તેથી હડપ્પનો અને આર્યો એકબીજાના સંપર્કમાં આવ્યા હોય તે અસંભવિત છે. મોહેં-જો-દરો કે હડપ્પામાંથી લશ્કરી હુમલાના બીજા કોઈ પુરાવા પ્રાપ્ત થયા નથી. શેરીમાં મળેલા માનવ હાડપિંજરો એ પુરાવો અગત્યનો કહેવાય. પરંતુ તેનું કારણ પર્વતાળ પ્રદેશના લૂંટારાના હુમલાનું પણ હોઈ શકે. ગમે તે કારણે આ મોટાં શહેરો નાશની સ્થિતિમાં હતાં. તેને આ આક્રમણના પૂર્વ સિદ્ધાંત દ્વારા સમજાવી શકાય એમ નથી.

**પડતીના સિદ્ધાંત 1**

**એકાએક આફતોના સિદ્ધાંતો**

| પૂર અને ધરતીકંપ | મોહેં-જો-દરો સિંધુ નદીનું વહેણ બદલાવાથી નાશ પામ્યું. | મરુભૂમિના વધવાથી પડતી થઈ | જંગલી કે આર્યોના હુમલાઓથી હડપ્પા નાશ પામ્યું. |
|---|---|---|---|
| **પૂર : પુરાવો**<br>(ક) રહેણાંકની સપાટી કાંપના જથ્થાથી વહેંચાઈ ગઈ.<br>(ખ) જમીનની સપાટીથી 30 ફૂટ ઉપર કાંપના થર ને લીધે ઘરો અને શેરીઓમાં ઢંકાઈ ગઈ.<br>(ગ) કાંપના થરથી ઢંકાયેલા ખંડેરો ઉપર મકાનો બંધાયાં.<br>**ધરતીકંપ : પૂરાવા**<br>(ક) સિંધુ ક્ષેત્ર ધરતીકંપનો પટો છે.<br>(ખ) ધરતીકંપે પૂરથી મેદાનોની સપાટી ઊંચી લાવી દીધી જેથી નદીના પાણીનો માર્ગ દરિયામાં જવાનો રૂંધાઈ ગયો. પરિણામે શહેરોમાં પાણી ફરી વળ્યાં.<br>(ગ) ધરતીકંપે જમીનને દરિયા કિનારેથી દૂર કરી નાંખી. જેથી ધંધાકીય શહેરોને અસર થઈ.<br>**વિવેચન**<br>(ક) સિંધુ ખીણની બહારની વસાહતોનો નાશ આ સિદ્ધાંતથી સમજાવી નહીં શકાય.<br>(ખ) પેટાળમાં થતા ફેરફારથી નદીનો પ્રવાહ બંધાઈ ન જાય. | **પુરાવો**<br>હડપ્પામાં કાંપ છે તે પવનોને કારણે રેત અને કાંપ બન્ને ભેગા થયા. રેતી અને કાંપ પૂરને કારણે ભેગા થયાં નથી.<br>**વિવેચન**<br>મોહેં-જો-દરોનું સ્થળાંતર માત્ર તેનાથી સમજાવી શકાય, પણ પડતીનું નહીં. | **પુરાવો**<br>(ક) ઈ.સ.પૂ. 2000ના મધ્યમાં મરુભૂમિ વધી.<br>(ખ) આવા સંજોગમાં અર્ધસૂકા પ્રદેશને (જેમકે હડપ્પા) સૌથી વધુ અસર થઈ. તેના પરિણામે ખેતીનો નાશ થયો.<br>(ગ) જમીનના પેટાળમાં થયેલા ફેરફારને લીધે નદી, જેવી કે ઘગ્ગરને અસર થઈ અને તે સુકાઈ ગઈ.<br>**વિવેચન**<br>(ક) આ પૂરેપૂરી શક્ય નથી<br>(ખ) ઘગ્ગર નદીના સુકાવાનો સમય હજુ નક્કી નથી. | **પુરાવો**<br>(ક) માણસોના હાડપિંજર રસ્તામાં રઝળતાં મળ્યાં.<br>(ખ) ૠગ્વેદ દાસોના કિલ્લાઓની નોંધ કરે છે જે પુરંદર દેવે નાશ કર્યો છે.<br>(ગ) ૠગ્વેદના આર્યોના ભૌગોલિક પ્રદેશમાં પંજાબ ઘગ્ગર પ્રદેશનો સમાવેશ થાય છે.<br>(ઘ) વેદો રાવી નદીને કિનારે હરિયુપીયા પ્રદેશ વર્ણવે છે કે જ્યાં આર્યો યુદ્ધ લડ્યા. આ નામ હડપ્પા જેવું લાગે છે.<br>**વિવેચન**<br>હડપ્પાની પડતી ઈ.સ.પૂ. 1800ની આસપાસ થઈ જ્યારે આર્યો ઈ.સ.પૂ. 1500 પહેલાં આવ્યા ન હતા. આથી હડપ્પનો અને આર્યોની અથડામણ માનવાનું મુશ્કેલ છે. |

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) હડપ્પન સભ્યતાનો નાશ પૂર અને ધરતીકંપના સિદ્ધાંતોથી સમજાવી ન શકાય કારણ કે

(1) તે સિંધુ ખીણની બહારની વસાહતોની પડતી સમજાવે છે.

(2) સિંધુ ખીણની બહારની વસાહતોની પડતી સમજાવતા નથી.

(3) હડપ્પનો પૂર અને ધરતીકંપનો સામનો કેમ કરવો તે જાણતા.

(4) આમાંનું કાંઈ પણ નથી.

(2) હડપ્પન પ્રદેશમાં વધતી જતી સૂકી ભૂમિથી હડપ્પાની પડતી સમજાવી ન શકાય કારણ કે

(1) આ સંપૂર્ણપણે સિદ્ધ થયેલો સિદ્ધાંત છે.

(2) સંપૂર્ણપણે સિદ્ધ થયેલો સિદ્ધાંત નથી.

(3) નદી ઘગ્ગરના સુકાવાનો સમય નક્કી નથી.

(4) બંને (બીજું અને ત્રીજું)

(3) 50 શબ્દોમાં જંગલીઓના હુમલાએ હડપ્પાનો નાશ કર્યો તેના તરફેણના અને વિરુદ્ધ સિદ્ધાંતના પુરાવા આપો.

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

## 9.4 પર્યાવરણની અસમતુલા (Ecological Imbalance)

ફેરસરવિસ (Fairservis) જેવા વિદ્વાનો હડપ્પન સભ્યાતની પડતીને જીવસૃષ્ટિના સંદર્ભમાં સમજાવે છે. તેણે હડપ્પન શહેરોની વસ્તીને આધારે નગરજનોના ખોરાકની જરૂરિયાતની ગણતરી મૂકેલી છે. તેણે ગણતરી કરી છે કે આ વિસ્તારના ગ્રામ્યજનો તેમની પેદાશના 80ટ વાપરતા અને બજાર માટે માત્ર 20ટ રાખતા. જો આવી જ પદ્ધતિ ખેતી માટે ભૂતકાળમાં હોય તો મોહેં-જો-દરો જેવું શહેર કે જેની વસ્તી 35 હજારની આસપાસ હોય તો તેને મોટા પ્રમાણમાં ખોરાક ઉત્પન્ન કરનાર ગામડાંઓ જોઈએ. ફેરસરવીસની ગણતરી પ્રમાણે જીવસૃષ્ટિની નાજુક સમતુલાને લીધે આ પ્રદેશનો લગભગ અર્ધો સૂકો પ્રદેશ ખલાસ થઈ ગયો કારણ કે આ વિસ્તારની માણસ અને ઢોરની વસ્તીએ આ પ્રદેશમાંથી આછાં જંગલો ખોરાક અને બળતણને માટે ઓછાં કરી નાંખ્યા. હડપ્પન નગરજનો, ખેડૂતો અને પશુપાલકોની સંયુક્ત જરૂરિયાતો આ પ્રદેશની મર્યાદિત ઉત્પાદન શક્તિથી વધી ગઈ. આ પ્રમાણે વધતી માણસો અને પશુઓની વસ્તી અને તેના ઓછા પુરવઠાને કારણે આ પ્રદેશ વેરાન બની ગયો વગેરે.

જંગલોની સાથોસાથ ધીરેધીરે ઘાસ પણ અદશ્ય થવા લાગ્યું. સભ્યતાના સમગ્ર અર્થતંત્ર ઉપર આજીવિકાને માટે આ ધક્કો કારણરૂપ બન્યો. એમ લાગે છે કે ધીરે ધીરે આ પ્રદેશની વસ્તીનું સ્થળાંતર જ્યાં વધારે ગુજરાનની શક્યતા હતી ત્યાં થયું. આને કારણે હડપ્પન લોકો સિંધુથી દૂર ગુજરાત અને પૂર્વના પ્રદેશમાં ચાલ્યા ગયા.

ઘણા સિદ્ધાંતોની ચર્ચા થઈ તેમાં ફેરસરવિસનો સિદ્ધાંત વધારે ખરો જણાય છે. કદાચ ધીરે ધીરે નગર આયોજન અને જીવનધોરણની અવનતિ હડપ્પનોના ગુજરાન માટે જરૂરી આવશ્યકતા પાયાના અભાવનું કારણ હોય તેમ જણાય છે. આ પડતીની પ્રક્રિયા હુમલા અને આજુબાજુની જાતિઓ ના ઓચિંતા હુમલાને કારણે પૂર્ણ થઈ. તેમ છતાં પર્યાવરણીય અસમતુલાના સિદ્ધાન્તની પણ કેટલીક મર્યાદાઓ છે.

ભારતીય ઉપખંડમાં ત્યાર પછીના સમય દરમ્યાન પણ જમીનની ફળદ્રુપતા તો ચાલુ જ રહી તેથી આ પ્રદેશની જમીનની ફળદ્રુપતા નષ્ટ થઈ ગઈ તે વાત અર્થ વગરની છે.

હડપ્પન વસ્તીની જરૂરિયાતની ગણતરી પણ બહુ જ ઓછી માહિતી ઉપર આધારિત છે. હડપ્પનોના ગુજરાન માટેની જરૂરિયાતની ગણતરી માટે ઘણી વધારે માહિતીની જરૂર છે.

આ પ્રમાણે આછી માહિતીને આધારે રચાયેલો સિદ્ધાન્ત માત્ર અનુમાન જ બને છે. સિવાય કે તેની તરફેણમાં ઘણા પુરાવા પ્રાપ્ત થાય.

હડપ્પન સભ્યતાના ઉદ્‌ભવે શહેરો, નગરો, ગામડાંઓ, રાજકર્તાઓ, ખેડૂતો અને ભટકતી ટોળીઓ વચ્ચે સંબંધોની એક નાજુક સમતુલા સર્જી. અર્થાત્ નાજુક છતાં પણ પડોશી સમુદાયો વચ્ચે મહત્ત્વનો સંબંધ રચાયો. આ પડોશી સમુદાયો વ્યાપાર માટે જુદી એવી ખનીજ સંપત્તિ ધરાવતા હતા. તે જ પ્રમાણે તેમની સમકાલીન સભ્યતા અને સંસ્કૃતિ વચ્ચેના સંપર્કો ચાલુ રાખવા જરૂરી હતું. આ ઉપરાંત પ્રકૃતિ સાથેના સંબંધોને જાળવવા

પર્યાવરણીય પ્રશ્નોને પણ ધ્યાનમાં લેવા જોઈએ. આ સબંધોની હારમાળામાં જો ક્યાંક તૂટ આવે તો તે શહેરોની પડતી તરફ દોરી જાય.

## 9.5 પ્રણાલીનું અસ્તિત્વ (The Tradition Survives)

જે વિદ્વાનો સિંધુ સભ્યતા ઉપર સંશોધન કરે છે તેઓ તેના નાશનાં કારણો તરફ લક્ષ આપતા નથી. આનું કારણ એ છે કે વિદ્વાનો હડપ્પન સભ્યતાનો છેક 1960 સુધીનો અભ્યાસ કરીને માને છે કે આ સભ્યતાનો અંત એકદમ આવ્યો. આ વિદ્વાનોએ તેમના સંશોધન કાર્યને શહેરોનો અભ્યાસ નગર આયોજન, મોટી ઇમારતો વગેરે ઉપર વિશેષ કેન્દ્રિત કર્યુ. હડપ્પન શહેરોના તેનાં સમકાલીન ગામો અને હડપ્પન સભ્યતાના વિવિધ તત્ત્વોનું સાતત્ય અને તેના સંબંધોના પ્રશ્નો વગેરે તરફ તેમણે ધ્યાન આપ્યું નથી. આથી હડપ્પન સભ્યતાના નાશ અંગેનાં કારણોની ચર્ચા વધુને વધુ અમૂર્ત રહે છે. 60 ના અંતભાગમાં વિદ્વાનો જેવા કે મલિક અને પોસેલએ (Possehl) તેમનું ધ્યાન હડપ્પન પ્રણાલીના સાતત્યના જુદા જુદા મુદ્દાઓ ઉપર કેન્દ્રિત કર્યુ. આ અભ્યાસે હડપ્પન સભ્યતાના અંતનાં કારણોની ચર્ચા કરતાં વધારે ઉત્તેજક પરિણામો આપ્યાં, એટલું સત્ય છે કે હડપ્પા અને મોહેં-જો-દરોને ત્યજી દેવામાં આવ્યા હતા. તેથી શહેરી તબક્કાનો અંત આવ્યો. આપણે જો સમગ્ર હડપ્પા સભ્યતાના ભૌગોલિક પ્રસારનું અવલોકન કરીએ તો જૂની શૈલીની કેટલીક ચીજોનું સાતત્ય રહેલું જણાય છે. પુરાતત્ત્વીય રીતે બોલીએ તો કેટલાક ફેરફારો જોઈ શકાય છે. કેટલીક વસાહતો ત્યજી દેવામાં આવી હતી, પણ ઘણી બીજી વસાહતો ચાલુ રહી. લખવાની એકસરખી પદ્ધતિ, મુદ્રાઓ, વજનિયાં અને માટીકામ વગેરેનો અંત આવ્યો હતો. દૂર દૂરના પ્રદેશો સાથે ઘનિષ્ટ સંબંધો દર્શાવતી વસ્તુઓ પણ નષ્ટ થઈ ગઈ હતી. બીજા શબ્દોમાં કહીએ તો શહેરની કેન્દ્રીય અર્થવ્યવસ્થાને સાંકળતી પ્રવૃત્તિઓને ત્યજી દેવાઈ હતી. આ ફેરફારો શહેરી તબક્કા માત્રનો અંત બતાવે છે. કેટલાંક ગામો અને નગરોનું અસ્તિત્વ ચાલુ રહ્યું. તેમ જ આ પ્રદેશના પુરાતત્ત્વીય અવશેષો હડપ્પાની પ્રણાલીનાં ઘણાં તત્ત્વો બતાવે છે.

સિંધનાં મોટા ભાગનાં સ્થળોમાં માટીકામની પ્રણાલીમાં કોઈ પણ જાતનો ફરક જોવો મુશ્કેલ છે. વાસ્તવમાં ગુજરાત, રાજસ્થાન અને હરિયાણાના પ્રદેશોમાં ત્યાર પછીના સમયમાં મહેનતશ ખેડૂત પ્રજા મોટી સંખ્યામાં ઉદ્ભવી. આ પ્રમાણે પ્રાદેશિક દૃષ્ટિકા ણથી જોઈએ તો ત્યાર પછીનો તબક્કો શહેરી તબક્કા કરતાં વધારે વ્યાપક બન્યો. આવાં ખેતી વિષયક ગામડાંઓની સંખ્યામાં ખૂબ વધારો થયો. આથી હવે વિદ્વાનો સાંસ્કૃતિક પરિવર્તન, પ્રાદેશિક સ્થળાંતર અને વસાહતોને અને નિર્વાહની પદ્ધતિઓમાં આવતા ફેરફાર અંગેની ચર્ચા કરે છે. જેમ પ્રાચીન ભારતીય સભ્યતાનો અંત મધ્યકાલીન ભારતની શરૂઆતમાં ગંગા ખીણ પ્રદેશના મોટા ભાગના શહેરોની પડતી સાથે આવ્યો તે વિશે કોઈ વાતો કરતું નથી. આપણે જોઈએ કે શહેરી તબક્કાના અંત પછી ક્યા પ્રકારના પુરાતત્ત્વીય અવશેષો રહ્યા છે.

### 9.5.1 સિંધ (Sind)

સિંધમાં એટલે કે હડપ્પન નગરો અમરી અને ચન્હુદેરો ઝુકર વગેરેમાં લોકો જૂનાની જેમ રહેવા લાગ્યા. તેઓ હજુ પણ ઈંટોના ઘરમાં રહેતા પણ તેઓએ વ્યવસ્થિત આયોજનને છોડી દીધું. તેઓ સહેજ જુદા માટીકામનાં વાસણો વાપરતા કે જે ઝુકરના માટીનાં વાસણો તરીકે ઓળખાતાં. આ વાસણો બદ (બદામી) રંગના તેના ઉપર લાલરંગનો ઢોળ અને કાળારંગના ચિત્રકામવાળાં હતાં. તાજેતરના અભ્યાસે બતાવ્યું છે માટીકામનાં આ વાસણો "પરિપક્વ હડપ્પન" માટીનાં વાસણોની પરંપરા બતાવે છે. તેથી તેને કાંઈક નવીન છે તેમ ગણવું જોઈએ નહીં. ઝુકરમાંથી અમુક ખાસ પ્રકારની ધાતુની ચીજો મળી છે તે ઈરાન સાથેના વેપારનું સૂચન કરે છે. એ પણ વધુ શક્ય છે કે સ્થળાંતર કરેલા લોકો પર ઈરાન કે મધ્ય એશિયાની અસરો બતાવે છે. થાંભલાની કાણાયુક્ત કુંભી, કુહાડીઓ અને ત્રાંબાના ખીલા જેનાં માથાં વળેલાં કે સુશોભિત છે, એવી વસ્તુઓનું ઈરાનીઅન વસાહતો સાથે સામ્ય જોવા મળે છે. વર્તુળાકાર પથ્થરની કે સેલખડીની છાપની મુદ્રાઓ અને કાંસાની પ્રસાધનની બરણી વગેરે સિંધુના પશ્ચિમ સાથેના સાંસ્કૃતિક સબંધો બતાવે છે.


### 9.5.2 ઇન્ડો-ઈરાનીઅન સરહદો (The Indo Iranian Borderlands)

સિંધુના પશ્ચિમના પ્રદેશો -બલુચિસ્તાન અને ઇન્ડો-ઈરાનીઅન સરહદની જમીનો સ્પષ્ટ કરે છે કે ત્રાંબાની છાપની મુદ્રાઓ અને ત્રાંબાના કુહાડીના પાનાનો ઉપયોગ કરતા લોકો અહીં રહેતા હશે. શાહીતુંપ, મુંડીગક, નૌશેહરો અને પીરકનાં સ્થળો લોકોની અવરજવર અને ઈરાન સાથેના સબંધો બતાવે છે. કમનસીબે આ વસાહતોની તારીખ હજુ સ્પષ્ટ રીતે નક્કી નથી થઈ.

### 9.5.3 પંજાબ, હરિયાણા અને રાજસ્થાન (Punjab, Hariyana and Rajasthan)

પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના પ્રદેશોની કેટલીક વસાહતો કે જ્યાં શહેરોના નાશ પછી પણ જૂની પદ્ધતિથી લોકોએ રહેવાનું ચાલું રાખેલું એવી નોંધ છે. માટીના વાસણની પદ્ધતિમાં ધીરેધીરે હડપ્પાની અસર નાશ પામી. અને સ્થાનિક માટીકામની પદ્ધતિ હડપ્પન પદ્ધતિની સાથોસાથ ચાલુ રહી અને છેવટે તેણે હડપ્પન માટીનાં વાસણોનું સ્થાન લીધું. આ રીતે શહેરીકરણની પડતીનું પ્રતિબિંબ આ પ્રદેશોમાં પ્રાદેશિક પ્રણાલીઓ ફરી પ્રચલિત થઈ તેમાં જોવા મળે છે. મીતાથલ, બારા, રોપર અને સીસવાલનાં સ્થળો જાણીતાં છે. ઇટોનાં

મકાનો બારા અને સીસવાલમાં જણાયાં છે. આમાંના ઘણાં સ્થળોએથી ગેરુઆ રંગનાં માટીનાં વાસણો મળી આવ્યાં છે. આ માટીનાં વાસણો પ્રાચીન ભારતના ઘણાં ઐતિહાસિક સ્થળોની નીચેનાં મળી આવ્યાં છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનની સંસ્કૃતિવાળાં આ ગામો ભૂતકાળની હડપ્પન પ્રણાલી અને પ્રાચીન ભારતીય પદ્ધતિના અગાઉની પ્રણાલીને જોડે છે. બધાં થઈને 139 ઉત્તરકાલીન ઉપરવાસના ગંગાની ખીણમાં ખેતીવિષયક વસાહતો સ્થપાઈ હતી. તેમાં પછીની હડપ્પન અસરો જણાય છે. આ પ્રદેશ ભારતીય સભ્યતાના પછીના તબક્કાનું મુખ્ય હાર્દ જણાય છે.




આકૃતિ 19. હરિયાણામાંથી પ્રાપ્ત ઉત્તરીય હડપ્પન માટીનાં વાસણો.

### 9.5.4 કચ્છ અને સૌરાષ્ટ્ર (Kutch and Saurashtra)

કચ્છ અને સૌરાષ્ટ્રમાં શહેરી તબક્કાના અંત અંગે રંગપુર અને સોમનાથમાં લેખિત પુરાવા છે. શહેરી તબક્કામાં હડપ્પન માટીનાં વાસણો સાથે તેઓ પાસે સ્થાનિક ચળકતાં (કુંભારકામનાં) વાસણોની પદ્ધતિ પણ સાથોસાથ અસ્તિત્વમાં હતી. પછીના તબક્કામાં પણ આ પદ્ધતિ ચાલુ રહી. કેટલાંક સ્થળો જેવાં કે રંગપુર પછીના સમયમાં ઘણું સમૃદ્ધ બનેલું જણાય છે. તેઓ જે વાસણો વાપરતા તેને ''ચળકતાં લાલા વાસણ'' કહેવામાં આવે છે. જોકે દૂર દૂરનાં પ્રદેશોમાંથી આયાત કરેલા સિંધુના વજનિયાં, લિપિ અને ઓજારો ને લોકો વાપરતા બંધ થયા. હવે તેઓ સ્થાનિક મળતા પથ્થરોનાં બનાવેલાં પાષાણના ઓજારો વાપરતા હતા.

''પરિપક્વ હડપ્પન '' ના સમય દરમ્યાન ગુજરાતમાં 13 વસાહતો હતી. ''પછીના હડપ્પન કાળમાં'' ધીરેધીરે ઈ.સ.પૂ. 2100 ની આસપાસના સમયમાં આ વસાહતોની સંખ્યા 200 કે તેથી વધુ થઈ. વસાહતોની સંખ્યા વધી તે બતાવે છે કે વસતીનો પણ વધારો થયો. આ વધારાનું કારણ જીવશાસ્ત્રી પરિબળોથી સંભવી શકાય એમ નથી. પ્રાક્-અર્વાચીન કાળના સમાજમાં વસતી પેઢી- દરપેઢીના ગાળામાં આટલી બધી વધી ન હતી. 13 વસાહતોમાંથી 200 કે તેથી વધુ વસાહતો થઈ. તેથી સ્પષ્ટ થાય છે કે નવી વસાહતોમાં લોકો બીજા પ્રદેશમાંથી આવ્યા હોય. ઉત્તરકાલીન હડપ્પાની વસાહતો મહારાષ્ટ્રમાંથી મળી આવી છે. તેમની સંસ્કૃતિ ખેડૂત પ્રજામાં ભળી ગઈ.



આકૃતિ 20. રંગપુરમાંથી મળેલાં ઉત્તરકાલીન હડપ્પાનાં માટીનાં વાસણો.

## 9.6 હડપ્પન પ્રણાલીનું પ્રસરણ (Transmission of the Harappan Tradition)

શહેરોનો અંત એટલે હડપ્પન પ્રણાલીનો અંત એમ નથી. આપણી ચર્ચાથી સ્પષ્ટ થાય છે કે પુરાતત્ત્વની દૃષ્ટિએ હડપ્પન પ્રજા તેની આસપાસની કૃષિપ્રજામાં ભળી ગઈ. જેથી રાજ્ય કારભાર ને અર્થવ્યવસ્થાનો નિર્ણય કરનાર કેન્દ્રીય પ્રથાનો અંત આવ્યો. હડપ્પન પ્રજા જે શહેરી તબક્કા પછી ચાલુ રહી તેમણે પોતાની જૂની પરંપરા ચાલુ રાખી. તે પ્રમાણે હડપ્પન કૃષિકારોએ પોતાની પૂજાનાં સ્વરૂપો ચાલુ રાખ્યાં હોય. હડપ્પાના શહેરી તબક્કાના ધર્માચાર્યો પણ કેળવણી પામેલ ઉચ્ચ કક્ષાની વ્યવસ્થિત પરંપરાના અંગરૂપે હતા. જો લેખન અટક્યું તોપણ તેઓ તેમની ધાર્મિક પ્રથાને જાળવી રાખે તેમ હતા. પછીના પ્રાચીન ઐતિહાસિક સમયની વર્ચસ્વ ધરાવતી પ્રજા પોતાને ''આર્યો'' કહેવડાવતી. આ લોકોમાં સાહિત્યિક પ્રથા જણાતી નથી. શક્ય છે કે હડપ્પાના ધર્માચાર્યોનો સમૂહ આર્યોના રાજ્યકર્તા સમૂહમાં ભળી ગયો હોય. આ રીતે હડપ્પાની ધાર્મિક પ્રથાઓ ઐતહાસિક ભારતમાં ઊતરી આવી. બહુજન સમાજના કારીગર વર્ગોએ પોતાની કારીગરોની પ્રથા ચાલુ રાખી તેના સ્પષ્ટ પુરાવા માટીકામ અને ઓજાર બનાવવાની પદ્ધતિમાં જોઈ શકાય છે. ફરીથી જ્યારે ભણેલી શહેરી સંસ્કૃતિ પ્રાચીન ભારતમાં ઉદ્ભવી ત્યારે તેણે સામાન્ય સમુદાયની સંસ્કૃતિનાં મૂળતત્ત્વોને સમાવી દીધાં. જે દ્વારા હડપ્પન પ્રથાના વધારે અસરકારક પ્રવાહનો સંચાર ભારતમાં થયો.

**પડતીના સિદ્ધાન્તો-II**
**ધીમે ધીમે પડતીના સિદ્ધાંતો**

**જીવસૃષ્ટિની અસમતુલાને કારણે પડતી**

**પુરાવા**

1. એવી ગણતરી કે જીવસૃષ્ટિની સમતુલા આ અર્ધસૂકા પ્રદેશોમાં છિન્નભિન્ન થઈ ગઈ, કારણકે માનવ અને પશુઓની વસ્તીએ મર્યાદિત જંગલો ખોરાક અને બળતણ વગેરે નો પુરવઠો ખલાસ કરી દીધો.
2. જંગલોના અદૃશ્ય થવાથી વધારે પૂર અને સૂકી આબોહવા.
3. નગરજનો ગુજરાત અને પૂર્વના પ્રદેશોમાં ચાલ્યા ગયા.
4. પડતીની આ પ્રક્રિયા નજીકની વસાહતોના હુમલા અને આક્રમણથી પૂર્ણ થઈ.

**વિવેચન**

1. આ પ્રદેશોમાં આજ સુધી જમીન ફળદ્રુપ રહી છે. એ હકીકત આ (સિદ્ધાન્ત) જમીન ની ફળદ્રુપતા નષ્ટ થવાને લગતી માન્યતાને અનુમોદન નથી કરતી.
2. આ પૂર્વ સિદ્ધાંતને ટેકો આપવા માટે હડપ્પન નગરોની જરૂરિયાતને લગતી ગણતરી માટે વધુ માહિતીની જરૂર પડે છે.

**પડતીને બદલે સાતત્યનો પૂર્વસિદ્ધાંત**

સિંધુ ખીણમાં માણસ અને પ્રકૃતિ વચ્ચેના સંબંધો પર જીવસૃષ્ટિની સમતુલાને લગતી દલીલોએ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

**પડતીનાં કારણોની સમસ્યાને બદલે વિદ્વાનો હવે એ નિર્ણય પર આવ્યા છે કે**

(ક) પડતીનાં કારણોને શોધવાં છોડી દેવું

(ખ) ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં હડપ્પા સભ્યતાના સાતત્યને જોવાનો પ્રયાસ કરવો.


(ગ) સ્વીકાર કે શહેરો નાશ પામ્યાં અને કેટલીક પ્રથાઓ જેવી કે મુદ્રા, લખાણ, માટીનાં વાસણો ખતમ થઈ ગયાં.

## 9.7 હડપ્પામાંથી શું બચ્યું ? (What survives from Harappa?)

પશુપતિ (શિવ) અને માતૃકા દેવીના સંપ્રદાય અને લિંગની પૂજા હડપ્પાની પ્રણાલીમાંથી આપણી પાસે આવ્યા હોય તેમ જણાય છે. તેવી જ રીતે ત્યાર પછીની ભારતની ઐતહાસિક સભ્યતામાં પવિત્ર સ્થળો, નદીઓ અથવા વૃક્ષો અને પવિત્ર પશુઓની પૂજાના સંપ્રદાયમાં તેનું સ્પષ્ટ સાતત્ય જણાય છે. અગ્નિપૂજા તથા યજ્ઞના કાલિબંગન અને લોથલના પુરાવા મહત્ત્વના છે. આ અર્થવાહી તત્ત્વો વેદધર્મના મહત્ત્વના ભાગરૂપ છે. શું આર્યો હડપ્પન ધર્માચાર્યો પાસેથી આ કર્મકાંડો શીખ્યા હશે ? આ વિધાન માટે ઘણી સાબિતીઓ જરૂરી છે. પણ તે અશક્ય નથી.

ગૃહજીવનનાં ઘણાં પાસાં જેવાં કે મકાન યોજના, પાણીના પુરવઠાની યોજના અને સ્નાન માટેનો ખ્યાલ વગેરે ત્યાર પછીના સમયની વસાહતોમાં ચાલુ રહી. ભારતની પ્રણાલીગત વજન અને ચલણની પદ્ધતિ, એકમના

16ના ગુણોત્તર ઉપર આધારિત, હડપ્પન સભ્યતામાં ચાલુ હતી. આ પદ્ધતિ હડપ્પન સભ્યતામાંથી મેળવેલી જણાય છે. અર્વાચીન ભારતમાં કુંભારકામના ચાકની ટેકનિક કે જે આજે વપરાય છે તે હડપ્પનો પણ વાપરતા. બળદગાડાં અને હોડકાં જે આજે અર્વાચીન ભારતમાં વપરાય છે તે પણ હડપ્પન શહેરોમાં હતાં. ટૂંકમાં, આપણે એમ કહી શકીએ કે હડપ્પન સભ્યતાનાં ઘણાં તત્ત્વો તે પછીના ઐતિહાસિક કાળના સમયમાં ચાલુ રહ્યાં.



આકૃતિ 21. છીદ્રયુક્ત બરણી.

## તમારી પ્રગતિ ચકાસો (ક)

1. જીવસૃષ્ટિની અસમતુલાનો સિદ્ધાન્ત સ્વીકારવાનો મુશ્કેલ છે. સાચા ( ✓ ) વિધાનનું ચિહ્ન મૂકો.
   (1) સિંધુ ખીણના સ્થળની જમીન શા માટે ફળદ્રુપ રહેલી છે તે સમજાવતો નથી. ( )
   (2) હડપ્પન નગરોની જરૂરિયાત માટેની ચોક્કસ વિગતો આપણી પાસે નથી. ( )
   (3) હડપ્પામાં નગરજનોએ રહેવાનું ચાલુ રાખ્યું. ( )
   (4) બંને 1 અને 2 ( )
2. સાચા વિધાનનું ( ✓ ) ચિહ્ન મૂકો.
   વિદ્વાનો આજે....
   (1) હડપ્પન સભ્યતાની પડતીનાં નવાં કારણો માટે તપાસ કરે છે. ( )
   (2) હડપ્પાની પડતીનાં નવાં કારણોની તપાસ પડતી મૂકી છે. ( )
   (3) હડપ્પા પછીની વસાહતોમાં શું બચ્યું છે તેને માટે તપાસ કરે છે. ( )
   (4) બન્ને (2) અને (3) ( )
3. હડપ્પામાંથી જે બચ્યું હોય તેની અગત્ય વિશે 50 શબ્દોમાં લખો.

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

## 9.8 સારાંશ

આપણે જોઈ ગયા કે વિદ્વાનોએ હડપ્પાના એકાએક વિનાશ અંગે જુદા જુદા પૂર્વસિદ્ધાંતો રજૂ કર્યા છે પણ આ બધા સિદ્ધાંતો ત્યજી દેવા જેવા છે કારણ કે તે માટે ચોક્કસ પુરાવાઓ ઉપલબ્ધ નથી. ધીરેધીરે વિદ્વાનોએ હડપ્પાના નાશનાં કારણો શોધવાનું મૂકી દીધું છે. હવે કેન્દ્રબિંદુ હડપ્પાના પછીના તબક્કાને સમજવા માટેનું છે. હડપ્પાનું સાતત્ય રજૂ કરવાનું છે. જે તે સમયની સમૃદ્ધ કૃષિ પ્રજામાં અસ્તિત્વ ધરાવતું હતું. હડપ્પાનાં કેટલાંક લક્ષણો ઐતિહાસિક કાળમાં ઊતરી આવ્યાં તેમાં શંકા નથી.

## 9.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**આર્યો :** લોકોનો એક સમૂહ જે ઇન્ડો-યુરોપીઅન ભાષાઓ જેવી કે સંસ્કૃત, લેટિન, ગ્રીક વગેરે બોલતો.

**કાંપ :** વહેતી નદીએ કિનારે એકત્ર કરેલી વસ્તુઓ.

**ગેરુઆ રંગનાં માટીનાં વાસણો :** આ વાસણો ગંગાના ઉપરનાં મેદાનોમાંથી મળ્યાં. પ્રાચીન ભારતીય ઐતહાસિક વાસણોના થરની નીચેથી મળી આવ્યાં.

**જીવસૃષ્ટિવિદ્યા :** પર્યાવરણના સંબંધમાં છોડ અથવા પશુઓ અને લોકો તથા તે સબંધિત સંસ્થાઓનો અભ્યાસ.

**ટેકટોનિક અપલિફ્ટ (Tectonic Uplift) :** મોટા ભાગની જમીનની સપાટી ઊંચી આવવા સંબંધિત પ્રક્રિયા.

**દાસ અને દસ્યુ :** ઋગ્વેદમાં ઉલ્લેખાયેલા લોકો, આર્યો તેમના સરદારો સાથે ઘર્ષણમાં હતા.

**પછીની સપાટીઓ :** ઉત્ખનિત પુરાતત્ત્વીય સ્થળોને તેમના યુગસમય મુજબ થરો કે વસાહતો પ્રમાણે તેનું વિભાજન કરવામાં આવે છે. આ પ્રમાણે પછીના કે ધ્દ્ધ્ત્ત્હડ્મ્દ વસાહતોની સપાટી સ્થળની ટોચની લગભગ પાસે હોય અને સૌથી જૂની સપાટી સૌથી નીચે હોય.

**મરુ :** સૂકું.

**મહાન દુર્ઘટના :** વિનાશક હોય તેવી ઘટના.

**રહેઠાણના થરો :** ઉત્ખનન કરેલી જગાની દરેક સપાટીએ માટીનાં વાસણો વગેરેના સ્વરૂપે પુરાવો હોય તે બતાવે છે કે આ સ્થળે ભોગવટો હતો. આ થરો જે ભોગવટાના થરો કહેવાય છે.

## 9.10 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. (1) 2 (4) 3 જુઓ પેટા વિભાગ 9.3.4. તમારા જવાબમાં ચીજો અને લેખિત પુરાવા એમ બન્ને દાખલ કરો.

### તમારી પ્રગતિ તપાસો (ખ)

1. (4) 2 (4) 3 જુઓ વિભાગ 9.7. હડપ્પન પ્રણાલીના સાતત્યના મુદ્દાઓ તમારા જવાબમાં કહેવા જોઈએ.

## કેટલાંક ઉપયોગી પુસ્તકો (Some Useful Books)

Bridget and Allchin, *The Rise of Civilizations in India and Pakistan,* Select Book Service, New Delhi. 1988

D.P. Agrawal and D.K. Chakrabarti (ed.), *Essays in Indian Proto-History*, New Delhi 1979.

John Marshall, *Mohenjodaro and Indus Civilization*, Volumes I and II, 1973 (Repriut)

B.B.Lal and S.P. Gupta (ed.), *Frontiers of the Indus Civilization*, New Delhi, 1982.

R.E.M. Wheeler, *The Indus Civilization,* London, 1968.

D.D. Kosambi, *The Culture and Civilization of Ancient India in its Historical Outline*, Vikas, New Delhi, 1987.

હડપ્પન સભ્યતાની કેટલીક મુદ્રાઓની આકૃતિઓ.











